

કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ

તંત્રી • ધીરુ પરીખ • માર્ચ ૧૯૯૯ • વર્ષ ૭૨ મું

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક • અંક - ૮૫૪

વનરાજિ • તસવીર : હેમેન્દ્ર એ. શાહ



ગોષ્ઠ

(કાંગડા શૈલી)

શ્રી કાર્લ ખંડાલાવાલાના સંગ્રહના સૌજન્યથી

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH
Phone : 2143745
પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સર્વલક્ષી સામયિક
An Encyclopedic Family Magazine of High Taste
1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક રહ્યા છો. આપ એ પણ જાણો છો કે 'કુમાર'ને પંચોતેર વર્ષ પૂરાં થશે. કલાગુરુ રવિશંકર રાવળે સ્થાપેલું અને પીઢ પત્રકાર બચુભાઈ રાવતે સંવર્ધેલું 'કુમાર' માસિક, વચ્ચે ત્રણેક વર્ષના વિરામ સિવાય, એકધારું સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય (ઇન્સાઇક્લોપીડિક) કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. અમને શ્રદ્ધા છે કે એનું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના વિશિષ્ટ અવસરે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ જો ગ્રાહક તરીકે બંધ હો તો આપનું લવાજમ રૂ.૧૦૦ મોકલી આપી આપનું ગ્રાહકપદ તાજું કરાવી લેશો. આપ જો ગ્રાહક તરીકે ચાલુ હો તો નવા વર્ષનું લવાજમ મોકલી આપી ગ્રાહકપદ તાજું રાખી આ સંસ્કારપત્રને પ્રોત્સાહક થશો.

પરદેશનું લવાજમ હવાઈમાર્ગે રૂ.૭૫૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. લવાજમનો ડ્રાફ્ટ / ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેક ઉપર રૂ.૧૫=૦૦ બૅન્ક - કમિશનના ઉમેરીને (રૂ.૧૦૦ + ૧૫ = ૧૧૫) લવાજમ મોકલશો. લવાજમ મની ઑર્ડરથી મોકલવું વધુ સરળ અને સસ્તું રહેશે.

આ અવસરે એક બીજી પણ ખાસ વિનતિ કે આપ એક નવા ગ્રાહક મેળવી આપી આપનો સદ્‌ભાવ સક્રિય રીતે પ્રકટ કરશો.

અમને શ્રદ્ધા છે કે અમારી આ અપીલનો આપના તરફથી સાનુકૂળ પ્રતિભાવ સાંપડી રહેશે.

આપના આગોતરા આભાર સાથે.

'કુમાર'નો ૭૫મા વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આ અંકથી 'કુમાર' ૭૫મા વર્ષમાં પ્રવેશે છે એ નિમિત્તે 'કુમાર'ચાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.

સ્થાનસમર્પિત આખું પાનું રૂ.૧૦૦૦/-, અડધું પાનું રૂ.૫૦૦/-

આ પાન પર જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.

આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

સ્નેહાધીન

[signature]

તંત્રી : 'કુમાર'

હીરાલાલ હરિલાલ ભગવતી (ચેરમેન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

હે મારા દુર્ભાગી દેશ

(દેશવાસીઓના એક સમૂહને દીનહીન અને દલિતપતિત રાખીને કોઈ દેશ આગળ વધી શકતો નથી. અને દલિત-પતિતની સાથે દેશ પણ ધૂળભેગો જ થાય છે. કવિ કહે છે કે જે બીજા મનુષ્યની ઘૃણા કરે છે તે મનુષ્યમાં વસતા ભગવાનની ઘૃણા કરે છે અને પોતાના દુષ્કર્મના ફળરૂપે સામી ઘૃણા જ પામે છે; પદદલિતને માથે ચડાવ્યા વિના તેનો છૂટકો જ નથી - જો એણે જીવવું હશે તો)

હે મારા અભાગિયા દેશ, જેમનું તેં અપમાન કર્યું છે, તેમના જેવું જ અપમાન તારે વેઠવું પડશે. મનુષ્યના અધિકારથી જેમને તેં વંચિત રાખ્યા છે, જેમને તેં સામે ઊભા રાખ્યા, પણ ખોળામાં લીધા નહિ, તેમના જેવું જ અપમાન તારે પણ વેઠવું પડશે.

મનુષ્યના સ્પર્શને રોજ રોજ દૂર રાખીને તેં મનુષ્યના પ્રાણમાં વસતા ભગવાનનો તિરસ્કાર કર્યો છે. હવે વિધાતાના રોષનો ભોગ બની દુકાળિયા બની તારે બધાંની સાથે વહેંચીને ખાવુંપીવું પડશે અને બધાના જેવું જ અપમાન તારે પણ વેઠવું પડશે.

તારા આસન પરથી તેં તેમને ધકેલી કાઢ્યા તે સાથે તારી શક્તિ પણ ધકેલાઈ ગઈ છે. હવે તો પદદલિત થઈને તેઓ જ્યાં ધૂળભેગાં થઈ વહી જાય છે ત્યાં તારે પણ ઊતરી આવવું પડશે. એ વિના તું બચવાનો નથી. આજે બધાંના જેવાં જ અપમાન તારે સહેવાં પડશે અને અપમાનિત થઈને બધાંનાં સરખા થવું પડશે.

જેને તું નીચે નાખે છે તે તને પણ નીચે પટકી રાખશે. જેને તું પાછળ રાખે છે તે તને પણ પાછળ ખેંચી રાખે છે. અજ્ઞાનના અંધકારની આડશે તું જેમને ઢાંકી રાખે છે તે ભયંકર આડશ બની તારા મંગલને ઢાંકી રાખે છે.

સેંકડો સૈકાઓ થયાં તારે માથે અપમાનનો બોજો લદાયો આવે છે, તો પણ તું મનુષ્યમાં વસતા નારાયણને નમસ્કાર કરતો નથી; તો પણ તું દીનહીન-પતિતના ભગવાન ધૂળમાં રગદોળાય છે તે આંખો નીચી કરી જોતો નથી. પણ ખસૂસ જાણ કે તારે પણ ત્યાં સૌના સરખું જ અપમાન વેઠવાનું છે અને અપમાનિત થઈ સૌના સરખા થવાનું છે. (ગીતાંજલિ)

રવીન્દ્રનાથ ટાગોર

(અનુવાદ : નગીનદાસ પારેખ)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૨મું

અંક ૩

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

માર્ચ ૧૯૯૯

કુમાર સળંગ અંક ૮૫૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૯, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટીજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦,
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૨૭૦ અને પાંચ વર્ષના રૂ.૪૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૨ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

તોડીને ગાંધાર : સૂર જરા જેટલો પણ રણઝણે ને રાગ પરખાય! 'તાંત બોલી રાગ બૂઝા' આવી કહેતી હિંદીમાં છે. પરંતુ ઉસ્તાદ બિસ્મિલ્લાખાં સાહેબ તો એથી યે આગળ છે. સૂર છેડાય એ પહેલાંથી રાગ પારખી જાણે! એક પ્રસંગ એમના જ શબ્દોમાં - 'બહુ દિવસ થયા, કલકત્તાની સંગીત કૉન્ફરન્સમાં ભાગ લેવા હું અને મારા મામૂ ટ્રેનમાં બનારસથી જઈ રહ્યા હતા. અમારા જ ડબ્બામાં મુંબઈથી ઉસ્તાદ અબ્દુલકરીમખાં જઈ રહ્યા હતા. વાતચીત થતાં એમની સાથે ઓળખાણ થઈ. મામૂ એમની સાથે વાતો કરતા રહ્યા. અબ્દુલ કરીમખાં સાહેબે પોતાના જીવનની, કુટુંબની વાતો કરી, મુંબઈ શહેરની એ જમાનાની વાતો કરી. ફક્ત સંગીતની કોઈ વાતો ન થઈ! હું મૂંગો મૂંગો સાંભળી રહ્યો હતો. મને થયું આ લોકો સંગીતની કેમ વાતો નહીં કરતા હોય? કલકત્તા આવ્યું. ઊતરીને અમે પોતપોતાના ઠેકાણે પહોંચ્યા.

ઉસ્તાદ અબ્દુલકરીમખાં સાહેબનો સવારનો પહેલી બેઠકમાં કાર્યક્રમ હતો. મામૂએ રાત્રે મને પૂછ્યું - કાલે સવારે ખાંસાહેબ કૉન્ફરન્સમાં ક્યો રાગ ગાશે? મેં કહ્યું, રેલગાડીમાં તો કાંઈ વાત થઈ નથી. શું ખબર કયો રાગ ગાશે? મામૂએ કહ્યું, તેઓ તોડી ગાશે. મેં પૂછ્યું, 'તમને કહ્યું હતું શું?' મામૂએ કહ્યું, ના, એ બાબત કંઈ વાત જ થઈ નથી. પરંતુ એમની આંખો કહી રહી હતી કે તોડીનો ગંધાર ઘૂંટાઈ રહ્યો છે! સાચું માનશો? સવારે ખાંસાહેબે તોડી રાગ જ ગાયો. તોડી રાગ ગાઈ ગજબની જમાવટ કરી કે સારા યે કલકત્તામાં તોડી ગુંજી ઊઠી! યહ હોતી હૈં નિગાહ, કિ તાંત ન બજે તો ભી રાગ બુઝ હો! આમ રાગહારી સાથે ધીરે ધીરે દોસ્તી બંધાય છે. સૂરની સાથે અદબનો સંબંધ! સૂરની સાથે પ્રાર્થનાનો સંબંધ!

એક વાર ઉસ્તાદ ફૈયાઝખાં સાહેબનું ગાયન થવાનું હતું. હું પણ ત્યાં હતો. તેઓ તાનપુરાના તાર મેળવતા હતા. મેં તબલચીને કહ્યું, ખાંસાહેબ 'ખટ' રાગ ગાશે. ખાંસાહેબે એ જ રાગ ગાયો. બધાં મારી ભવિષ્યવાણી પર ચકિત થયા હતા. તેઓએ ખાંસાહેબને આ વાત કરી. બહુ ખુશ થઈ બોલ્યા : માશાઅલ્લા! ખરા નજરપારખું છો તમે!

(કેશવચન્દ્ર વર્માના હિંદી પુસ્તક 'કોશિશ સંગીત સમઝનેકી'માંથી ગુજરાતીમાં અનુવાદ) - રમેશ શાહ (સુરત)

'કુમાર'નો ફેબ્રુઆરી ૧૯૯૯નો અંક મળ્યો છે. દિવસે દિવસે 'કુમાર'નાં રૂપરંગ મનમોહક થતાં જાય છે. અંદરની સામગ્રી ઉચ્ચ રુચિની તો હોય જ છે, તેમાં તમારી દૃષ્ટિ જુદી તરી આવે છે. ધન્યવાદ પાઠવું છું. 'કુમાર' સ્થાપના પછી ૭૫મા વર્ષમાં પ્રવેશે છે તે જાણી આનંદ થયો. યોગાનુયોગ મારું પણ આ પંચોતેરમું વર્ષ ચાલે છે. આ બન્ને તકે મારા તરફથી 'કુમાર'ને સ્થાનસમર્પિત યોજનામાં એક પાનાની જાહેર ખબર મોકલી આપું છું. - જશવંતલાલ દલાલ (અમદાવાદ)

ફેબ્રુઆરી ૧૯૯૯નો 'કુમાર'નો અંક મળ્યો. ટાઈટલ દિનપ્રતિદિન આકર્ષક થતું જાય છે. મારે વાત કરવી છે 'અર્ધનારીશ્વર' ચિત્રની. ચૈતન્ય ચટ્ટોપાધ્યાયનું આ બહુરંગી ચિત્ર પ્રથમ નજરે જોતાં ગમી જાય તેવું છે, પરન્તુ બારીકાઈથી જોતાં કળાની મર્યાદા છતી થઈ જાય છે. શંકર ભગવાનના જમણા હાથમાં બાવડે સર્પ-નાગ છે તે બરાબર પરન્તુ ડાબી બાજુનું અંગ તો પાર્વતીનું છે ત્યાં બાવડે સર્પ-નાગ હોય? વળી, ડમરું પકડેલો હાથ સહેજ નાજુક લાગે છે ત્યારે ડાબી બાજુના પાર્વતીના બન્ને હાથ સ્થૂલ છે. એ હાથ સ્ત્રીસહજ નાજુકાઈ કે કોમળતા વ્યક્ત કરતા નથી. શંકર ભગવાનના પગની મુદ્રા તાંડવની છે જ્યારે આંખમાં એ ભાવનો અભાવ છે. કાનમાં ફૂલ વળી નવાઈ જન્માવે છે. ગાયનું ચિત્રણ પણ સપ્રમાણ નથી. ચિત્ર અંગેની થોડી ચર્ચા. - પ્રફુલ્લ રાવલ (વિરમગામ)

પહેલી વાર સન ૧૯૨૮માં પ્રથમ 'કુમાર'નો અંક અમારા એક સ્નેહીએ આપ્યો. દૂર વસતા દુનિયાના એક ગામ મોમ્બાસામાં દર ૧૫ દિવસે જ્યારે બોટ આવે ત્યારે ૧૯૨૮ની સાલમાં અમારે ત્યાં બૉમ્બેની પોસ્ટ આવે ને ત્યારે વાચનની ભૂખ શમે. આતુરતાપૂર્વક પોસ્ટમૅનની રાહ જોઈએ. 'શારદા', 'ગુણસુંદરી', 'વીસમી સદી', 'ગુજરાત' આ બધાંમાં 'કુમાર' આવે ત્યારે પહેલું તે ખોલીએ અને એ જે પહેલી પ્રીત થઈ તે આજ સુધી ચાલુ રહી છે. વચ્ચે જ્યારે 'કુમાર' બંધ થયું ત્યારે ખાલીપો લાગતો. દેશદેશની મુલાકાતો, જૂનાં મંદિરોની ભવ્યતા આ બધું જાણવાની પીપાસા 'કુમારે' તૃપ્ત કરી છે. આફ્રિકા છોડી બૅંગલોર આવતાં પણ તેનો સાથ છૂટ્યો નથી. જીવનના આજ આઠ દાયકા વીતી ગયા છે, પણ બાળપણના ભેરું 'કુમાર'નો સાથ અંત સુધી રહે ને 'કુમાર' શતકના શતક પૂર્ણ કરે એવી અભિલાષા. - સવિતા નથવાણી (બૅંગલોર)

'ટર્મિનેટર ટેક્નોલૉજિ'ને આવતાં દાયકા લાગશે. ત્યાં સફેદ માખી (કીટ)થી બચાવતા કપાસના બિયારણનો વિરોધ શા માટે? વિદર્ભ બહાર વિશ્વનો સૌથી જૂનો-મોટો કપાસનો વિસ્તાર છે અને ઊપજ સૌથી નીચે એની ચિંતા કરો કે આપણે ક્યાં પાછળ પડ્યા. આંધ્રના ખેડૂતે ૩સો ૪સો કપાસના પાકમાં સફેદ માખીને લીધે નુકસાન થતાં આપઘાત કર્યો. ત્યાં નવી ટેકનોલૉજિનો વિરોધ શા માટે? ઇજિપ્ત સુધ્ધાં આ બીજ વાપરે છે. અમેરિકા અબજ રૂપિયાનાં ભારતનાં ટામેટાનાં બીજ લે છે. ભારતના સંશોધનકારોને તક આપો, ઓછા ના આંકો. - વિરચંદ શાહ (સિકંદરાબાદ)

'કુમાર'ના પ્રથમ વર્ષથી ૮મા વર્ષ સુધીની ફાઈલો ખરીદવી છે. પત્રવ્યવહાર આ સરનામે કરશો : ન્યાલચંદભાઈ શાહ, ૬૭/ લાવણ્ય સોસાયટી, નવા વિકાસગૃહ રોડ, વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭

સુધારો : ડિસેમ્બર '૯૮ના વાર્ષિક સાંકળિયામાં કવિતા વિભાગમાં 'જોયું હતું (હરદ્વાર ગોસ્વામી) પૃ.૫૬૩' ઉમેરવું.

થૂઈ-થપ્પા / દેવેન્દ્ર દવે

(પૃથ્વી • સૉનેટ)

પડે ટણણ... ઘંટ જ્યાં ચરણ વેગ વંટોળ-શાં
પળે ઘરભણી તદા સકલ બોજ તો સ્કંધનો
વિમુક્ત પળવારમાં, પટમહીં જતાં ખેલવા !
ચગે રમત : લંગડી, ક્વચિત ખો, કદી કબ્બડી,
બનંત મશગૂલ-શાં ત્વરિત થાક અભ્યાસનો
સરે !- 'હજીય કાઢવું મગજ-માખણે શેષ 'લ્યા !'
ક્ષણેક વીસરી જતાં, શ્વસન ફેફસે માય ના,
વિરામ કરવા ઘડી કરત 'થૂઈ-થપ્પા' ભલા !

રમ્યાં રમત ઓ પ્રભો ! તવ નિશાળથી નીસરી
અમે અખિલ જિંદગી અહીં-તહીં બધે દોડમાં
ભમેલ મન ચાહતું : ચલ જરાક વિશ્રાંતિ લૌં !
નવી રમત માંડશું ચરણ-થાકને વીસરી,
ઘડી મરણ નામની ગણીશ 'થૂઈ-થપ્પા' જરી?
- અગાધ બળ-હોંશથી જીવન-ખેલ જામે ફરી.

આંખોમહીં / યોસેફ મૅકવાન

(ગઝલ)

ધાર્યું નહોતું ને તોય તે આખર ઊગી ગયાં
આંખોમહીં ફણગાઈને મૃગજળ ઊગી ગયાં.

વાતાવરણ તો ખુશનુમા વ્યાપી રહ્યું હતું -
ત્યાં માવઠાનાં ક્યાંથી આ વાદળ ઊગી ગયાં ?

આ એમના સંબંધની જીવતી નિશાની છે,
મારી નજરની ડાળ પર ઝાકળ ઊગી ગયાં.

આ પેનમાંની શાહી તો છે વિશ્વની નદી;
એને તટે વૃક્ષો નહીં, કાગળ ઊગી ગયા.

એની હયાતી કાળથી ના થૈ શકી સહન
'યોસેફ' એકલતા તણા બાવળ ઊગી ગયા.

વિસ્મય / 'શૈલ' પાલનપુરી

(મુક્તક)

જ્યાં નરી નફરત હતી ત્યાં આજ દીઠી સ્નેહફાળ
આટલો ક્યાંથી અચાનક એમના હૈયે ઉછાળ ?
કેમ એકાએક દુનિયા ચાહવા લાગી મને
સાવ પાસે તો નથી કૈં 'શૈલ' મારો અંતકાળ ?

ઉત્તર લખ્યો / મનહરલાલ ચોકસી

(ગઝલ)

ધ્રૂજતા હાથે તમે જે પત્રનો ઉત્તર લખ્યો,
અશ્રુબિંદુમાં સરકતો એક મ્હાસાગર લખ્યો.

બહુ વિશેષણમાં મને તો ગંધ આવે દંભની,
માત્ર મારું નામ આલેખી તમે આદર લખ્યો.

હાલ મારા દર્દનો તેં તો પુછાવ્યો પ્રેમથી,
ને પછી મેં દર્દના ઈતિહાસનો ડુંગર લખ્યો.

આપના અંતરમાં આપે સ્નેહથી સ્થાપ્યો મને,
તો ફરિશ્તાએ મને હંમેશનો બેઘર લખ્યો.

મેઘરાજાને તો તેડું જોઈતું'તું - ઊમટ્યા,
પત્ર આ તાપીનદીએ એક વાદળ પર લખ્યો.

દશે દિશાઓ ઝીલે... / ઊજમશી પરમાર

(ગાન)

રણઝણ રણઝણ થતો ભીતરે રહ્યો સૂર કો બાજી,
આજ ચહો તે લિયો લખાવી, બધી વાતમાં રાજી.

રોમરોમના છેદછેદ પર કોના હોઠ મંડાયા?
સૂરધારા લખ વહી નીકળે, સુણો ધ્યાનથી ભાયા.

રહો સંચરી સકળ ભુવનમાં, કાં બંધાયા ખીલે?
જરી સૂર જો કાઢો, સામે દશે દિશાઓ ઝીલે.

વહે મોકળું ગાન, દબાવ્યે જાય ન દાબ્યું,
ખૂણે ચહો ગણગણવા, ગુંજે ઠેરઠેર છતરાયું.

ટુકડો એક અલાપું, મુજને વધુ કાંઈ ના ફાવે,
અરે એટલું અમથું, સાગર ગીતો ના છલકાવે.

છોડ્યું છૂટે છે... / મનસુખ લશ્કરી

(ગાન)

છોડ્યું છૂટે છે આભ થોડું ચાંદથી ?
આંખ અમથી બેઠી છે મીટ માંડતી.

દઈણું લઈ બેસું ત્યાં... ડૂંડાં દેખાય
વાડી સંભારું ત્યાં કૂંડાં દેખાય
છીછરાં જળ સા...વ તોય ઊંડાં દેખાય
ગામ-પાધર નદીનાં નીર રૂડાં દેખાય
શ્હેર થૈ સૂતા રસ્તાઓ ભૂંડા દેખાય
બેઠી ખાંડણિયે વાત મને ખાંડતી...
આંખ અમથી બેઠી છે મીટ માંડતી.

નથી ઊમરો ઠેકીને જતી-આવતી
નથી સખીઓમાં ઠેકડી ઉડાવતી
ચાલ અલ્લડ છોડીને સમું ચાલતી
કૂણી લાગણિયું તડકે સંતાડતી
ઝીલી બેઠી પીળાશ પાંદપાંદથી
આંખ અમથી બેઠી છે મીટ માંડતી
છોડ્યું છૂટે છે આભ થોડું ચાંદથી ?

આ વર્ષે જેમની જન્મશતાબ્દી ઉજવાઈ રહી છે તે ભૌતિક વિજ્ઞાની

ડૉ. કે. એસ. ક્રિશ્નન

પ્રહ્લાદ છ. પટેલ

છેલ્લાં આશરે ત્રણસો વર્ષથી વિજ્ઞાન, પ્રૌદ્યોગિકી પ્રાવિધાન, સંસ્કાર અને સાહિત્ય ક્ષેત્રે કલકત્તાએ અભૂતપૂર્વ ફાળો નોંધાવ્યો છે. તેની પ્રતીતિરૂપે કહી શકાય કે ભારતને મળેલા ચાર નોબેલ પુરસ્કાર કલકત્તા ખાતે ગયા છે. (એસ. ચંદ્રશેખર અને હરગોવિંદ ખુરાના ભારતમાં જન્મેલા પણ અમેરિકન નાગરિક તરીકે આ પુરસ્કાર મળેલ.) સાહિત્ય માટે કવિવર રવીન્દ્રનાથ ટાગોરને ૧૯૧૩માં, સુએઝ કેનાલની આ પાર વિજ્ઞાનક્ષેત્રનું સર સી.વી.રામનને ૧૯૩૦માં, શાંતિ માટે મધર ટેરીઝાને ૧૯૭૯માં અને છેલ્લે છેલ્લે અર્થશાસ્ત્રના વિષયે ડૉ. અમર્ત્ય સેનને ૧૯૯૮માં.

વીસમી સદીના પ્રથમ ત્રણ દસકા, અન્ય વિજ્ઞાન વિષયોની તુલનામાં, ભૌતિકવિજ્ઞાન માટે ભવ્ય અને જ્વલંત રહ્યા છે. વીસમી સદીના પ્રારંભમાં જ્યારે સાપેક્ષવાદ, ક્વૉન્ટમ યાંત્રિકી, પરમાણુ અને ન્યૂક્લિઅર વિજ્ઞાનનો ઉદય થઈ રહ્યો હતો ત્યારે ભારતે પણ આ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી બજાવી છે. સર સી.વી. રામન, મેઘનાદ સહા, સત્યેન્દ્રનાથ બોઝે આ ભવ્યતામાં વિશિષ્ટ પ્રદાન કર્યું છે. આ પંક્તિમાં ચોથું નામ ઉમેરવાનું હોય તો તે કરિયામનિક્કમ શ્રીનિવાસ ક્રિશ્નન (કે.એસ. ક્રિશ્નન)નું આવે. ચાલુ સાલે તેમની જન્મશતાબ્દીની



ઉજવણી શરૂ થઈ છે. અદ્યતન સાધનોનો અભાવ હોવા છતાં આ પેઢીના વિજ્ઞાનીઓએ ઐતિહાસિક પ્રગતિ કરી છે તે બેમિસાલ છે. તેમણે જે કાંઈ ઉપલબ્ધ કર્યું છે તે બધું તેમનાં નિજી અને સ્વદેશી સાધનો વડે, એમ નિર્વિવાદપણે કહી શકાય.

પ્રથમ પંક્તિના ભૌતિકવિજ્ઞાની ડૉ. કે.એસ. ક્રિશ્નનનો જન્મ ૪ ડિસેમ્બર, ૧૮૯૮ના રોજ તામિલનાડુના તિરૂનેલવેલિ જિલ્લાના વત્રય મુકામે થયો હતો. પોતાના વતન અને નજીકના ગામમાં તેમણે પ્રાથમિક શિક્ષણ લીધું હતું. ત્યાર બાદ તે શ્રીવિલીપુરની હિન્દુ ઉચ્ચ શાળામાં જોડાયા. મૅટ્રિક થયા બાદ શ્રી ક્રિશ્નને મદુરાઈની અમેરિકન કૉલેજમાં (૧૯૧૪-૧૯૧૬) અભ્યાસ કર્યો. ત્યાર બાદ મદ્રાસની ક્રિસ્ચ્યન કૉલેજમાં (૧૯૧૬-૧૯૧૮) અભ્યાસ કરીને બી.એ.ની ઉપાધિ મેળવી.

૧૯૧૮થી ૧૯૨૦ વચ્ચે તેમણે મદ્રાસ ક્રિસ્ચ્યન કૉલેજના રસાયણશાસ્ત્ર વિભાગમાં નિર્દેશક તરીકે કાર્ય કર્યું. ત્યાં તેમણે 'વિજ્ઞાન વિચારવિમર્શ' કલબ શરૂ કરી. આ કલબ લંચના સમયે પ્રવૃત્ત થતી અને તે સમય દરમિયાન ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતના વિષયે ખુલ્લી ચર્ચાઓ કરવામાં આવતી. અંદરોઅંદર સવાલ-જવાબ થતા, આનુષંગિક કૂટ-પ્રશ્નોના ઉકેલ શોધવામાં આવતા. આ કલબનો પ્રયોગ એટલો બધો સફળ થયો કે તેનો ઓરડો ખીચોખીચ ભરાઈ જતો. ઉપરાંત અન્ય કૉલેજના વિદ્યાર્થીઓ પણ તેમાં ભાગ લેવા આવતા. આજની અધ્યાપક કે વિદ્યાર્થી આલમને આ વાત ગળે નહીં ઊતરે પણ તે એક નક્કર હકીકત છે.

૧૯૨૦માં કોડાઈકૅનાલની વેધશાળામાં વિજ્ઞાની તરીકે નિમણૂક મેળવવા પ્રયત્ન કર્યો. આ સંસ્થાના નિયામક જહૉન એવરશેડ ક્રિશ્નનને આ વેધશાળામાં લેવા માટે ખૂબ જ આતુર હતા. પણ શાસનના વંટોળમાં તેમનો પત્તો પડ્યો નહીં. આપણી સરકારોના શાસન-તંત્રએ કેટલાક વિજ્ઞાનીઓના ભોગ લીધા છે અને કેટલાકને ભારત છોડી જવા મજબૂર કર્યા છે. શાસનની જડતા અને આડોડાઈને કારણે જેમણે ભારત છોડ્યું છે તે બધાએ એવરેસ્ટની ઊંચાઈ જેટલી પ્રગતિ કરી ઇતિહાસ રચ્યો છે. ક્રિશ્નન આ વેધશાળામાં જોડાઈ શક્યા નહીં, પણ તેમણે ભારત છોડ્યું જ નહીં. આ સમયે કલકત્તા યુનિવર્સિટીમાં ભૌતિક અને રસાયણવિજ્ઞાનમાં અનુસ્નાતક કેન્દ્રો શરૂ થયાં હતાં. કલકત્તા યુનિવર્સિટી સ્કૂલમાં શ્રી રામન પ્રાધ્યાપક તરીકે કાર્ય કરતા હતા. પ્રો. રામનના નામ અને કામથી આકર્ષાઈ શ્રી ક્રિશ્નન યુનિવર્સિટીમાં ગયા. શુદ્ધ વિજ્ઞાનના ક્ષેત્રે સંશોધન શરૂ કર્યું. ૧૯૨૦માં શ્રી ક્રિશ્નને યુનિવર્સિટી કૉલેજમાં એમ.એસસી.નો અભ્યાસ શરૂ કર્યો. પ્રો. રામન ભૌતિક વિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે નિયમિત રીતે વ્યાખ્યાનો લેવા આવતા હતા. પ્રો. રામન સાથેનો સંગ અને સમય શ્રી ક્રિશ્નન માટે અતિ પ્રોત્સાહક પુરવાર થયો. પરિણામે આ





↑ સર સી.વી. રામન

← વિજયનગરમ્ પ્રયોગશાળા

મહાન શિક્ષક એ વિજ્ઞાનીના માર્ગદર્શન હેઠળ સંશોધન કરવાનો તેમણે નિર્ધાર કર્યો. ૧૯૨૨માં એમ.એસસી.ની પરીક્ષામાં બેસવાને બદલે શ્રી ક્રિશ્નને ૧૯૨૩માં ઇન્ડિયન ઍસોસિયેશન ફૉર કલ્ટિવેશન ઑવ્ સાયન્સ (આઈ.એ.સી.એસ.) ખાતે પ્રો. રામનના માર્ગદર્શન હેઠળ સંશોધક શિષ્ય થવાનું પસંદ કર્યું.

૧૯૨૪ અને ૧૯૨૫માં પ્રો. રામન યુરોપ અને અમેરિકા ગયા ત્યારે શ્રી ક્રિશ્નને કલકત્તા ખાતે વિવિધ વિષયો ઉપર સંશોધન કાર્ય શરૂ કર્યું. વિવર્તન, ધાતુના ગોળા અને તકતીઓ દ્વારા પ્રકાશનું પ્રકીર્ણન, વિદ્યુત અને ચુંબકીય ક્ષેત્રોના પ્રભાવ હેઠળ વાયુ અને પ્રવાહીઓના વક્રીભવનને લગતા ગુણધર્મોનો અભ્યાસ શરૂ કર્યો. આ સમય દરમિયાન તેમણે સ્વતંત્ર અને મૌલિક સંશોધન કરીને પોતાની આગવી છબી ઉપસાવી. પ્રો. રામને પરદેશથી પાછા આવી શ્રી ક્રિશ્નનનું સંશોધન કાર્ય જોયું ત્યારે તે અત્યંત પ્રભાવિત થયા. પ્રો. રામને ૧૯૨૫માં શ્રી ક્રિશ્નનને IACSમાં સંશોધન સાથીનું પદ આપ્યું જે તેમણે ૧૯૨૮ સુધી નિભાવ્યું.

મંદ પ્રસ્ફુરણ જે પાછળથી 'નવા જ પ્રકારનું ગૌણ વિકિરણ' તરીકે ઓળખાયું તેની નોંધ સૌપ્રથમવાર ૧૯૨૮માં ડૉ. કે.આર. રામનાથને કરી હતી. ડૉ. રામનાથન પ્રો. રામનના બીજા સંશોધન સાથી હતા અને વેધશાળાઓના મહાનિયામકપદેથી નિવૃત્ત થયા પછી તે અમદાવાદની ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા-(પી.આર.એલ.)ના નિયામકપદે આરૂઢ થયા હતા. ક્રિશ્નને તે જ ઘટના ૧૯૨૫માં શ્રેણીબદ્ધ પ્રયોગોમાં પ્રત્યક્ષ રીતે નિહાળી હતી.

પ્રો. રામન પ્રકાશના પ્રકીર્ણનની બાબતે ભારે દિલચસ્પી ધરાવતા હતા. પરિણામે થોડાક સમય પહેલાં શોધાયેલ કૉમ્પ્ટન ઘટનાને અનુરૂપ પ્રકાશીય પ્રકીર્ણનની ઘટના હોવી જોઈએ તેવી તેમની દૃઢ માન્યતા હતી. (કૉમ્પ્ટન ઘટના મુજબ ઉચ્ચ ઊર્જાવાળો ક્ષ- કિરણનો ફોટોન સ્થિર ઇલેક્ટ્રોન સાથે અથડાય ત્યારે બંને જુદી જુદી દિશામાં વિખેરાય છે. અને વિખરાયેલા ફોટોનની ઊર્જામાં ઘટાડો થાય છે) આવી જ પ્રકીર્ણનની ઘટના દૃશ્ય પ્રકાશ માટે પણ મળવી જોઈએ. ક્ષ-કિરણનો ફોટોન દૃશ્ય પ્રકાશના ફોટોન કરતાં ઘણી વધારે ઊર્જા ધરાવતો હોય છે.

૧૯૨૮ના ફેબ્રુઆરીમાં શ્રી ક્રિશ્નને શ્રેણીબદ્ધ પ્રયોગો કર્યા. આ બધાની તેમણે રોજનીશી બનાવી. રામન ઘટના ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૨૮ના રોજ શોધાઈ. 'નેચર' સામયિકના ૧૯૨૮ના ફેબ્રુઆરીના અંકમાં આ સંશોધન લેખના લેખકો તરીકે પ્રો. રામન અને પ્રો. ક્રિશ્નનનાં નામો છે. આ શોધ માટે પ્રો. રામનને ૧૯૩૦નો ભૌતિકવિજ્ઞાનનો નોબેલ પુરસ્કાર મળ્યો. આ પુરસ્કાર બાબતે કેટલોક વિવાદ ચાલે છે. આ શોધના શોધક પ્રો. રામન અને પ્રો. ક્રિશ્નન હોય તો બંનેને ભાગીદારીમાં તે મળવો જોઈએ. આ બાબતે સ્પષ્ટતા કરતાં રામન કહે છે કે, 'માત્ર ૧૯૨૮ના શ્રેષ્ઠ કાર્ય ઉપર જ ૧૯૩૦નો નોબેલ પુરસ્કાર અપાયો હોત તો શ્રી ક્રિશ્નન જરૂર આ પુરસ્કારના ભાગીદાર હોત, પણ કલકત્તા ખાતે ૧૯૨૧થી શરૂ કરેલા મારા કાર્ય ઉપર આ પુરસ્કારનો આધાર હતો.'

શ્રી ક્રિશ્નને આઈ.એ.સી.એસ. ખાતે તેમના માર્ગદર્શન હેઠળ કરેલા સંશોધન બદલ એમ.એસસી.ની ઉપાધિ અદા કરવા માટે મદ્રાસ યુનિવર્સિટીના કુલસચિવને રામને ભલામણ પત્ર ૧૯૨૯માં લખ્યો, જેના ફળસ્વરૂપે તેમને આ ઉપાધિ આપવામાં આવી. ૧૯૨૮માં શ્રી ક્રિશ્નન ઢાકા ખાતે ભૌતિક વિજ્ઞાનના રીડર તરીકે જોડાયા. ત્યાં તેમને (બોઝ - આઈન્સ્ટાઈન સાંખ્યિકીવાળા) પ્રો. સત્યેન્દ્રનાથ બોઝ અને તેમના ખાસ ગણિતજ્ઞ મિત્ર ડૉ. ટી. વિજયરાઘવનનો સહયોગ મળ્યો. અહીં સહાનુભૂતિશીલ અને સાનુકૂળ માહોલમાં શ્રી ક્રિશ્નનની

બુદ્ધિપ્રતિભા ફૂલની જેમ ખીલી ઊઠી અને તેમની ખુશબો ચારે તરફ ફેલાવા માંડી. અહીં તેમણે અણુઓના ચુંબકીય ગુણધર્મોમાં પ્રવર્તતી વિષમ દિગ્ધર્મિતાના માપન માટે ચોક્કસ અને ખૂબસૂરત પ્રાયોગિક પદ્ધતિઓ વિકસાવી.

આઈ.એ.સી.એસ.ની સ્થાપના ડૉ. મહેન્દ્ર લાલ સરકારે કરેલી. અદ્‌ભુત વૈજ્ઞાનિક દૃષ્ટિ ધરાવતા સરકારે કલકત્તાને વિજ્ઞાનનું કાશી બનાવવા માટે અદ્વિતીય ફાળો આપ્યો હતો. તેથી તેમની યાદ કાયમ કરવા માટે મહેન્દ્ર લાલ સરકાર પીઠની આઈ.એ.સી.એસ.માં ૧૯૩૩માં સ્થાપના કરી. ૧૯૩૩માં નવી સ્થપાયેલી આ પીઠના પ્રાધ્યાપક તરીકે શ્રી ક્રિશ્નન કલકત્તા પાછા આવ્યા. આ જ વર્ષે પ્રો. રામન કલકત્તા છોડી બૅંગલોર ગયા. ૧૯૩૩માં મદ્રાસ યુનિવર્સિટીએ પ્રો. ક્રિશ્નનને ડી.એસસી.ની ઉપાધિ આપી. તેમના પરીક્ષકો નોબેલ પુરસ્કાર વિજેતા ડબ્લ્યુ. એચ. બ્રાગ, ઓ. ડબ્લ્યુ. રિચાર્ડસન અને ઈ. સી. સ્ટોનર હતા. ઢાકા ખાતે શરૂ કરેલું સંશોધન-કાર્ય શ્રી ક્રિશ્નને કલકત્તા પાછા આવીને આગળ ધપાવ્યું. અહીં તેમણે સૈદ્ધાંતિક અને પ્રાયોગિક રીતે ચુંબકત્વનો સર્વાંગી અભ્યાસ કર્યો. આ માટે ક્વૉન્ટમ યાંત્રિકીના અભ્યાસની અનિવાર્યતા તેમને સમજાઈ. આથી તે આ વિષય ઉપર પૂરા ઉત્સાહથી મચી પડ્યા. આ પહેલાં જર્મન ભૌતિક વિજ્ઞાની આર્નોલ્ડ શૉમરફિલ્ડનાં કલકત્તા ખાતે ક્વૉન્ટમ યાંત્રિકી ઉપર વ્યાખ્યાનો યોજાયાં હતાં. આ વ્યાખ્યાનો સાંભળ્યા બાદ તેમને આ વિષયમાં ઊંડા ઊતરવાની ઉત્તેજના થઈ અને ભણવાની લગની લાગી. ક્વૉન્ટમ યાંત્રિકી ઉપરનાં વ્યાખ્યાનોની તેમણે બનાવેલી વ્યવસ્થિત નોંધથી શૉમરફિલ્ડ અત્યંત પ્રભાવિત થયા હતા. પાછળથી શ્રી ક્રિશ્નનની નોંધવાળાં આ વ્યાખ્યાનો કલકત્તા યુનિવર્સિટીએ પ્રસિદ્ધ કર્યાં. તે પછી તેમણે ઢાકા અને કલકત્તા ખાતે ક્વૉન્ટમ યાંત્રિકીને સર્વાંગી તૈયારીઓ સાથે ઊંડા રસથી ભણાવ્યું.

સ્ફટિક નમૂનાઓની સંરચનાને આધારે ચુંબકીય ગુણધર્મો જાણવા તે જરૂરી હતું. તેમને લાગ્યું કે ઘણા ઘણા અવાહક કાર્બનિક સ્ફટિકોનું ચુંબકત્વ સમજવા માટે આણ્વિક અને સ્ફટિકીય વિષમ દિગ્ધર્મિતાઓને જોડી દેવી આવશ્યક છે. કલકત્તામાં ધાતુઓના ચુંબકીય ગુણધર્મોનો અભ્યાસ શરૂ કર્યો. દરમિયાન, ધાતુઓના ચુંબકત્વમાં મુક્ત ઇલેક્ટ્રૉનની ભૂમિકા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમના આ કાર્યને વૈશ્વિક સ્વીકૃતિ મળી. પરિણામે લંડનની રોયલ ઇન્સ્ટિટ્યૂટ, કેવેન્ડિશ, કેમ્બ્રિજ અને યુરોપની પ્રયોગશાળાઓની મુલાકાત લેવા તેમને નિમંત્રણ મળ્યાં.

૧૯૩૯થી બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. થોડાક સમય બાદ જાપાન આ વિશ્વયુદ્ધમાં જોડાયું ત્યારે કલકત્તાનું શાંત જાહેરજીવન ડહોળાઈ વેરવિખેર થવા લાગ્યું. આ સમયે કલકત્તા ઉપર બૉંબમારાનો ભય સતત તોળાતો હતો. આથી હવાઈ હુમલાઓથી બચવા માટે કેટલીક પ્રયોગશાળાઓ બંધ કરી દેવામાં આવી. પ્રો. રામન અને શ્રીક્રિશ્નનની કર્મભૂમિ એવી આઈ.એ.સી.એ.ની પ્રયોગશાળા પણ ભયમુક્ત ન હતી. આ પરિસ્થિતિમાં તંગ થયેલ શ્રી ક્રિશ્નન ૧૯૪૨માં કલકત્તા છોડીને અલ્લાહાબાદ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા. મેઘનાદ સહાએ ૧૯૩૮માં આ પદ છોડ્યું ત્યારથી આ જગા ખાલી હતી. ૧૯૪૦થી અલ્લાહાબાદ યુનિવર્સિટીના ઉપકુલપતિ એ.એન.ઝા અને વિજ્ઞાન વિદ્યાશાખાના અન્ય સભ્યો આ પદ સંભાળી લેવા માટે શ્રી ક્રિશ્નનને સતત વિનંતી કરતા રહ્યા હતા. પણ તેઓ ત્યારે આઈ.એ.સી.એસ. છોડવા તૈયાર ન હતા. યુદ્ધને કારણે કલકત્તા શહેરની પરિસ્થિતિ ભારે વણસી અને લોકો સામૂહિક હિજરત કરીને શહેર છોડવા લાગ્યા ત્યારે સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રનાં દબાણોને વશ થઈ શ્રી ક્રિશ્નન અલ્લાહાબાદ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા. લાંબા સમયથી ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપકની જગા ખાલી હોઈ આ વિભાગની કોઈએ ફિકર કરી ન હતી. પરિણામે આ વિભાગ સારો એવો પાછળ પડી ગયો હતો. વહીવટી અને શૈક્ષણિક દૃષ્ટિએ આ વિભાગને ઠીકઠીક કરી ચેતનવંતો બનાવવા માટે શ્રી ક્રિશ્નનને ભારે જહેમત ઉઠાવવી પડી. આ બધું બરાબર કરવા જતાં, ફુરસદ ન મળતાં, અલ્લાહાબાદ ખાતે તેમનું પ્રાયોગિક સંશોધન કાર્ય સ્થગિત થઈ ગયું. શ્રી ક્રિશ્નને ધાતુઓના વિદ્યુત-ગુણધર્મો ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. પરિણામે ધાતુઓની વિદ્યુત અવરોધકતાનો 'ક્રિશ્નન-ભાટિયા' સિદ્ધાંત તૈયાર કર્યો.

આઝાદી બાદ સઘન સંશોધન માટે રાષ્ટ્રિય પ્રયોગશાળાઓની સ્થાપનાનું આયોજન થયું. યુનિવર્સિટીમાં ચાલતી સંશોધન પ્રવૃત્તિઓનું ગુરુત્વ કેન્દ્ર રાષ્ટ્રિય પ્રયોગશાળાઓ બની. થોડાક અપવાદ બાદ કરતાં યુનિવર્સિટીઓમાં સંશોધનકાર્ય ક્રમશઃ ક્ષીણ થવા લાગ્યું અને તે માત્ર શિક્ષણ પૂરતું મર્યાદિત બનવા લાગ્યું. હકીકતમાં તો પાયાનું સંશોધન યુનિવર્સિટીઓમાં જ થવું જોઈએ અને ટેક્નોલૉજિનો વિકાસ રાષ્ટ્રિય પ્રયોગશાળાઓમાં થાય તે હિતાવહ છે.

૧૯૪૦માં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન સમિતિ (CSIR)ની પૂરોગામી સંસ્થા બોર્ડ ઑવ્ સાયન્ટિફિક અને ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચના સભ્ય તરીકે શ્રી ક્રિશ્નનને લેવામાં આવ્યા. રાષ્ટ્રિય કક્ષાએ સંશોધનના સંગઠન અને આયોજન બાબતે આ બૉર્ડે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. સી.એસ.આઈ.આરે. જ્યારે પ્રયોગશાળાઓ સ્થાપવાનું નક્કી કર્યું ત્યારે સઘળી કાર્યવાહી શ્રી ક્રિશ્નનને સોંપવામાં આવી હતી. ૧૯૪૭માં સ્થપાયેલ પરમાણુ-ઊર્જા પંચના સભ્ય તરીકે તેમને લેવામાં આવ્યા. ૧૯૫૮માં તેમને રાષ્ટ્રિય પ્રાધ્યાપક બનાવવામાં આવ્યા. સી.એસ.આઈ.આર. આયોજિત એસ.એસ. ભટનાગર

મેમોરિયલ એવોર્ડ સૌપ્રથમ શ્રી ક્રિશ્નનને એનાયત કરવામાં આવ્યો. રાષ્ટ્રિય ભૌતિકીય પ્રયોગશાળા (NPL)ની દિલ્હીમાં સ્થાપના થઈ ત્યારે તેના પ્રથમ નિયામક તરીકે શ્રી ક્રિશ્નનની નિમણૂંક કરવામાં આવી. અહીં તેમણે વિશિષ્ટ પ્રકારની જવાબદારી નિભાવવાની હતી, એટલે કે એન.પી.એલ. પ્રયોગશાળાએ વિવિધ ઉદ્યોગો માટે જરૂરી ટેક્નોલૉજિકલ જાણકારી પેદા કરવાની હતી. આ બાબત આદેશ સ્વરૂપ હતી. આ જવાબદારી ઉપરાંત શ્રી ક્રિશ્નન અને તેમના સાથીઓ ધાતુઓના ઉષ્મીય નિયમાંકોના અભ્યાસ માટે સ્વતંત્ર રીતે નવી પદ્ધતિઓ વિકસાવવા સફળ થયા.

એસ.કે. રૉય સાથે રહીને તેમણે અલ્કલી હેલાઈડ સ્ફટિકોનો અભ્યાસ ચાલુ કર્યો. તેમની મહેચ્છા હતી કે નિવૃત્તિ બાદ પાયાનું મૂળભૂત વૈજ્ઞાનિક સંશોધન ફરીથી હાથ ધરવું. સરકારે રાષ્ટ્રિય પ્રાધ્યાપક તરીકે તેમને માટે મંજૂર કરેલાં નાણાં આવા સંશોધન પાછળ વાપરવાં તેવું તેમણે મનોમન નક્કી કર્યું, પણ નિવૃત્તિ પહેલાં જ્યારે એન.પી.એલ.ના નિયામકપદે ચાલુ હતા ત્યારે જ, ૧૯૬૧માં હૃદયરોગના હુમલાથી તેમનું અણધાર્યું અવસાન થયું. વૈજ્ઞાનિક વિકાસના ઉષઃકાળે અને અણીના ટાણે ભારતે એક દૃષ્ટિવંત વિજ્ઞાની ગુમાવ્યો.

૧૯૫૦ થી ૧૯૫૯ દરમિયાન શ્રી ક્રિશ્નન વૈજ્ઞાનિક સંશોધન ઉપરાંત રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય પ્રવૃત્તિઓમાં ઘનિષ્ઠરીતે સંકળાયેલા હતા. ૧૯૫૫માં યુનેસ્કોની વૈજ્ઞાનિક સલાહકાર સમિતિના તે અધ્યક્ષ રહ્યા, ૧૯૫૫-૫૬માં વૈજ્ઞાનિક સંગઠનની આંતરરાષ્ટ્રિય સમિતિના ઉપાધ્યક્ષ રહ્યા અને ૧૯૫૧ થી ૧૯૫૭ના ગાળા દરમિયાન શુદ્ધ અને પ્રાયોજિત ભૌતિક વિજ્ઞાનના આંતરરાષ્ટ્રિય સંઘના ઉપાધ્યક્ષ રહ્યા. સ્ફટિકવિજ્ઞાનના આંતરરાષ્ટ્રિય સંઘના તે સ્થાપક-સભ્ય હતા. ૧૯૫૫માં યુ.એસ.ની વિજ્ઞાનની રાષ્ટ્રિય અકાદમીએ શ્રી ક્રિશ્નનને તેની વાર્ષિક સભામાં વૉશિંગ્ટન (ડીસી) ખાતે મુખ્ય અતિથિ તરીકે નિમંત્ર્યા.

ગાંધીયુગના વિજ્ઞાનીઓની એક ખાસિયત રહી છે કે કેવળ તેમના જીવન-વ્યવહારમાં નહીં પણ સંશોધન પ્રવૃત્તિઓમાં તે અણિશુદ્ધ સ્વદેશી રહ્યા છે. તેમણે જે જે અપૂર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તે બધું જ સ્વદેશી સાધનો વડે, તે છતાં જરૂરી વિકાસ માટે જરૂરી વિદેશી સાધનો માટે તેમનાં મન ખુલ્લાં રહ્યાં છે. તે બધા જ શાંતિને વરેલા હતા. વિજ્ઞાનનો ઉપયોગ સામાજિક અને રાષ્ટ્રિય ઉત્કર્ષ તથા શાંતિ માટે જ થાય તેવો આ પેઢીના વિજ્ઞાનીઓનો આગ્રહ રહ્યો હતો. આ બધી બાબતે તે રામનની જેમ જ આગલી હરોળમાં હતા. શ્રી ક્રિશ્નન શાંતિની ચળવળ સાથે તન-મનથી જોડાયેલા હતા.

અન્ય માનવતાવાદી વિજ્ઞાનીઓની જેમ શ્રી ક્રિશ્નન વિજ્ઞાનની પ્રચંડ શક્તિથી સંપૂર્ણપણે વાકેફ હતા. વિજ્ઞાનની સર્જનાત્મક શક્તિ સાથે સાથે હિરોશિમા અને નાગાસાકી ઉપરની બૉંબદુર્ઘટના બાદ વિજ્ઞાનની વિનાશાત્મક શક્તિનો સૌકોઈને પરચો થયો. આ દુર્ઘટના ન બની હોત તો પણ વિનાશના સૈદ્ધાંતિક અંદાજો કાઢવાનું કાર્ય અઘરું ન હતું. અમેરિકા એકતરફી યુદ્ધવિરામ જાહેર કરીને બીજા વિશ્વયુદ્ધનો અંત લાવી શક્યું હોત પણ તે વખતે માત્ર તે જ પરમાણુ બૉંબ ધરાવતું હતું. તેથી તે મદમાં ને મદમાં છકી ગયું હતું. આથી એક વખતે અખિલ ભારતીય-રેડિયો (AIR)ઉપરથી પ્રવચન આપતાં કહ્યું કે, 'રાક્ષસના જેટલી વધારે શક્તિ હોય તે ભલી બાબત છે પણ તેનો ઉપયોગ રાક્ષસની જેમ કરવો તે નરી જંગલિયાત ગણાય.'

૧૯૫૭-૫૮નું વર્ષ આંતરરાષ્ટ્રિય ભૂભૌતિક વર્ષ (IGY)તરીકે ઊજવવામાં આવેલ. તેના અધ્યક્ષ ડૉ. કે.આર. રામનાથન હતા. આઈ.જી.વાઈ.ના ભારતીય પ્રકરણના અધ્યક્ષ શ્રી ક્રિશ્નન હતા. તે સાથે તે વૈજ્ઞાનિક સંઘની આંતરરાષ્ટ્રિય સમિતિના ઉપાધ્યક્ષ હતા. આ બધાં પદો ઉપર રહીને તેમણે એક મજબૂત આધાર-સ્તંભ તરીકે કાર્ય કર્યું છે. અને તે રીતે તેમણે તેમની અજોડ સંગઠન-શક્તિનો પરિચય પણ કરાવ્યો છે. ભૂભૌતિક ક્ષેત્રે વિવિધ ઘટનાઓનો પ્રાયોગિક અભ્યાસ કરી તે પરત્વે ચોક્કસ પરિણામો મેળવવા શ્રી ક્રિશ્નને ભારતીય વિજ્ઞાનીઓને આખું વર્ષ કામે લગાડ્યા હતા. તેની કાર્યદક્ષતા અને સક્રિયતા જોઈને આંતરરાષ્ટ્રિય ભૂભૌતિક વર્ષની ખાસ સમિતિના અધ્યક્ષ પ્રો. સિડની ચેપમેને કહ્યું હતું કે, 'આ ઉજવણીના સફળ કાર્યક્રમોની ઉત્તમ વ્યવસ્થાનો સાચો યશ તો ડૉ.ક્રિશ્નનને ફાળે જાય છે.'

૧૯૮૮ના ડૉ.ક્રિશ્નન મેમોરિયલ વ્યાખ્યાન દરમિયાન ભૌતિકવિજ્ઞાની પ્રો. ડેવિડ શોએનબર્ગે શ્રીક્રિશ્નનની કાર્ય અને જીવનશૈલી તથા તેમની બુદ્ધિ-શક્તિને 'Sealing Wax and String' તરીકે બિરદાવી હતી. જો તે વધુ જીવ્યા હોત તો, બેશક, તેમણે ઈલેક્ટ્રોનિક સાધન-સામગ્રી અને પ્રવાહી-હીલિઅમ વગેરેને તેમના સંશોધનમાં સામેલ કર્યાં હોત. તે પણ ખરું કે તેમની પદ્ધતિઓ ખૂબ જ સરળ અને મૌલિક રહી છે. પૂરતાં નાણાભંડોળ વિના વૈજ્ઞાનિક સંશોધનનું કામકાજ શક્ય નથી એવું માનનારા આજના વિજ્ઞાનીઓ માટે શ્રી ક્રિશ્નનની કાર્યપદ્ધતિ સબળ પદાર્થપાઠ છે. તે દૃઢપણે માનતા હતા કે, વૈજ્ઞાનિક સંશોધન સમસ્યાઓના યોગ્ય ઉકેલ માટે યોગ્ય પદ્ધતિઓ અજમાવવામાં આવે તો ખરાબમાં ખરાબ પરિસ્થિતિમાં પણ ઉત્તમ કાર્ય સિદ્ધ કરી શકાય છે. શ્રી ક્રિશ્નનનું જીવન-કાર્ય તેનું જ્વલંત ઉદાહરણ છે. □

સર્કસ

સુરેશ ઓઝા

ખમીસના ગાજમાં આંગળી ભરાવી ભરાવી તે હવે બટન બીડી ન શકાય તેવું થઈ ગયું હતું. આવી તેને કેમ ટેવ પડી ગઈ હતી તે તે જાણતો ન હતો. પણ ગાજમાં આંગળી ભરાવી ગાજને રમાડ્યા કરે ત્યારે પોતે સ્થિર હોય ને મનને સહારો મળતો હોય તેવું લાગતું.

આવું જ બટનનું હતું. બટન સહેજ લૂસ થાય કે આંગળિયો મંડે તેને રમાડવા ને બટન લબડી પડે પછી રહેવાય નહિ એટલે તોરમાં ને જુસ્સામાં ખેંચી કાઢે.

તેની બા વારંવાર કહેતી, 'ગાજ-બટન સાથે તારે શું દુશ્મનાવટ છે?'

ત્યારે દુશ્મનાવટનો અર્થ તે સમજી ગયો હતો. બાપા! તેમને દુશ્મન તો કેમ કહેવાય? દુશ્મન પણ સારો હોય. તેને હજી દુનિયાની લંબાઈ-પહોળાઈનો ખ્યાલ ન હતો. તેની ઉંમર આઠ-નવની હશે.

ઘર, બા, બાપા, બહેન, ભાઈ અને આગળ વધો તો શેરીના રમલો, કાન્તિયો, જગલો અને બિપલો તેની દુનિયામાં સમાતા. ગરિયાટાણી, લગ્ગીટાણી, પતંગટાણી, આંમ તેની દુનિયા વિસ્તરતી જતી હતી.

પણ સાંજે? તો ઘર. સવારે? તો ઘર. નિશાળ ન હોય ત્યારે પણ ઘર. નિશાળ સાથે તેને બનતું ન હતું. એટલે બાપા સાથે પણ. નાપાસ થાય, કંઈ ન આવડે ને માર ખાય: 'ગમાર, ઢોર, ઠોઠ, ભીખ માગવી છે?' એવા શબ્દો બાપાના સાંભળતાં સાંભળતાં બેત્રણ થપાટ ખાવી તો મામૂલી હતી.

ત્યાર પછી બા કહેતી, 'આવું નો કરતો હોય તો!'

'શું નો કરતો હોય તો? આ કર. આમ ન કર. પેલું કર. પેલું કરી નાખ્યું? ભાઈબંધનું શું કામ છે? ભણ. ચોપડી ઉઘાડી નથી આજે. તારું થવા શું બેઠું છે?' આવા આવા શબ્દોથી દિવસ શરૂ થતો ને પૂરો થતો. નવું કંઈ જ ન હતું. તેની ચડ્ડી ને ખમીસ આ બાબતનાં સાક્ષી હતાં. ચડ્ડી-ખમીસ સિવાય તેણે હજી સુધી કંઈ પહેર્યું નથી, દિવાળીમાં પણ નહિને! એટલે ગાજ અને બટન તરફ તે વળી ગયો હતો - ઝનૂન ખાળવા.

પણ હવે નવું થવાનું હતું કંઈક.

તે આમ તો એકલો એકલો જ રખડતો. રખડતો એટલે ફરતો. જ્યારે તે આમ ફરતો હોય રસ્તા પર, ગલીઓમાં કે તળાવની પાળ પર ત્યારે મનમાં કંઈક વિચિત્ર ને અવનવી ફૂલઝડી ફૂટ્યા કરતી. ગાજમાં આંગળી ખસી જતી કે બટન આંગળીઓ વચ્ચેથી છૂટી જતું ને તે કંઈક અજાયબ રીતે પોતાની જાતને જોતો. પરીકથામાં આવે એવું કંઈ જ નહિ. પણ આસપાસનું વાતાવરણ જ તેને અદ્ભુત લાગે.

મોટા થઈને ટૂરિસ્ટ બનવું, પહાડ ખૂંદવા, ખેતરોમાં ફરવું આવું પણ કંઈ જ ન હતું તેના મનમાં.

ગામના તળાવની રેલિંગનો પાઈપ પકડી ઊભો રહે ત્યારે ખાલીખમ તળાવ તેની લંબાઈ-પહોળાઈ સાથે મનને આહ્લાદક બનાવતું ને વચ્ચે લાંબે સુધી ઊગી નીકળેલી ગોંદરી(લોન)ની લીલી બિછાત થઈ પથરાયેલો રંગ આકર્ષક લાગતો. તળાવની દૂર દેખાતી સામેની પાળી, જમણી બાજુની પાળી અતિશય વિસ્તાર પામીને તેના મનમાં સ્થિર થઈ રહેતી અદ્ભુત રીતે. ને વચ્ચેની સપાટ ગોંદરી જોયા કરતો.

તળાવની વચ્ચોવચ્ચ ઊભેલી આરસપહાણની દેરીનો ગોળ મોટો ઘુમ્મટ, તળાવની જમણી બાજુ લાંબું થીએટર નાનાં લાગતાં તેનું કારણ તે ભણ્યો હોવા છતાં જાણતો નહોતો. પણ પછી ઉપર આકાશ તરફ તેની નજર જતી ને તે વિશાળ થઈ જતો પોતાની જાતમાં ને મનમાં. એટલે જ આ બધું તેને જોવું ગમે છે તેમ તો તેને ખ્યાલ આવી ગયો હતો. પણ કોઈ અજાયબ કલ્પનામાં રાચતો હોય એવું તેને ન લાગતું.

આ તળાવમાં તેણે ક્યારેય પાણીને હિલોળાં લેતું જોયું નથી. તળાવની વચ્ચેની સપાટ એકધારી જમીનનો ઉપયોગ પણ કંઈ ન થતો - વર્ષના મહત્ત્વના પ્રસંગ સિવાય પણ આ તળાવ તેના આકર્ષણનું કેન્દ્ર એટલા માટે બની ગયું હતું કે તેના વિશાળ પટમાં ક્યારેક સર્કસ ડેરાતંબુ તાણી ધામા નાખતું.

તેની બા, બાપા, ભાઈ, બહેન અને પોતે બે વર્ષ પહેલાં અહીં સર્કસ જોવા આવ્યાં હતાં. ત્યારે તે છ કે સાત વર્ષનો હતો. બાપાએ બહાર નીકળતી વખતે તેનો હાથ ઝાલેલો તેને યાદ છે. ને આસપાસ ગામના જોવાવાળા ભેગા થઈ ગયેલા તે તેને યાદ છે. સર્કસ જોતાજોતા બાપા કહેતા હતા વચ્ચે વચ્ચે તે યાદ નથી. પણ અજવાળું અજવાળું લાઈટનું તેને યાદ છે. ને વચ્ચોવચ્ચ ગોળ સપાટ જગા ને તેના પર પાછું ખૂબ જ અજવાળું તેને યાદ છે. ઊંચે, ભયાનક ઊંચાઈએ તંબુનો ગોળાકાર ને તેના પર ઝૂલા જોતા ડોક રહી ગઈ હતી. પણ મજા પડી હતી તેને જોવામાં ઊંચે.

નાનીનાની ને ચામડીમાં અતિશય ઊજળી શરીરે લગભગ આછાં કપડાં પહેરેલી છોકરીઓ વચ્ચેની ગોળાકાર જગામાં શરીરની અવનવી રમતો દેખાડતી હતી. ત્યારે એને પરીઓ નાચી રહી હોય એવું લાગ્યું હતું. બાકીનું કંઈ ખાસ સમજાયું નહોતું. ને પછી તો હાથી, ઘોડા વાઘ, સિંહ, વાંદરાં બધાં જ પરીની આસપાસ વીંટળાઈ જવા આવેલાં. રંગબેરંગી ઝગારા મારતાં આછાંઆછાં કપડાંમાં પરીઓ પાંખો ફડફડાવી ઊડતી ન હોય જાણે! ઝૂલા પર ઊંચે નજરું કરી જોતા જોતા આકાશમાં તરતા વાદળ પર સવારી કરી કોઈ કૂદી રહ્યું હોય એવું

લાગેલું. અદ્‌ભુત અદ્‌ભુત!! આ બધું ચમત્કાર જેવું તેને લાગતું હતું. ને તંબુની પેલે પાર બહાર ઊંચે શું છે? શું હશે થયેલું?

તે, તેના બાપા, બા, બહેન, ભાઈ બાંકડાની સીડી જેવી લાઈનમાં ઊંચેની જગાએ છેટે પાટિયા પર બેઠેલાં ને ત્યાંથી ફરતું બધું દેખાતું હતું તે તેણે જોયા કરેલું. આગળના ભાગમાં વચ્ચેના ગોળાકારની અડોઅડ ખુરશીમાં પણ માણસો જ માણસો. બાંકડા પર ફરતી માણસોની ગોળ લાઈન. તેઓ ગેલેરીમાં બેઠાં હતાં તેની તેને ખબર ન હતી.

આખું ગામ ખાલી થઈ સર્કસમાં ભરાયું છે એવું એને લાગ્યું હતું. વચ્ચે બે બાજુ મોટામોટા થાંભલા બથમાં પણ ન આવે તેવા જાડા. ને ઊંચા તો ગજબના. તંબુનો ઘુમ્મટ ચીરીને બહાર નીકળતા ઊંચે. ઇલેક્ટ્રિક લાઈટની રાતીપીળી લાઈનોનાં તોરણો ઉઘાડબંધ થતાં લબૂકઝબૂક. પરીકથામાં જ આવું બધું આવે. ને જ્યારે તે બાપાનો હાથ પકડી બહાર નીકળતો હતો ત્યારે તે વારેવારે પાછળ જોયા કરતો હતો. તેને ત્યાંથી આ બધું છોડીને બહાર નીકળવું ગમતું નહોતું. ને સાવ બહાર નીકળી ગયા ત્યારે ગામની વચ્ચોવચ્ચ આવી ગયો હોય એવું લાગ્યું હતું ને ગમ્યું નહોતું. કોઈ પરાણે તેને બહાર ધકેલતું હોય એવો અનુભવ થયેલો.

ઘરમાં પણ ગૂંગળામણ લાગવા જેવું વારે વારે થતું હતું. તેના ઘરમાં નહિ સરખું પાથરવાનું. નહિ જાજરૂની સગવડ. નહિ નહાવાની સરખી સગવડ. નહિ પાણીનો નળ કે નહિ ખુરશી-ટેબલ. સારાં કપડાં તો કેવાં હોય તે તો તેણે જોયાં જ નથી. ચડ્ડી ને ખમીસ બસ!

સર્કસ જોઈને આવ્યા પછી ગામમાં જ સર્કસ હતું એ તેને ગમતું હતું, ને સારું લાગતું હતું. મનને સહારો મળતો હોય એવું સારું લાગતું હતું.

ને સર્કસ તો ગયું. ત્યારે તેને બધું ખાલીખાલી લાગવા માંડ્યું હતું ને તેના ઘરથી દૂર તળાવ નહોતું એટલે તળાવની પાળે પહોંચી ગયેલો તો ત્યાં કંઈ નહોતું. જમીન ઉબડખાબડ દેખાતી હતી. હજી બે દિવસ પહેલા કેવું બધું હતું અહીં! તેને રોવા જેવું થઈ આવેલું આ જોઈને.

તે એકલો બહુ દૂર ન જતો પણ ત્યારે પહોંચી ગયેલો. ખબર પડી કે સર્કસ ગયું! ક્યાં ગયું હશે? કંઈક અતિશય ગમતું હોય તેવું જતું રહ્યું હોય તેવું તેને લાગ્યું હતું. ક્યાંય સુધી મૂઢની જેમ સર્કસના તંબુની જગ્યા તરફ જોયા કર્યું હતું. પણ એ વખતે તે નાનો હતો. પછી સર્કસ આવ્યું નથી ગામમાં. તેના જીવનનો આ સૌપ્રથમ અદ્‌ભુત અનુભવ મળેલો તેને.

હવે તો સર્કસ આવે તો? તો શું થાય? સ્વજન આવે ને રડવું આવી જાય તેમ તે રડી પડે કદાચ. પણ ફરી વખત ગામમાં સર્કસ આવ્યું ત્યારે તે રડી નહોતો પડ્યો. બાપાને કહ્યું ત્યારે બાપા બોલેલા, 'એવું તો ગામમાં ઘણું આવ્યાં કરે. એક વાર જુઓ કે પંદર વાર. બધું એકનું એક હોય.'

હવે તે સમજણો થઈ ગયો હતો. ટિકિટના ભાવ વધી ગયેલા ને હમણાં પૈસાની કઠણાઈ ચાલતી હતી. ને એટલે તો બા ઉપર બાપા વારેવારે ખિજાતા ને એટલે જ બાપા આવું બોલ્યા હતા ને તેના મનમાંથી નિસાસો નીકળી ગયો હતો.

પેલું સર્કસ ગયાને તો બહુ દિવસ થઈ ગયા છે. કેટલા? ખ્યાલ નથી. પણ ઘણા. પણ સર્કસ જોવા આ વખતે મળ્યું નહોતું. ચોમાસાની શરૂઆતના દિવસો હતા ને સર્કસ આવેલું - હજી બેત્રણ મહિના પહેલાં જ.

તે જ્યારે તળાવની પાળ પર રેલિંગનો જાડો પાઈપ પકડીને અડધા તળાવની જગા રોકીને પથરાયેલા સર્કસના મોટા, જબરા ઊંચા તંબુને જોઈ રહ્યો ત્યારે તેને પોતાની કોઈ અત્યંત પ્રિય, અનન્ય ને અદ્‌ભુત વસ્તુને જોઈ રહ્યો હોય તેમ જોઈ રહ્યો હતો. બાપાએ ના પાડી હતી તે તેના મનમાં રમ્યા કરતું હતું. મનની જેમ ઉપર આકાશ પણ ધૂંધળું હતું. ઝરમર ઝરમર વરસાદ પડવો શરૂ થયો. ધીમો ધીમો તે પલળવા માંડ્યો.

તેને પોતાના ઘર કરતાં પણ વધુ નજીક સર્કસ લાગ્યું. ત્યારે તેણે પાછું નક્કી કર્યું : સર્કસ તો જોવું જ. પણ બાપાએ જડબાતોડ જવાબ આપ્યો હોય તેમ જવાબ આપેલો. પછી પાછા બોલ્યા હતા, 'ભણવાનું કરો. આખો દિવસ કરે છે શું તું?'

'શું કરવાનું હોય?' તેને થયું હતું. ને તળાવની પાળ પર ઊભા રહીને બહારથી સર્કસનો તંબુ જોવા મન થયેલું. બા પણ કંઈ કહેતી નથી, બોલતી નથી. 'તેને સર્કસ નહિ જોવું હોય?' એમ પણ મનમાં થયું હતું.

સર્કસના બે શો હોય - બપોરે ને રાતે. સવારે તે લોકો બધાં શું કરતાં હશે? આવા વિચારમાં સર્કસના દરવાજાની પાસે તે બપોરના સમયે પહોંચી ગયો હતો. ને સર્કસના લાલ,પીળા, ભૂરા રંગના દરવાજા સામે ઊભા રહી જોયા કર્યું હતું. ટિકિટ બારી પરથી ટિકિટ લેતા માણસો સામે પણ જોયા કર્યું હતું.

એક વખત ભાંગ ખાવા પૈસાની ચોરી કરેલી - જોકે તેને તે ચોરી નહોતી લાગતી. બાપાના ખિસ્સામાંથી ચાર આના જ લીધેલા ત્યારે બાપાએ માર્યો હતો. તે સર્કસની ટિકિટબારી પર નજર રાખી ગાજમાં આંગળી ભરાવી ગાજ પહોળો કરી રહ્યો હતો તેની તેને ખબર ન હતી. તેને કંઈક ન ગમતું હોય, શરીરમાં જોમ ભરાતું હોય એવો અનુભવ થતો હતો. દરવાજા પાસેથી ડાબી તરફ ગયો, જમણી તરફ ગયો.

શિંગચણા, કુલ્ફી, ભેળપુરી, શિંગના ઓળાની લારીઓ તરફ જોયું ને માણસોની આવ-જા વચ્ચે તે ઊભો રહ્યો. સર્કસમાંથી સર્કસનું કોઈ બહાર આવતું નથી.

પરીઓ જેવી ઝગારા મારતી છોકરીઓ, ઘોડા પર હાથમાં ચાબૂક લઈ ગોળ ગોળ ચક્કર મારતી ને કૂદકા મારતી સ્ત્રી.

સફેદ ઘોડા પર કાળાં કપડાંમાં, રીંછ તો કંઈ જ કરતું નહોતું. અવનવા રંગીન જોકર ને પિસ્તોલના ભડાકા આ બધું તેને અલૌકિક લાગતું હતું. નિશાળમાં આ બધું તેણે સાંભળેલું હતું - ને હવે પાછું ફરી જોવું હતું. તેનું મન એટલું બધું સર્કસમય થઈ ગયું કે ઘરમાં પણ તેને સર્કસના વિચાર આવતા ને નિશાળમાં પણ.

તળાવની પાળ પરથી પેલી સામેની બાજુ નાની દેરી પાસેથી રસ્તા પર વળો કે તરત તેની નિશાળ આવતી. બપોરના રિસેસ વખતે તળાવનો ઢાળ ઊતરી સર્કસના પાછળના ભાગ તરફ તે જઈ ચડ્યો. એ વખતે વરસાદ પડતો હતો આછો આછો. ને તળાવમાં ક્યાંક ક્યાંક કીચડ ને પાણીનાં ખાબોચિયાં ભરાયાં હતાં. તળાવનો આટલો ભાગ ગરબડવાળો હતો. પણ તે તો ગમે તેમ કરી સર્કસના તંબુ ફરતી પતરાની ઊંચી લીલાપીળા રંગની પટ્ટાવાળી દીવાલ પાસે પહોંચી ગયો. આસપાસ બધું ખાલી હતું, માણસ વગરનું ઉજ્જડ! પણ તેના જેવડા જ ચારપાંચ છોકરા પતરાના કાણામાંથી જોતા હતા. ને નાની લાકડી જેવું એકાદના હાથમાં હતું. છોકરા, 'હવે મને, હવે મને' એમ બોલતા હતા.

આ સમજી ગયો કે જોવાની વાત છે. શું જોવાનું હશે ત્યાં? ત્યાં વળી તેને સંભળાયું, 'એક બાઈ ખભે ટુવાલ નાખીને ગઈ ને એક આદમી સૂતો છે તંબુમાં.' પેલા છોકરાઓ જોઈને તોફાનમસ્તી કરતા જતા રહ્યા - આગળ બીજા કાણા પાસે.

આણે જ્યારે નાના કાણા પાસે આંખ ઠેરવી ત્યારે તેને તંબુ દેખાયો. પડખું ફેરવતો તંબુમાં માણસ દેખાયો. વાઘ અને સિંહનાં પાંજરાં દેખાયાં. ચટાપટાવાળો વાઘ પાંજરામાં આમ- તેમ આંટા મારતો હતો ઘૂરકતો ઘૂરકતો. સિંહ ઊંઘતો હતો. ઘોડા પૂંછડાથી માખો ઉડાડતાં ને નીચે જમીન પર પલળેલાં ને કાળાં પડેલાં રાડાં પડ્યાં હતાં. ઘોડા રાડાં ચાવતા નહોતા. પેલો માણસ પડખું બદલી સૂતો ને પાછો ઊંધો થઈને સૂઈ ગયો. એક નાની છોકરીને તંબુ તરફ આવતી જોઈ.

'એઈ હરામી ક્યા કરતા હૈ, અંદર દેખતા હૈ?'

ને તે ચમકીને સમસમી રહ્યો. કઈ તરફ ભાગવું તે ન સૂઝ્યું. પહેલાં તો માથું ઊંચું કર્યું. ખાખી કપડાં પહેરેલા ભરાવદાર માણસની મોટીમોટી ગુચ્છાવાળી મૂછો દેખાઈ. તે કાદવમાં દોડ્યો સારો રસ્તો પડતો મૂકીને - ને મૂગો મૂગો નિશાળ ભેગો.

પેલા છોકરા તો ગુરખો આવે તે પહેલાં છૂ થઈ ગયા હતા. સર્કસમાં આવું પણ હોય તે તેને ખબર ન હતી. તેના હાથમાં લાંબી લાકડી હતી, પણ ઊંચી જ કરેલી, ભગાડવા માટે ચાળો કરતો હોય તેમ. પતરાના બાખામાંથી તેને થોડું જોવા મળ્યું હતું સર્કસ આવું.

તે લોકોની સાથે રહેવાની કેવી મજા પડે! ગરમ ગરમ ચા પીવાની, ગરમ ગરમ જમવાનું, ને બરફીપેંડા...

શેરીના રમલાને લઈને રજાના દિવસે તે ફરી સર્કસની પાછળના ભાગની પતરાની દીવાલના બાકોરા પાસે પહોંચી ગયો હતો. 'હાલ, તને સર્કસ દેખાડું.' કહીને. ને બન્ને જણાએ હાથમાં તાળી દેતા દેતા વારાફરતી જોયા કરેલું. એ વખતે વરસાદ શરૂ થયો હતો પાછો.

'બાર કીચડ છે. પણ અંદર તો ચોખ્ખું રાખેને' પાછા ફરતા વરસતા વરસાદમાં તે વરસાદને હાથ લંબાવી ઝીલતા ઝીલતા વાતો કરતા હતા. 'મજા પડીને?' આણે પૂછ્યું હતું. રમલો ખુશ હતો તે પરથી આને લાગ્યું હતું, તેને મજા પડી છે.

કેટલી મોકળાશ હતી ત્યાં બધે ? આખું તળાવ ખાલી ને વચ્ચોવચ્ચ સર્કસ. ને સર્કસ જશે ત્યારે તો એકદમ તળાવ ખાલી, આમ, વિચારતો તે મ્લાન બની ગ્લાનિ અનુભવી રહ્યો હતો.

તળાવ ખાલી, સાવ ખાલી ને બહુ મોટું લાંબુંપહોળું લાગશે ને ઉઘાડ કેટલો આસપાસ બધે !? પણ તેના મનમાં તેવો ઉઘાડ નહોતો દેખાતો. ઘરમાં પણ નહોતો દેખાતો. બા ને બાપામાં પણ નહોતો દેખાતો તેવો ઉઘાડ તો.

તે શેરીમાં છોકરાઓ સાથે રમતો ત્યારે થોડો થોડો ઉઘાડ દેખાતો મનમાં. ક્યારેક ક્યારેક તે દોડીને ઘરમાં આવતો હાંફતો હાંફતો ત્યારે પાછું એનું એ. તેને સર્કસ જશે ત્યારે ગમશે નહિ. તે અત્યારથી જ એકલો પડી ગયો આ વિચાર આવતાં.

તળાવની જમણી તરફનો ઢાળ ઊતરી તળાવમાં થઈ સામેની પાળનો ઢાળ ચડી નિશાળે જતો. જતાં આવતાં સર્કસનો તંબુ દેખાતો. ઘુમ્મટ જોતો જોતો નિશાળે જતો ને આવતો પણ તળાવમાં થઈને સર્કસ જોતો જોતો.

એક મહિના પછી સવારે નિશાળે જતાં તંબુ ન દેખાયો. 'હજી કાલે તો હતો!' - તેને થયું ને તે નિઃસહાય થઈ ગયો. નિશાળે જવાને બદલે સર્કસ તરફ તેના પગ વળ્યા. બધું ઉજ્જડ થઈ ગયું હતું. તે અસહાય થઈ ગયો ને જોયા કર્યું બધું.

વાઘ-સિંહનાં પાંજરાં ને ઘોડા ઊપડવાની તૈયારી કરતાં હતાં. મોટા મોટા પાઈપ ને રાંઢવાં જેવાં દોરડાંનો થપ્પો થતો હતો. લાકડાના થાંભલા ને પતરાની દીવાલ પણ ઊખડી ગઈ હતી. સર્કસની જગાએ ઉબડખાબડ ખોદેલી જમીન અને ખાડા હતા.

ખભે દફતર ભરાવેલું ને આંગળીથી ગાજ પહોળું કરતો કરતો તે જોઈ રહ્યો બાઘાની જેમ. આ તળાવ ગામનું તળાવ જ નથી એવું લાગ્યું.

થોડી વારમાં તો વાઘસિંહનાં પાંજરાં ઊપડ્યાં. ત્યાં થોડા છોકરા ભેગા થઈ ગયા હતા જોવા. ત્રણ વાર કરિઅરમાં તંબુનો સામાન જતો તે જોઈ રહ્યો. હજી થોડું બાકી હતું. એક રાત-

(અનુસંધાન પૃ. ૧૪૮)

ચંદરોજ સ્વિટ્ઝર્લૅન્ડમાં

તરલિકા આચાર્ય

યુરોપના દેશોમાં લોકોને પોતાનાં નિત્યકર્મો સાથે એક પોતાનો એક આગવો શોખ પણ હોય છે. આવા અંગત શોખ માટે પણ અલગ સમય રાખ્યો જ હોય. આ બધા શોખોમાં ધ્યાન ખેંચે એવો બાગાયતનો શોખ છે. યુરોપની અને ખાસ કરીને ઇંગ્લંડની પ્રજા પુષ્પપ્રિય છે. હાઈવે પર પણ કળાત્મક રીતે ઋતુ અનુસાર ફૂલો ઉગાડ્યાં હોય છે.

ઇંગ્લંડમાં આવાં ફૂલ-ફળાદિના શોખીનોની એક મંડળીની રચના કરવામાં આવી છે. એને કહે છે 'Horticulturist Group' (હૉર્ટિકલ્ચરિસ્ટ ગ્રૂપ)- બાગાયત મંડળી. ઇંગ્લંડમાં બાગાયતનો શોખ એટલો ફૂલ્યો છે કે લોકો પાસે પોતાની જમીન ન હોય તો બીજાની જમીન ભાડે રાખે છે. આને allotment કહે છે. આવા allotmentમાં પોતાની રુચિ અનુસાર ફળ-ફૂલ-શાક ઉગાડે. નવા નવા પ્રયોગો કરે. દૂર દૂર દેશની વનસ્પતિને પોતાના દેશમાં ઉગાડવા માટે સંશોધન કરે. હવા સમશીતોષ્ણ રાખવા માટે ગ્રીન હાઉસીસ બાંધે. આવાં કાચઘરોમાં વનસ્પતિને જે જાતનાં હવા-પાણી જોઈતાં હોય તેને અનુકૂલિત કરી શકાય એવી સગવડ હોય છે. આ બધું એ લોકો ફક્ત નિજાનંદ માટે કરે છે. સાંજે ઓફિસથી ઘેર આવીને અને શનિ-રવિ આની પાછળ મહેનત કરતા હોય છે. આખા વર્ષની મહેનત પછી જ્યારે જેનો બાગ લૂમેઝૂમે છે અને એકાદ પ્રયત્નમાં સફળતા મળી હોય ત્યારે એ સભ્ય પુષ્પપ્રદર્શન કરે છે. લોકોને જોવા માટે આમંત્રણ આપે છે. પ્રવેશ માટે ટિકિટ મોંઘી રાખવામાં આવે છે. બાગાયત મંડળીના સભ્યો માટે આ પ્રદર્શનમાં પ્રવેશ મફત હોય છે. ઉપરાંત કોઈને કાંઈ પણ શીખવું હોય, જાણવું હોય તો એને માટે ચર્ચાસભ. ગોઠવી હોય છે. આનું આયોજન ઘણા વખત પહેલાં કરવામાં આવે છે. દાખલા તરીકે કોઈને આવા ઉદ્યાનપ્રદર્શનમાં ફૂલનો મોર બનાવવો છે તો એ જ જગ્યાએ મોરના રંગનાં ફૂલો વાવે છે. એ રીતે આખો મોર તૈયાર કરે છે.



ડોરા ગેરહાર્ડ

આવા પુષ્પ જેવા સૌમ્ય સ્વભાવની Dora Gerhard (ડોરા ગેરહાર્ડ) નામની મારી એક સ્વિસ સખી છે. ૧૯૮૧માં હું સ્વિટ્ઝર્લૅન્ડ એને ઘેર ગઈ હતી. મારે ઇંગ્લંડ જવાનું હતું. મેં એને પુછાવ્યું કે હું યુરોપ આવવાની છું અને ત્રણચાર દિવસ સ્વિટ્ઝર્લૅન્ડ આવવાનો વિચાર છે. તને ફાવશે? જવાબમાં એનો પત્ર આવ્યો : 'તું જરૂરથી આવ. મારાથી બની શકે એ રીતે હું તને મારો સુંદર દેશ બતાવીશ.' મેં મારો કાર્યક્રમ દિવાળીના પાંચ દિવસ સ્વિટ્ઝર્લૅન્ડ રહેવાય એ રીતે બનાવ્યો.

મારી સ્વિસ મિત્ર ડોરા ગેરહાર્ડનો જન્મ ૧૯૩૮માં થયો હતો. એ બાઝલથી ૧૦ કિ.મી. દૂર પ્રેટલિનમાં ભણી. ૧૫ વર્ષની વયે ભાષા શીખવા માટે સ્વિટ્ઝર્લૅન્ડમાં થોડાક ફ્રેન્ચ ભાગ છે ત્યાં ત્યાર પછી થુન સરોવર પર આવેલી જે ફક્ત છોકરીઓની ત્યાં બાગાયતની ૩ વર્ષ તાલીમ લીધી ને ડિપ્લોમા મેળવ્યો. વધુ તાલીમ લેવી હતી એટલે બાઝલના બોટનિકલ ગાર્ડનમાં Tropical Greenhousesનો કોર્સ કર્યો. અહીં એણે orchids (એક બહુ જ સુંદર ફૂલની જાત)નો પરિચય મેળવ્યો. પછી હોલેંડ, ઇંગ્લંડ અને સ્વીડન જેવા દેશોમાં જઈને ઓર્કિડ્ઝનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો. ૧૯૬૪માં પાછી સ્વિટ્ઝર્લૅન્ડ આવી. અહીં આવ્યા પછી એણે બાગાયતકામ માટે ઇન્ટરનેશનલ હાર્ડી પ્લાન્ટ સોસાયટી નામની મળી એક સંસ્થામાં સેક્રેટરી અને સલાહકાર તરીકે નોકરી સ્વીકારી. આ સંસ્થા સોલોથોર્નમાં હતી એટલે એ ત્યાં રહી.

૧૯૭૦માં એના પિતાજી ડૉ.ગેરહાર્ડ નિવૃત્ત થયા. એટલે એનાં માતા-પિતા પ્રેટલીનથી હાંસલીબર્ગ આવ્યાં. ડોરાના ઓર્કિડ્ઝના શોખ વિશે એના પિતાજી જાણતા હતા. પોતે પણ નિવૃત્ત થયા હતા એટલે અહીં હાંસલીબર્ગમાં ઓર્કિડ્ઝ ઉગાડવા માટે એક ગ્રીન હાઉસ બાંધ્યું. ડોરા તો હજી સોલોથોર્નમાં જ નોકરી કરતી હતી. હાંસલીબર્ગમાં નાનું એવું ગામ હોફ્લુ. ત્યાં એનાં માતાપિતા રહેતાં હતાં. શનિ-રવિ ડોરા હોફ્લુ એમને મળવા આવી જાય. ઓર્કિડ્ઝની માવજત પણ કરી જાય. પછી અઠવાડિયામાં એના પિતાજી ઓર્કિડ્ઝની સંભાળ લેતા હતા. પછી તો એના પિતાજીને પણ ઓર્કિડ્ઝનો શોખ જાગ્યો. કમનસીબે એમની તબિયત બગડી એટલે એમનો આ શોખ પાંગરી શક્યો નહીં. ૧૯૭૪માં એમનું અવસાન થયું. એમના અવસાન પહેલાં, એમની નાજુક તબિયત હોવા છતાં એમણે મધ્યમ કદનાં સુંદર બે ગ્રીન હાઉસ ડોરાને બાંધી આપ્યાં હતાં. પિતાનું મૃત્યુ થવાથી ડોરાની સોલોથોર્નની નોકરીનો અંત આવ્યો.

અત્યારે એ હોફલુમાં રહે છે. ત્યાં પોતાનું ઘર છે. હવે એ પોતે જ સ્વતંત્રપણે ઓર્કિડ્ઝ ઉગાડે છે. ડોરાએ પોતાનો આ શોખ પૂર્ણ કલાએ પહોંચાડ્યો છે એમ કહું તો અતિશયોક્તિ ન કહેવાય. સાથે સાથે બીજાં પણ જાતજાતનાં બારમાસી ફૂલો ઉગાડે છે. આખા યુરોપના ઓર્કિડ્ઝ પ્રેમીઓ સાથે એ ઘનિષ્ઠ સંબંધ રાખે છે. આથી ઓર્કિડ્ઝના સંશોધનમાં એને ઘણી મદદ મળે છે.

ડોરા પોતે પરણી નથી. એની એક બાળ લકવાગ્રસ્ત બહેન છે. એનું નામ હાંસલી છે. એમનાં વૃદ્ધ માતા હમણાં જ મૃત્યુ પામ્યાં. ડોરા આ બન્નેની કાળજી ખૂબ ચીવટથી રાખે છે. નિસર્ગના નિરંતર સંસર્ગથી એ સ્થિતપ્રજ્ઞ બનતી જાય છે.

આવી મારી મિત્રને ત્યાં હું ૧૯૮૧માં ગઈ હતી. એ મને ઝ્યૂરિક



ડોરા ગેરહાર્ડ એના બાગમાં - ૧૯૯૬



ડાબી બાજુ 'બામ્બી', જમણી બાજુ ડોરાનું ઘર, વચ્ચે ગ્રીન હાઉસીસ

એરપોર્ટ પર લેવા આવી હતી. પેસેન્જરમાં, સાડી પહેરેલી અને બન્ને ખભે થેલા ઉપાડેલી સ્ત્રી એક હું જ હતી એટલે ઘણાં વર્ષ પછી પણ ઓળખાણ તો જલદી પડી ગઈ. અમે મોટરમાં બેઠાં. સીધાં એના ગામ 'હોફલુ' ગયાં.ચારે બાજુ બરફ આચ્છાદિત આલ્પ્સ પર્વત અને વચ્ચે નાનકડું સુંદર ગામ હો ફલુ. ચારે બાજુ સૌન્દર્ય. હું તો એની સાથે વાત કરવાનો વિવેક પણ ભૂલી ગઈ. જાણે પૃથ્વી પર હું નથી, સ્વર્ગમાં જ છું એવી પ્રતીતિ થતી હતી.

અમે પહોંચ્યાં એને ઘેર. એનાં માએ બારણું ખોલ્યું. મારા સામું જોઈ મૃદુ વત્સલ સ્મિત કર્યું. પછી મને કહે 'તારા આ શૂઝ કાઢી નાખ. આ ગરમ બૂટ પહેરી લે.' તે જ પ્રમાણે મારો ગરમ કોટ કાઢી નખાવ્યો અને પોતાનો ગરમ જેવો ગાઉન પહેરવા આપ્યો. ઠંડી તો ઘણી હતી. ઘરમાં ઓછી લાગે. ડોરાના માને અંગ્રેજી ભાષા ન આવડે. એ સ્વિસમાં બોલે. હાવભાવ કરે એટલે હું સમજી જતી. આ રીતે અમે બન્નેએ ઘણી મૂક રીતે વાતો કરી. ખૂબ મજા આવી. પરદેશમાં જાણે સ્વજન મળ્યું!

પછી ડોરા મને ઉપરના રૂમમાં લઈ ગઈ. રૂમ એકદમ સ્વચ્છ હતો. એક ભીંત પર પૃથ્વીનો નકશો હતો. એમાં ઈન્ડિયા અને સ્વિટ્ઝર્લૅન્ડ મોટા અક્ષરથી લખ્યું હતું. બાજુમાં સ્વચ્છ ચાદર અને ઓઢવાના બ્લૅન્કટથી સજ્જ પલંગ હતો. એની બાજુમાં નાનું સ્ટૂલ હતું જેના ઉપર બે ત્રણ ચોપડીઓ હતી. જેમાં હોફલુ વિશે,



'હોફલુ' ગામ

સ્વિટ્ઝર્લૅન્ડ વિશે અને ભારતને લગતી ચોપડીઓ હતી. વાંચવા માટે બાજુમાં લેમ્પ પણ હતો. આમ તો મારો રૂમ બધી સુવિધાથી સજ્જ હતો. બાજુમાં બીજો એક નાનકડો રૂમ હતો જેમાં નાનકડી એની અંગત લાઈબ્રેરી હતી. એમાં રસ પડે એવાં ઘણાં પુસ્તકો હતાં. આમ મને જરા પણ અજાણ્યું ન લાગે કે કંટાળો ન આવે એ રીતે બધું જ ગોઠવી રાખ્યું હતું. એક દિવસમાં તો હું વર્ષોથી ત્યાં રહેતી હોઉં એટલી પરિચિત થઈ ગઈ. મારો પાંચ દિવસનો કાર્યક્રમ પણ એણે વ્યવસ્થિત ગોઠવ્યો હતો. નિત્યક્રમ આ પ્રમાણે હતો.

સવારે ૬.૩૦ વાગ્યે ઊઠી, ન્હાઈ, નાસ્તો કરી અમે લગભગ ૮.૦૦ વાગે બહાર જવા નીકળી પડતાં હતાં. બાર વાગ્યે લંચ સમયે જ્યાં પહોંચવાનું હોય ત્યાં કોઈક રેસ્ટોરાંમાં જમવા માટે ફોન કરી બુકિંગ કરાવી લેતી હતી. અમે ત્યાં પહોંચીએ ત્યારે અમારું ટેબલ અને શાકાહારી જમવાનું તૈયાર હોય. રસ્તામાં આલ્પ્સની જુદી જુદી ટૂકો, સુંદર સરોવરો અને પ્રકૃતિનાં સુંદર દશ્યો ઉપરાંત વચ્ચે આવતાં ગામડાંની મુલાકાત થઈ જતી. મને તો ખૂબ મજા આવતી. આવું પ્રકૃતિસૌન્દર્ય ભાગ્યે જ જોવા મળે. આંખમાં દશ્યોને ભરીભરીને લઈ જઈ ભારતમાં સ્વજનોને બતાવવાનું મન થતું હતું. મોટરમાં રસ્તા પર જતાં હોઈએ અને બરફનાં ફોરાં પડે. સફેદ ફૂલની કોમળ કલાત્મક પાંદડી જેવું લાગે. સ્વર્ગમાંથી પુષ્પવૃષ્ટિ થતી હોય એવું લાગે. ચારે તરફ ઈશ્વરની લીલા જ જોવા મળે. ભગવાન ધ્યાનમાં શોધવા ન પડે. સામે આવીને દર્શન આપતા હોય એવો ભાસ થાય. નવેમ્બર મહિનો હતો. એ વરસાદ અને બરફનો મહિનો કહેવાય. ઠંડી તો ઘણી જ હતી. મોટરમાં બરફ પડે ત્યાં બરફ માટેનું બીજું પૈડું ચડાવવું પડે. અમે તો ઘેરથી નીકળતાં પહેલાં બરફનું પૈડું ચડાવી જ દેતાં હતાં એટલે ક્યારેય પણ મુશ્કેલી નહોતી પડી. ભાઈબીજને દિવસે અમે આખો દિવસ ફરીને સાંજે પાછાં હોફલુ જતાં હતાં. બરફની વર્ષા ચાલુ હતી. સંધ્યાકાળ હતો. હું વિચારતી હતી કે અહીં ક્યાંથી બીજનાં દર્શન થાય? મનોમન દર્શન કરતી હતી. ત્યાં તો વરસાદ બંધ થઈ ગયો. આકાશ ચોખ્ખું થઈ ગયું અને વાદળની આસમાની સાડી અને રૂપેરી કિનારી વચ્ચે ભાઈબીજ દેખાઈ. અને બીજનાં નરવાં દર્શન કર્યાં. મારાથી

હાથ જોડાઈ ગયા. ડોરાને નવાઈ લાગી. મને પૂછ્યું : 'શું થયું? anything religious?' અને મેં એને ભાઈબીજની વાત કહી. એણે પણ હાથ જોડ્યા અને ખૂબ પ્રસન્ન થઈ. ભારતીય સંસ્કૃતિ પર વારી ગઈ. એ પોતે પણ કુદરતમય જ હતીને?

દિવાળી – નવું વર્ષ હું એને ઘેર જ હતી. નવા વર્ષના દિવસે સવારે હું ચાના ટેબલ પર ગઈ તો મારી ખુરશી પાસે સરસ તાજાં ઓર્કિડ્ઝનાં ફૂલોનું ઝૂમખું પડ્યું હતું, સાથે Best wishesનું સુંદર કાર્ડ હતું અને સ્વિસ ચૉકલેટનો થોકડો. હું તો છક્ થઈ ગઈ. આભાર માનવાના પણ મને શબ્દો ન જડ્યા. સ્વદેશમાં પણ કોઈ આટલું બધું ન કરે. એની માએ પણ મને ખૂબ શુભેચ્છા આપી અને મને ભેટીને વ્હાલથી ચુંબન કર્યું. મને કહે, 'તારે અહીંથી જવાનું નથી. ડોરા સાથે અહીં જ રહેજે.' આટલો પ્રેમ કોણ આપે? આખો દિવસ ફરીને અમે સાંજે ઘેર પહોંચીએ ત્યારે સ્વાદિષ્ટ શાકાહારી ભોજન તૈયાર રાખ્યું હોય. અમે ત્રણે જણાં હાંસલી(ડોરાની બહેન)ને યાદ કરીને જમીએ. એક દિવસ ડોરાની મા અમારી સાથે પણ આવ્યાં હતાં. જમ્યા પછી જુદી જુદી વિડિયો કૅસેટ બતાવે. રાતે ૧૧.૦૦ વાગ્યે સૂઈ જતાં.

જમવામાં મેં એક દિવસ પૂરી બનાવીને ખવરાવી. એ લોકોએ એક દિવસ મને ફોનડ્યૂ (ચીઝમાંથી બનાવેલી સ્વિસ વાનગી) ખવરાવ્યું. પાંચ દિવસમાં તેઓએ એક પણ દિવસ બિનશાકાહારી ભોજન ઘરમાં રાંધ્યું નહિ. આમ, આ પાંચ દિવસમાં અમે ખૂબ નિકટ આવી ગયાં.

છેલ્લે દિવસે એ મને હોફલુ ગામની તળેટીમાં લઈ ગઈ. બહુ જ સુંદર દશ્ય હતું. એક બાજુ આલ્પ્સ પર્વત. એક બાજુ ખીણ, બરફ, વાદળાં અને એમાં ડોકિયાં કરતું પેલું મેઘધનુષ્ય. 'શોભા જોતાં ન મનડું ધરાય' એવું સૌંદર્ય.

જેવી નિસર્ગ નિર્મળ અને સુંદર એવાં જ મનુષ્યો પણ નિર્દોષ - નિર્મળ. પશુઓ પણ તંદુરસ્ત. ચોતરફ ઉભરાતું સૌન્દર્ય સમાતું નથી ક્યાંય! આપણને એની છોળો ઉડાડી સ્વસ્થ રાખે છે કદાચ. સ્વર્ગમાં આનાથી વધુ શું હશે?

વાચકોમાંથી કોઈને હોફલુ જવું હોય તો ડોરા એને થોડીઘણી રહેવાની સગવડ કરી આપી શકે એમ છે. એને પ્રવાસીઓ માટે થોડા ઓરડા રાખ્યા છે. વધારે માહિતી મારી પાસેથી મળી શકેશે. (તરલિકા આચાર્ય C/0. આર.એચ. આચાર્ય, પ્લૉટ નં. ૧૩/૧૪, વૃન્દાવન સોસાયટી સામે, ધરમપુર રોડ, અબામા, વલસાડ-૩૯૬૦૦૧)

સ્વિટ્ઝર્લૅન્ડ અને હાંસલીબર્ગ વિશે માહિતી

સ્વિટ્ઝર્લૅન્ડ :- ૧૨૯૧માં શોધાયો. પ્રજાસત્તાક રાજ્ય.

કદ :- ૪૧.૨૮૮ કિ.મી. પર્વત હોવાથી ખેત ઉત્પાદન કાંઈ નથી.

આપણે જેમ રાજ્ય કહીએ છીએ એમ ત્યાં કેન્ટોન્સ કહે છે. આવા ૨૬ કૅન્ટોન્સ છે.

વસ્તી :- ૭ મિલ્યન.

બોલાતી ભાષા : જર્મન ૬૯.૩%; ફ્રૅંચ ૧૮.૫%; ઈટાલીયન ૯.૫%; રોમન્સ ૦.૯%; રાજધાની :- બર્ન Bern; કેન્ટોન બર્ન બીજો મોટો પ્રદેશ છે. ૬૮૮૭ કિ.મી.



ગ્રીનહાઉસમાં ઓર્કિડ્ઝ

સ્વિટ્ઝર્લૅન્ડમાં ઊંચામાં ઊંચો પર્વત Monte Rosa, મોન્ટેરોસા ૪૬૩૪ મીટર ઊંચો.

અર્થતંત્ર : ઉદ્યોગો : ઘડિયાળ, યંત્રો, રસાયણો, ચીઝ અને ચૉકલેટ.

૧૯૧૯માં આંતરરાષ્ટ્રિય રેડક્રોસ સંસ્થાની સ્થાપના જીનિવામાં થઈ.

હાંસલીબર્ગ

ઊંચાઈ : ૧૦૫૦ થી ૧૨૦૦ મીટર.

સ્વિટ્ઝર્લૅન્ડની મધ્યમાં આવેલું છે.

હાંસલીબર્ગનાં બધાં ગામોની મળીને વસતી ૧૩૦૦ છે.

મુખ્ય ધંધો : ટૂરિઝમ, વેપાર, થોડી ખેતી, ઢોર, ગાયો, થેટાં થોડાં ડુક્કર અને મરઘા બતકાં.

શિયાળાની રમતો માટે પ્રખ્યાત. હાઈકિંગ, પર્વતારોહણ અને ઉનાળામાં ડુંગરના ઢોળાવ પર સૂર્યના તડકામાં ગ્લેશિયર પર સરકવા માટેના ઘાટ પણ સુંદર છે. પ્રવાસીઓ ડુંગરમાં કે તળેટીમાં કે આસપાસ રખડવાનો આનંદ માણે છે. પર્વતારોહણ માટે પણ અહીં સુંદર રસ્તો છે. એને 'તાસી' 'Tassi' કહે છે.

આલ્પાઈન ઉત્સવ :- Chasteilet = cheese divide

ઉનાળાના આ છેલ્લા દિવસો હોવાથી ખેડૂતો પોતાની ગાયોને શિયાળાની ઠંડીના રક્ષણ માટે આલ્પાઈન ખેતરોમાંથી એના તબેલામાં લઈ જાય છે. આ ઉત્સવમાં દરેક ખેડૂતે જેટલું દૂધ વેચ્યું હોય એ પ્રમાણે એમને ચીઝ આપવામાં આવે છે. બીજી પણ ઘણી

(અનુસંધાન પૃ.૧૩૭)

એલ નિનો

પ્રા. સુરેશ ર. શાહ

દક્ષિણ અમેરિકાના પેરૂ અને ઇક્વેડોરના કિનારા નજીકના મહાસાગરમાં ઓચિંતા ગરમ પાણીનો સાંકડો જળપ્રવાહ દેખા દે છે. તેને એલ નિનો (EL Nino) કહેવામાં આવે છે. પ્રશાંત મહાસાગરના વિષુવવૃત્તીય વિસ્તારોમાં આને લીધે હવામાનમાં વિક્ષેપો ઉત્પન્ન થાય છે. આ બધાના પરિણામ સ્વરૂપે આસપાસના મોટા વિસ્તારોમાં હવામાનમાં મોટા ફેરફારો થાય છે. નવેમ્બર-ડિસેમ્બરમાં દેખા દેતો ગરમ પાણીનું આ વહેણ એપ્રિલ સુધી જોવા મળે છે.

સ્પેનિશ ભાષામાં આનો અર્થ બાળક થાય છે. આ પ્રવાહનો ઉદ્‌ભવ થવાનો સમય નાતાલ સાથે સંકળાયેલો હોવાથી પણ તેનું નામ બાળક ઇસુ સાથે જોડવામાં આવ્યું છે. આવો ગરમ જળપ્રવાહ સામાન્ય રીતે ચારપાંચ માસ સુધી ચાલુ રહે છે.

એલ નિનો ઇતિહાસ

ઈ.સ. ૧૭૨૬માં સૌપ્રથમવાર આ ગરમ પાણીના જળપ્રવાહની નોંધ લેવાઈ હતી. એમ જણાય છે કે પ્રતિ પાંચ વર્ષે આવો જળપ્રવાહ પુનઃ દેખા દે છે. જો કે કોઈક વાર ત્રણ વર્ષે તો વળી કોઈકવાર સાત વર્ષે પણ તે દેખાયો હોવાનું જાણવા મળે છે. ૧૫૩૨નાં એલ નિનો અંગેની નોંધ પણ જોવા મળે છે. એલ નિનો સામાન્ય રીતે કોઈ એક વર્ષના નવેમ્બર કે ડિસેમ્બરમાં ઉત્પન્ન થાય છે. છસાત મહિના ચાલે છે અને બીજા વર્ષના એપ્રિલ, મે કે જૂનમાં પૂરો થાય છે. આથી એલ નિનોને બે વર્ષ વડે દર્શાવાય છે જેમ કે ૧૯૮૨-૮૩નો પ્રચંડ એલ નિનો. એવી જ રીતે ૧૯૮૬-૮૭માં મધ્યમ પ્રબળ એલ નિનો ઉત્પન્ન થયો હતો.

એલ નિનોના ઉષ્ણ જળપ્રવાહનો સંબંધ દક્ષિણ પ્રશાંત મહાસાગરના વિષુવવૃત્તીય વિસ્તારના પવનોનાં સ્થાનાંતરણ સાથે જણાય છે. પવનોની દિશામાં થતાં ફેરફારોને લીધે સમુદ્રપ્રવાહોમાં અને તાપમાનમાં ફેરફાર થાય છે. આના પરિણામે સમુદ્રના પ્રવાહો અને હવાનાં હલનચલનમાં ભંગાણ સર્જાય છે.

હકીકતમાં ઈક્વેડોર અને પેરૂના માછીમારોએ આ શબ્દ પહેલવહેલો પ્રચલિત કર્યો હતો. તે વિસ્તારમાં અને ખાસ કરીને નાતાલના સમયગાળા દરમિયાન આવો ઉષ્ણ પાણીનો જળપ્રવાહ જોવા મળતો હતો. ગરમ પાણીનો આવો પ્રવાહ શરૂ થતાં જ મત્સ્યઉત્પાદન એકદમ ઘટી જતું. આથી તેઓ આ ગાળા દરમિયાન માછીમારીની ખેપે જવાનું માંડી વાળતા. આ સમય દરમિયાંન તેમની બોટોની મરામત, રંગરોગાન જેવાં કાર્યો ઉપાડી લેતાં. તેમના કુટુમ્બ સાથે સમય ગાળવા આ ચારેક મહિના વેકેશન જેવા બની રહેતા.

પાછલાં ચાલીસેક વર્ષો દરમિયાન નાનામોટા નવ એલ નિનોએ દક્ષિણ અમેરિકાના કિનારાના વિસ્તારો ઉપર અસરો કરી છે. તે દરમિયાન કેવળ કિનારા વિસ્તારોનું જ તાપમાન વધ્યું હતું એટલું જ નહિ, પણ ત્યાંથી નજીક વિષુવવૃત્ત રેખા ઉપર આવેલા ગાલોપાગોસ ટાપુઓના તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો હતો. આ ઉપરાંત વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરના વિસ્તારોમાં ૫૦૦૦ માઈલના એટલે કે ૮૦૦૦ કિલોમીટર સુધીના વિસ્તારોમાં પણ તેની અસર વર્તાય છે. જો એલ નિનો ઓછો પ્રબળ હોય તો ત્યાંની સપાટીનું તાપમાન એકાદ અંશ જેટલું વધતું. માછીમારો થોડાક હેરાન-પરેશાન થતા અને મત્સ્ય-ઉત્પાદન ઓછું મળતું; પણ જ્યારે એલ નિનો પ્રબળ હોય ત્યારે ત્યાંના સમુદ્રની સપાટીનું તાપમાન ચાર-પાંચ અંશ જેટલું વધતું હતું. ૧૯૮૨-૮૩ના પ્રબળ એલ નિનોએ સ્થાનિક હવામાન ઉપર તેમજ સમુદ્રીય જીવસૃષ્ટિ ઉપર પણ ઘેરી અસર કરી હતી અને તે લાંબો સમય સુધી વર્તાઈ હતી એટલું જ નહિ પણ વૈશ્વિક હવામાન ઉપર તેમજ ભારતીય ચોમાસા ઉપર તેની અસર વર્તાઈ હતી. આમ તેની ઘેરી અસર પડી હતી.

પ્રબળ એલ નિનો

ઈ.સ. ૧૯૮૨-૮૩માં ઉદ્‌ભવેલો એલ નિનો આ સદીનો સૌથી પ્રબળ હતો. તેને લીધે ઓસ્ટ્રેલિયા અને ઈન્ડોનેશિયા સુધીનાં અનેક સ્થળોએ દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઈ હતી. આ પ્રવાહોએ કેલિફોર્નિયાના વિસ્તારોમાં ઝંઝાવાતો સર્જ્યા હતા. પેરૂ અને ઇક્વેડોરમાં પ્રચંડ વર્ષા થઈ હતી અને પૂર આવ્યાં હતાં. ભારતીય ચોમાસા ઉપર પણ ઘેરી અસર આ એલ નિનોએ કરી હતી.

આ પ્રબળ એલ નિનોએ હવામાનમાં મોટા અને વિસ્તૃત ફેરફારો કર્યા હતા. હકીકતમાં વીસમી સદીના હવામાનના સૌથી મોટા ફેરફારો તરીકે એની નોંધ લેવાઈ હતી. ઓસ્ટ્રેલિયામાં આ દરમિયાન પડેલા દુષ્કાળને વિસ્તારનો સૌથી મોટો અને ભયાનક દુષ્કાળ ગણવામાં આવ્યો હતો. બાકી હતું તે સૂકા ભટ વિસ્તારોમાં વિશાળ અગ્નિતાંડવે પણ પ્રચંડ તારાજી સર્જી હતી.



↑ એલ નિનોને પરિણામે પૂર્વીય પવનોની સમુદ્ર પર થતી અસરો



↑ એલ નિનોની વૈશ્વિક અસરો

ભારતીય મહાસાગર આધારીત ચોમાસું નિષ્ફળ નીવડ્યું હતું. આમ હવામાનમાં વૈશ્વિક ફેરફારો થયા હતા.

ચાલો સમજીએ

અમેરિકા ખંડ ભૌગોલિક રીતે બે ભાગમાં વહેંચાયેલો છે : ઉત્તર અમેરિકા જેમાં ઉત્તરે કેનેડા, મધ્યભાગમાં અમેરિકાનું સંયુક્ત રાજય (USA)અને નીચેના ભાગમાં મેક્સિકો રાજય આવેલું છે. દક્ષિણ અમેરિકામાં અને તેમાંયે ખાસ કરીને પશ્ચિમ કાંઠે પ્રશાંત મહાસાગરના વિસ્તારોમાં ઉપરના ભાગમાં કોલંબિયા પછી ઈક્વેડોર અને પેરૂ તથા છેક દક્ષિણના કિનારાના વિસ્તારમાં ચિલી આવેલા છે. સમુદ્રવિસ્તારથી થોડે દૂર બરાબર વિષુવરેખા ઉપર ગલાપાગોસ ટાપુઓ આવેલા છે.

પૃથ્વી ઉપરના વિવિધ પ્રદેશોમાં ઋતુઓમાં જે પ્રમાણે ફેરફારો થાય છે તે પ્રમાણે ત્યાંનાં લોકોની જીવનપ્રણાલી ગોઠવાય છે. પૃથ્વી ઉપરના મોટા ભાગના વિસ્તારોમાં ઠંડી અને ગરમી કે શિયાળો અને ઉનાળો એમ લોલકના બે છેડા ઉપરના સમયગાળાની માફક ઋતુઓ બદલાય છે. વચ્ચે વર્ષા ઋતુ પણ આવે છે. આ વિસ્તારમાં વાતા પવનો પણ ઋતુઓ પ્રમાણે બદલાય છે અને જીવનસૃષ્ટિ પણ તે રીતે અનુકૂલન કરવાનું શીખે છે. હકીકતમાં પવનો બદલાય છે અને તે રીતે ઋતુઓ બદલાય છે.

પેઢી દર પેઢી તથા વર્ષોના અનુભવોને અંતે રહેણીકરણી પણ તે રીતે ગોઠવાઈ ગઈ હોય છે. સમય થાય એટલે ખેડૂતો ખેતર ખેડે છે. પાક ઊગે છે એટલે તેને સમય થાયે લણી લે છે અને તેની સુયોગ્ય વ્યવસ્થા કરે છે. સદીઓથી આપણે આવી બાબતોથી ટેવાઈ ગયા છીએ. આ બધી જ બાબતો કોઈ ચોક્કસ લયબદ્ધ પ્રણાલીને અનુસરે છે.

એવી જ રીતે ઋતુઓ પણ ચોક્કસ પ્રણાલી પાળે છે. પણ તેવું હંમેશાં બનતું નથી. કેટલીક વાર વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં વૈશ્વિક આબોહવાનું પ્રસરણ થાય છે. અને તે આગળ વધે છે તથા હવામાનની સામાન્ય પ્રણાલીમાં મોટા ફેરફારો કરે છે. આના પરિણામ સ્વરૂપે કેટલીક પ્રજાતિઓ, પશુપંખીની સૃષ્ટિ અને લાખો લોકોના જીવનમાં મોટા ફેરફારો થાય છે.

સમુદ્રશાસ્ત્રની એક ભૌતિક ઘટના તરીકે અને તેમાં પણ પ્રશાંત મહાસાગરમાં દક્ષિણ અમેરિકાના કિનારાના વિસ્તારોમાં થોડી વિશિષ્ટ ઘટના તરીકે આનો વિસ્તૃત સંશોધન અભ્યાસ કરવામાં આવ્યો. સંશોધન અભ્યાસે સ્પષ્ટ કર્યું કે હકીકતમાં એલ નિનો એ દક્ષિણના દોલનો (Southern Oscillation) તરીકે ઓળખાતી હવામાન અંગેની ઘટના સાથે સંકળાયેલી બાબત છે. હવે એ પણ સ્પષ્ટ થયું છે કે પેરૂ નજીક બનતી આ ઘટના એ હકીકતમાં તો મોટા વિસ્તારોના હવામાન ઉપર અસર કરતી બાબતો પર દષ્ટિપાત કરવાની એક બારી સમાન છે.

આથી ઘણા વિજ્ઞાનીઓ આને એનસો એપીસોડ (ENSO-ELNino Southern Oscillation) નામે ઓળખાવાનું પસંદ કરે છે. મોટા ભાગના વિજ્ઞાનીઓ એ બાબતે સહમત થયા હતા કે એલ નિનો ઉત્પન્ન થતાં વિષુવવૃત્તીય પ્રશાંત વિસ્તારોથી દૂરદૂરના વિસ્તારો ઉપર પણ આની અસરો પડે છે. (આવતા અંકે પૂરું)

અનુ.] ચંદરોજ સ્વિટ્ઝર્લૅન્ડમાં [પૃ.૧૩૫થી

વસ્તુઓ વેચાતી હોય છે. દા.ત. ઢીલું ચીઝ જેને ચેલી કહે છે, એ બ્રેડની સ્લાઈસ સાથે વેચાતું મળે છે. આપણા મેળા જેવું વાતાવરણ હોય છે. લોકોનાં ટોળેટોળાં આ ઉત્સવમાં આવે છે, નૃત્ય કરે છે. રંગ રંગીન કપડાં પહેર્યાં હોય છે. ખૂબ આનંદ કરે છે.

હાસલીતાલ પાસે એક જગ્યા છે જે 'શેરલોક હોમ્સ' તરીકે ઓળખાય છે. એની એવી વાત છે કે શેરલોક હોમ્સે ત્યાં લખ્યું : **'A dead man who never lived'** 'ક્યારે પણ ન જન્મેલો એક મૃત્યુ પામેલો માણસ'

કહેવાય છે કે, ૧૮૯૧ના મેની ૪થી તારીખ હતી, હાસલીતાલમાં ત્રણ ઘટના એકસાથે ઘટી ગઈ. એક, આકાશે પહોંચતી તેમજ દુનિયામાં ચોપાસ સંભળાય એવી એક તીણી, ચીસ ઊઠી. અને શેરલોક હોમ્સ મૃત્યુ પામ્યો એમ જાહેર કરવામાં આવ્યું. પ્રો. મોરિયાર્ટી સાથે વિવાદની લડાઈમાં મેરિનગન (Meiringen) પાસે રીચનબાક (Reichenbach) વૉટરફૉલ પાસે પડ્યો અને મૃત્યુ પામ્યો. બીજું ડૉ. વૉટ્સને આ વિવાદ વિશે સાંભળ્યું હતું. એટલે એ ત્યાં પહોંચી ગયા. ત્યાં એમણે શેરલોક હોમ્સને લાકડીના ટેકા સાથે ઊભેલો જોયો. અને ત્રીજી વાત એવી બની કે કોનાન ડોયલના દુનિયાના બધા વાચકોએ શેરલોક હોમ્સના મૃત્યુ વિશે જાણ્યું.

આજે જગતના સાહિત્યમાં વિલિયમ ટેલની વાર્તા લખનાર Schiller (શીલર) માટે Urschweiz (ઉર્શવિઝ)છે એમ શેરલોક હોમ્સ મેરિનગન માટે છે. હાસલીતાલનાં લોકોને શેરલોક મરી ગયો કે જીવ્યો એની સાથે કોઈ લેવાદેવા નથી. મુખ્ય વાત એ પડી ગયો એ જ છે. આ મુખ્ય વાત ઉપરથી આખી વાર્તા બનાવવામાં આવી. મેરિનગનનું ઈંગ્લિશ ચર્ચ સ્વિટ્ઝર્લૅન્ડમાં અગત્યનું ધાર્મિક મકાન હતું. એનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો ત્યારે શેરલોક હોમ્સનું મ્યૂઝીઅમ એની સાથે જોડી દેવામાં આવ્યું. આ મ્યૂઝીઅમ હાસલીતાલમાં મોટામાં મોટું સાંસ્કૃતિક સ્થળ છે. ખાસ જોવા જેવું છે. આ મ્યૂઝીઅમ 'એક માણસ કે જે ક્યારેય જીવતો નહોતો' એને શ્રદ્ધાંજલિ આપે છે!! □

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં -૮ (ચાલુ)

પ્રા. પ્રવીણ ન. શેઠ

ધર્મો : સાંસ્કૃતિક ભૂમિકા અને બહુત્વવાદનું રસાયણ

જૈનો

ભારતની જેમ અમેરિકામાં પણ જૈનોની ઘણી નાની લઘુમતી છે ને તેઓ હિન્દુઓ સાથે ગાઢ રીતે સંકળાયેલ છે. શરૂઆતમાં ઇન્ડિયા કલ્ચરલ સેન્ટર જેવાં સ્થળોએ જૈનો



હિન્દુઓ ભેળા સાથે મળતા કરતા તેમજ ઘેર જૈન વિધિઓ, તપ-ઉપાસના અને તહેવારો ઉજવતા. તેમણે બહુદેવલક્ષી હિન્દુ મંદિરો બંધાયાં તેમાં ભાગ લીધો, તથા તેમાં જ નાનાં જૈન સ્થાનકો પણ સ્થાપ્યાં. જેમ કે, પેન્સિલવેનીઆના મન્ટોવિલેના હિન્દુ મંદિરમાં. કાળક્રમે જૈનો કેટલાંક મોટાં શહેરોમાં સારી સંખ્યામાં સ્થિર થયા અને સારાં એવાં સાધનભંડોળ ભેગાં કરી શક્યા એટલે તેમણે શિકાગોના બાર્ટલેટ પરાની જેમ સ્વતંત્ર જૈન મંદિર બાંધવા માંડ્યા છે. સિલીકોન વેલિમાં મિલપિતાસ નગરમાં સારી એવી જમીન પર તેમણે આકર્ષક દેરાસર સહિત જૈન સાહિત્ય-સંસ્કૃતિના અભ્યાસ માટેનું સંકુલ ઊભું કરવા માટે ૧૯૯૮ના ઉનાળામાં એમના શ્રદ્ધેય ધર્મગુરુની નિશ્રામાં શિલાન્યાસની વિધિ કરાવી દીધી છે. અને તેઓ અમેરિકામાં તેમના સંબંધો જાણે ફરીથી ગોઠવી રહ્યા છે!

અનેક સ્થળોએ જૈન ધર્મ પ્રણાલી, ક્રિયાવિધિ, તીર્થંકરોના ઉપદેશો વગેરે વિષયક ચર્ચા કરવા, વિચારોના આદાનપ્રદાન, તપસ્યા-ચિંતન કરવા માટે નાનાં મોટાં કેન્દ્રો ચાલતાં જોવા મળે છે. ભારતથી વિદ્વાન સાહિત્યકારો અને ધર્મજ્ઞોને અહીં જૈન ધર્મસંસ્કૃતિ વિશે પ્રવચનો આપવા માટે નિમંત્રવામાં આવે છે. ગુજરાત, મુંબઈ અને રાજસ્થાનથી આવા વિદ્વાનો આવતાં વધુ જોવા મળે છે. જૈનોના પ્રણાલીગત નિયમાનુસાર સાધુસાધ્વીઓ વિદેશ સુધી પ્રવાસ કરી શકતાં નથી. તેથી પ્રમાણમાં ઓછા જૈન વિશેષજ્ઞો અમેરિકામાં ધાર્મિક સંસ્થાનોની સ્થાપના માટે આવ્યા છે તો પણ શરૂઆતમાં, ૧૯૭૧માં પ્રથમ ચિત્રભાનુ મુનિ હાર્વર્ડમાં પ્રવચનો આપવાના નિમંત્રણના પ્રતિભાવ રૂપે આવ્યા. તેમના નિર્ણયે અમેરિકાના અને ભારતના જૈન સમાજમાં ઉગ્ર ઊહાપોહ જગાવ્યો હતો. બીજા પ્રભાવશાળી મુનિ સુશીલકુમાર હતા. તેમણે પેન્સિલવેનીઆમાં સિદ્ધાચલમ સહિત મહત્ત્વનાં શિક્ષણ કેન્દ્રોની સ્થાપના કરી. અમેરિકામાં રાષ્ટ્રિય સંમેલનો યોજવા તથા ધ્યાનચિંતન માટે સિદ્ધાચલમ મહત્ત્વનું વિશ્રામકેન્દ્ર બની ગયું છે. તેમણે બે રાષ્ટ્રવ્યાપી સંસ્થાઓ ઊભી કરી છે. એક, જૈન સ્ટડી સર્કલ જે જૈન સિદ્ધાંતો અને આચાર પરના લેખો સાથે એક સામયિક પ્રકટ કરે છે. બીજું, જૈન એસોશિએશન ઑવ્ નોર્થ અમેરિકા જે દ્વિવાર્ષિક સંમેલન (અમેરિકા અને કેનેડાના જૈનોનું) યોજે છે. તેમજ તેની સાથે જોડાયેલાં સંગઠનો માટે પ્રવૃત્તિઓ યોજે છે. જૈન સ્ટડી સર્કલે અહિંસા અને શાકાહારવાદની વિચારસરણી માટે સરસ કાર્ય કરીને પશ્ચિમની સભ્યતાના વૈચારિક મધ્યપ્રવાહ સામે પ્રતિવિચાર પ્રસારવા માટે ઠીક ઠીક ધ્યાન ખેંચ્યું છે.

ચિત્રભાનુની ભૂમિકા નોંધપાત્ર રહી છે. એમણે પ્રા. રામલાલભાઈ પરીખ (ગૂજરાત વિદ્યાપીઠ)ને જણાવ્યું છે તેમ અમેરિકામાં મુખ્યત્વે ખ્રિસ્તીધર્મી નાગરિકોમાંથી ૮૦,૦૦૦ઓને જૈન ધર્મનો અંગીકાર કરવા માટે પ્રેર્યા છે, આ નવા જૈનોમાં ઠીક પ્રમાણમાં તો કેથોલિક (પ્રમાણમાં રૂઢિચુસ્ત) ખ્રિસ્તીઓ છે. તેઓ કહે છે 'વી આર પ્રાઉડ ટુ બી જૈન્સ',

અમેરિકામાં ભારતીયોના પ્રથમ નાના વહેળામાં શીખો પહેલા જાતિબિન્દુઓ જેવા હતા. કેનેડાના બ્રિટિશ કોલંબિયામાં પૂર્વનાં લોકો વિરુદ્ધ ૧૯૦૭માં ગોરાઓએ હુલ્લડો કર્યાં તેથી બચવા માટે તેઓ કેલિફાર્નિઆ આવ્યા. અહીં પણ બ્રિટિશ સંસ્થાનવાદી સત્તાના દબાણને કારણે અમેરિકાની સરકારે શીખોને પંજાબથી પોતાની પત્ની લાવવા સામે કડક ઈમિગ્રેસન્ કાયદાઓ બનાવીને તેમને અળગા પાડી નાખવાની નીતિ અપનાવી હતી. પણ જમીનને કેળવીને પરિશ્રમ દ્વારા સંપન્ન બનીને આ કિસાનપ્રેમીએ પંજાબી ધર્મવ્યવહારો પણ ત્યાં જાળવ્યા. ૧૯૬૫ પછી નવા ઉદાર ઈમિગ્રેશન કાયદાનુસાર યુવાન શીખ વ્યવસાયીઓ તેમના કુટુંબ સાથે આવ્યા. તે પછી તરત તેમણે પોતાનાં શીખ સંગઠનો અને ગુરુદ્વારાઓ અમેરિકાના જુદા જુદા પ્રદેશોમાં સ્થાપ્યાં. શીખ ધર્મના તેમજ પંજાબી ભાષા અને સંસ્કૃતિના પ્રસારકેન્દ્રો તરીકે તે કામ કરે છે. મુખ્યત્વે કેલીફોર્નિઆ તેમનું સંસ્કૃતિકેન્દ્ર છે. અમેરિકાના કુલ લગભગ ૮૦ ગુરુદ્વારાઓમાંથી ૩૦ ગુરુદ્વારા એટલે કે ૩૭ ટકા તો એકલા કેલીફોર્નિઆમાં છે. ૧૯૯૮ના ગ્રીષ્મ ઋતુમાં કેલીફોર્નિઆમાં પચીસેક હજાર શીખોએ એર્ન ધર્મસંમેલનમાં હાજરી આપી હતી.

૧૯૮૪માં ઈન્દિરા ગાંધીએ શીખ લોકોના વેટિકન સમા અમૃતસરના સુવર્ણમંદિર સામે ઑપરેશન બ્લ્યુસ્ટારનું પગલું લીધું, તે પછી ખાલિસ્તાનવાદીઓના પ્રચાર બાદ અમેરિકા-કેનેડામાં પ્રોફેસરો સહિત ઘણા શીખો ભારતવિરોધી બની ગયા હતા. આ લખનારે યુનિવર્સિટી ઑવ્ કેલીફોર્નિઆ-બર્કલેમાં ૧૯૯૪માં એક આંતરરાષ્ટ્રિય સેમિનારમાં ભારતના

જાતિકેન્દ્રી હિંસાના મુદ્દે પંજાબના પ્રશ્ન પર વિચારો રજૂ કર્યા, ત્યારે કેટલાક શીખ પ્રોફેસરો ઉગ્રતાથી, તો બીજા કેટલાકે મને શીખ મંતવ્ય તરફ વાળવાના જે એકસૂરે પ્રયાસ કર્યા તે ભારતવિરોધી પ્રચાર બૌદ્ધિકોમાં પણ કેટલો બધો ઊંડો ગયો હતો તેનો પ્રત્યક્ષ અનુભવ થયો હતો. ૧૯૮૪ પછીના દશકાપર્યન્ત ગુરુદ્વારાઓ ને બીજી શીખ સંસ્થાઓની સ્થાપનાને બદલે 'ખાલિસ્તાની આઝાદી'ની ચળવળને ટેકો આપવા અમેરિકન-કેનેડિઅન શીખોએ ફંડફાળા ઉઘરાવ્યા હતા.

જો કે આ દશકામાં પંજાબમાં રાજકીય ઉલ્કાપાત શમી જતાં અમેરિકન શીખો પણ મસાધાનવૃત્તિ ધરાવતા થયા છે. ખાલિસ્તાનની તીવ્રતા ઘટી જતા તેઓ પાછા નરમ(મોડરેટ) બની ગયા છે. તેઓ હવે અમેરિકામાં હિન્દુ ધર્મથી વેગળા રહેવાની અને શત્રુતાની માનસિકતા ધરાવતા નથી. વળી, દક્ષિણ એશિયાના બીજા ધર્મોની સાથે એખલાસભર્યું સમીકરણ સાધવા માંડ્યા છે. ને સાથે સાથે અમેરિકામાં બીજા ભારતીય ધાર્મિક સમૂહોની જેમ પોતાની વિશિષ્ટ ઓળખ પણ ટકાવી રાખે છે. પંજાબમાં શીખ ગુરુ પ્રબંધક કમિટીમાં જેમ જૂથવાદી ઘર્ષણો નિયમિત રૂપે જોવા મળે છે તેમ અહીં પણ શીખ સંગઠનોના હોદ્દેદારોની ચૂંટણીઓ ઘણી વાર સંઘર્ષ અને વિભાજન સુધ્ધાના પ્રસંગો બનતી હોય છે.

મુસ્લિમો

મુસ્લિમો ભારતમાં નોંધપાત્ર લઘુમતીનું સ્થાન ધરાવે છે. વિશ્વમાં લગભગ ૬૦ જેટલા મુસ્લિમ બહુમતી ધરાવતા દેશોમાંથી અમેરિકામાં વસવા આવતા મુસ્લિમોના પ્રવાહમાં ભારતમાંથી આવતા મુસ્લિમો, એક રીતે તો ભળતા હોય છે. કારણ ઇસ્લામ ધર્મ એ બધાં રાષ્ટ્રોના અને જાતિઓના મુસ્લિમધર્મીઓમાં બિરાદરી કે ભાઈચારો (બ્રધરહૂડ) ઊભો કરવાનો દાવો કરે છે. હજયાત્રાના તહેવાર દરમિયાન મક્કામાં બધા જ રાષ્ટ્રિય અને જાતિક (એથ્નિક) મુસ્લિમોમાં આવી બિરાદરી જોવા મળે છે. તે સિવાય, મક્કા બહાર, જો આવી બિરાદરી વિશ્વમાં બીજે ક્યાંય જોવા મળતી હોય તો તે માત્ર અમેરિકાના મહાનગર વિસ્તારમાં આવેલી મસ્જિદમાં જોવા મળે છે, એમ પ્રોફેસર વિલિયમ્સ નોંધે છે.

બીજુ બાજુ અમેરિકામાં ભારતીય મુસ્લિમો 'એ લઘુમતીમાં પાછી લઘુમતી જેવા', એટલે કે ખૂબ નાની સંખ્યામાં જોવા મળે છે. જ્યાં જે તે દેશના કે વિવિધ જાતિના (કિરગિમ, તુર્ક, આરબ, સુદાનીઝ, ભારતીય, પાકિસ્તાની, ઈન્ડોનેશિયન વગેરે) મુસ્લિમો ખૂબ નાની સંખ્યામાં હોય ત્યાં હ્યુસ્ટન જેવા શહેરમાં રાષ્ટ્રિય-જાતિક ધોરણના ભેદ ભૂલી જઈને મસ્જિદ આ બધા સમૂહો માટે ખુલ્લી અને નમાજસુલભ રહી છે. તો શિકાગો જેવા મોટા અને બહુવિધ મુસ્લિમ સમાજ ધરાવતા મહાનગરમાં વિવિધ રાષ્ટ્રના કે જાતિના મુસ્લિમો માટે અલગ મસ્જિદો જોવા મળે છે. જેમ કે, એશિયન, આરબ, આફ્રિકન, યૂરોપીઅન, વગેરે. આમ, મસ્જિદોનાં કાર્યવાહક મંડળના સભ્યોના મૂળવતન પરથી આ પરખાઈ આવે છે. વળી ઈમામોની તાલીમ, તાલીમ અને વ્યવહારની ભાષા, પહેરવેશ અને ખોરાક જે તે મસ્જિદોમાં થતા કાર્યક્રમો વખતે આવી નોખી જાતને સ્પષ્ટ કરતા હોય છે. ભારતીય અને પાકિસ્તાની મુસ્લિમોની મસ્જિદો તેમાં મહત્ત્વની છે, અહીં વધતા જતા ઈસ્લામના પ્રસાર માટે લગભગ ૧૨૫૦ મસ્જિદો અને ઈસ્લામિક ધર્મ-સંસ્કૃતિ કેન્દ્રો ચાલે છે.

ભારતના મુસ્લિમોએ અમેરિકામાં તેમનાં સંગઠનો દ્વારા ભારતના મુસ્લિમોને સ્પર્શતા પ્રશ્નો (કોમી હુલ્લડો, ભાજપ વિરોધી પક્ષોને ટેકો, સમાન નાગરિક ધારો, વગેરે)ની બાબતે રાજકીય રસ લીધો છે. ભાજપ સામે અને હિન્દુત્વના મુદ્દા વિરુદ્ધ સક્રિય રીતે કામ કરતાં રામવિલાસ પાસવાન, લાલુપ્રસાદ યાદવ અને સૈયદ શાહબુદ્દીન, આવૈસી, બનાતવાલા વગેરે જેવા નેતાઓ અમેરિકાની મુલાકાતે આવે ત્યારે તેમને તત્ત્વતઃ હિન્દુવિરોધી ફોરમ પૂરું પાડ્યું છે. આવી મીટિંગો વિશેના હેવાલો અમેરિકાનાં 'ઇન્ડિયા અબ્રોડ', 'ઈન્ડિયા વેસ્ટ' જેવાં અઠવાડિકોમાં આવ્યા પણ છે. આવા મુસ્લિમો પોતાની ભારતલક્ષી ઓળખ સાથે બહુસાંસ્કૃતિક, બહુ-જાતિક તેમજ બહુપેઢીગત ઈસ્લામ સાથે આદાનપ્રદાન કરતા રહે છે. ને તેમાંથી 'અમેરિકન ઈસ્લામ' કેવો આકાર લે છે, તે જોવું રસપ્રદ બની રહેશે.

ખ્રિસ્તીઓ

ભારતમાં ખ્રિસ્તીઓ લગભગ બે ટકા જેવી લઘુમતીમાં છે, પણ અમેરિકામાં આવીને તેઓ બૃહદ્ ખ્રિસ્તીસમાજ જેવી બહુમતીના ભાગરૂપ બની ગયા છે. ભારતમાં જે ખ્રિસ્તી ફિરકાઓ કે અલગ અલગ 'ચર્ચ' છે, તે બધા અમેરિકન ખ્રિસ્તી પ્રવાહમાં વહેવા માંડ્યા છે. આ પ્રજાની બાબતમાં વિશિષ્ટ એ બાબત છે કે તેઓ પોતાના કુટુંબની ખ્રિસ્તી મહિલાના સંબંધનાતે અમેરિકા આવ્યા છે. કારણ ખ્રિસ્તી કુટુંબો અને સંસ્થાઓએ ભારતમાં પોષાય તે કરતાં વધુ નર્સો તૈયાર કરી છે. અમેરિકામાં ઇમિગ્રેશન નિયમો પ્રમાણે નર્સોની ખૂબ જરૂર હોવાથી તેમને તરત વિસા-ગ્રીનકાર્ડ મળ્યાં છે. તેથી ખ્રિસ્તી નર્સો ખ્રિસ્તી પ્રવાહની ચેનલ બની ગઈ છે. ૧૯૭૦ અને તેના દસકામાં તો અમેરિકન ડાઉનટાઉન કે કેન્દ્રરૂપ નગરવિસ્તારની હોસ્પિટલમાં નર્સોની સારા વેતન સાથે માગ હતી. બીજી વિશેષતા એ છે કે ખ્રિસ્તીઓ તેમની સાથે પાદરીઓ કે એવા ધર્મકર્મીઓ પણ લાવ્યા. તેમાંના ઘણા આવી નર્સોના પતિ કે સંતાનો હતા.

ખ્રિસ્તીઓ અહીં અંગ્રેજીમાં તેમજ મલયાલમ, તમિળ, ગુજરાતી, હિન્દી, તેલુગુ એવી પ્રાદેશિક ભાષાઓમાં પણ ઈસુના ભક્તિભજનો ગાય છે. ૧૯૮૦ અને ૧૯૯૦ના દસકા-

ઓમાં ભારતના દેવળો સાથે જોડાયેલા હોય, તેવા રાષ્ટ્રિય ફેલોશિપ જૂથો; સાયનોડ, ડાયોશેસીસ પણ સ્થપાયાં છે. જેમ કે સિરીઅન ઑર્થોડૉક્સ ચર્ચ, સિટી-મલબાર કૅથોલિક્સ, ચર્ચ ઑવ્ સાઉથ ઈન્ડિયા વગેરે.

ગ્રીષ્મ ઋતુના શનિ-રવિએ ખૂબ મોટી સંખ્યામાં ધાર્મિક કુટુંબ-પરિષદો યોજાતી રહે છે, જેમાં હજારો ભારતીય ખ્રિસ્તીઓની હાજરી વર્તાય છે. વ્યક્તિગત અને સમૂહરૂપમાં ખ્રિસ્તીઓ અમેરિકન ખ્રિસ્તી ધર્મસમાજમાં અનેક મિશ્રિત ભાવો અને અનુભવોથી પોતાનું સ્થાન શોધી રહ્યા છે. અમેરિકાની ખ્રિસ્તી બહુલતામાં તેઓ નવા તત્ત્વોનું ઉમેરણ કરે છે.

પારસીઓ

પારસીઓ ભારતમાં પણ ચિંતા કરાવે એવી પાંખી બનતી સંખ્યામાં (પોણા લાખથી પણ ઓછી) - સૌથી નાની લઘુમતીમાં



વર્તાય છે. આ દેશના અર્થકારણ, વિજ્ઞાન, ટેક્નોલૉજિ દ્વારા વિકાસમાં તેમનો ફાળો નોંધપાત્ર છે. ભારત અને ઈરાનથી આવેલ લગભગ ૬૫૦૦ના બે જરથોસ્તી પ્રવાહો અમેરિકન શહેરોમાં ભેગા થઈ ગયા છે. અમેરિકાના ૧૭ અને કેનેડાના ૪ જરથોસ્તી મંડળો છે. તેમણે 'ધ ફેડરેશન ઑવ્ ઝોરોઆસ્ટ્રીઅન એસોશિયેસન્સ ઑવ્ નોર્થ અમેરિકા'નું મહામંડળ રચ્યું છે. આ મહામંડળ પારસી પરિષદો, યુવાપ્રવૃત્તિઓ તેમજ પ્રકાશનો જેવા કાર્યક્રમો હાથ ધરે છે.

ભારત અને ઈરાનના પારસીઓની ભાષા જુદી, સંસ્કૃતિ જુદી તેમજ જરથોસ્તી ધર્મનું તેમનું અર્થઘટન પણ નોખું. પારસીઓ બીજા ધાર્મિક જૂથોમાંથી પારસી ધર્મ અંગીકાર કરનારને પોતાના ધર્મપંથમાં સ્વીકારતા નથી. ઘણા અમેરિકામાં તેઓ વસાહતી તરીકે રહે છે તેને બીજું વસાહતી પ્રયાણ તરીકે જુએ છે. એક, સદીઓ પહેલાં ઈરાનથી ભારત આવેલ તે વસાહતી ઘટના, અને બીજી હવે તેઓ ભારતથી અમેરિકામાં આવીને રહે છે તે. આ ઘટના નવવસાહતી તેમજ પુનર્વસાહતી ઘટનાનો સિલસિલો બની રહે છે. સેન હોઝ પાસે ને અન્યત્ર તેમનાં ધર્મસ્થળો છે. અહીં પોતાનો ધર્મ નવસુધારણાનો ઓપ પકડશે, એમ કેટલાક પારસીઓ માને છે.

ભારતમાંથી કોઈ હિન્દુ (ધાર્મિક હોય તેવો) વસાહતી આવે ત્યારે તેને હિન્દુ મંદિરનું શિખર જોતાં સૌથી પરિચિત સ્થળ જોયું હોય તેમ લાગે. તેવું જ અહીં અગાઉ વસી ચૂકેલા હોય તેવા પોતાના મિત્રો કે સગા સાથે ભજનવર્તુળમાં જતાં લાગે. કેરલના એક નાના ગામમાંથી અહીં એક ખ્રિસ્તી ન્યૂ યૉર્કમાં આવ્યો ત્યારે ત્યાનાં ભૂતળનો તેને એક જ ભાગ પરિચિત લાગ્યો અને અહીંના ઊંચા દેવળો.

ધર્મ, ધર્મસ્થળો અને સામાજિક વર્તુળો - સંગઠનો બીજા જાતિક વસાહતીઓની જેમ ભારતીયોને પોતે અપનાવેલ (અમેરિકા જેવા) દેશમાં બીજી પ્રજાઓથી જુદા રહેવા માટેનાંમાધ્યમો જેવા નથી બની રહેતા પણ નવા દેશમાં કઈ રીતે કેટલું ભળવું, પોતાની ઓળખ કેટલી સાચવવી તે વિશે વિચારવા માટે પોરો ખાવાનો અવકાશ પણ આપે છે. પોતાના નવા વસાહતી ઘરમાં દસકાઓ પર્યન્ત રહેતાં રહેતાં પોતાના ધર્મ વિશે તે વિચારે છે, તેને મઠારે છે, તો કેટલાક ભારત કરતાંય અહીં વધુ ધાર્મિક કે ક્રિયાકાંડી બની જાય છે!

અહીં આવેલ પહેલી પેઢીના ભારતીયો ધર્મને જે રીતે જુએ છે, તે બીજી પેઢી - અહીં જન્મીને ઉછરેલી પેઢી-નો તબક્કો આવે ત્યારે બદલાઈ જાય છે. કારણ બાળકનું ઘર અને કુટુંબની બહાર સામાજિકીકરણ થાય (કે.જી., પ્રાયમરી સ્કૂલ, પડોશ વિસ્તારના ગોરા બાળકો સાથે રમવું-ભળવું વગેરે) તે પછી તેના પર મૂળ ભારતીય સાંસ્કૃતિક અસરો સામે અમેરિકન મધ્યપ્રવાહ ઉત્તરોત્તર બળવત્તર સ્વરૂપે છવાતો જાય છે. ત્યારે ભારતીય માબાપો પોતાના સમાન વિચાર ધરાવતા ભારતીય માબાપો સાથે મંદિરો, ધાર્મિક અભ્યાસકેન્દ્રો, રવિવારીય સત્સંગો, યુવાગોષ્ઠીઓ, ગ્રીષ્મશિબિરો વગેરે ઉપકરણો દ્વારા પોતાનાં બાળકો માટે ધર્મ અને સંસ્કૃતિનું કંઈક સાતત્ય જળવાઈ રહે તે રીતે દોઢેક દસકાથી વધુ સભાનપણે પ્રયાસ કરી રહ્યા છે. આને એક રીતે અમેરિકન સમાજમાં રહેવાના અનુકૂલનના અને પોતાની આત્મઓળખને સાચવીને પોતાને અને પોતાની સંતતિને નવેસરથી ગોઠવવાના પ્રયાસો તરીકે પણ જોઈ શકાય.

આ નૂતન, આધુનિકોત્તર બનતા સમાજમાં જીવનનાં બીજાં પાસાંની જેમ ધર્મને પણ 'હાઈટેક'નો સંસ્પર્શ થયો છે. ઈન્ટરનેટ પર અમેરિકાના હિન્દુ મંદિરો, ગુરુદ્વારો વગેરે વિશે જરૂરી માહિતી મળી રહે છે. હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે ધર્મપંથીઓ માટે મહત્ત્વના તહેવારો અને કાર્યક્રમો વિશેની માહિતી પણ નિશ્ચિત 'વેબસાઈટ' પર મેળવી શકાય છે. જે તે ધર્મને પાળનાર ભારતીય-અમેરિકનો કમ્પ્યૂટર-સંચાલિત પ્રસાર સંવહન ઈન્ટરનેટ દ્વારા યોજે છે. ને ત્યારે પોતાના ધર્મ વિશે માહિતી ઉપરાંત ચર્ચા પણ કરવા માંડ્યા છે. મંદિરોના સભામંડપો કે સંતો-ધર્મવિદોના વાર્તાલાપના સભાખંડો ઉપરાંત હવે કમ્પ્યૂટર પર, ભારતીયોના ઘરમાં ધર્મલક્ષી વિચારોનાં આદાનપ્રદાન થવા માંડ્યાં છે. ને તે રીતે, ધર્મલક્ષી અનુભૂતિઓ અને ચિંતન, સભામંડપોમાં, સમૂહમાં નહિ, પણ વ્યક્તિગત રૂપે થાય, તેવો શિનારિઓ પણ કલ્પી શકાય તેમ છે પરંપરાગત જીવનરીતિને અતિઆધુનિક માધ્યમ મળતાં તે નવી રીતે પ્રસરે છે અને એ પ્રક્રિયામાં તે મઠારાય છે, નવી અભિવ્યક્તિ પામે છે. ધર્મ અને ટેક્નોલૉજિનો ભારતીય અમેરિકનના ઘરમાં અદ્ભુત સંગમ થાય છે. □

સંગીતશાસ્ત્ર - ૨૩

ડૉ. હસુ યાજ્ઞિક

ગાયક-વાદકના ગુણ

સંગીત સાધના છે, આત્મરંજન છે, શિવ સાથેના જીવની તદ્રૂપતા છે તે સાથે જ પ્રત્યક્ષ રજૂઆતની કલા પણ છે. મંચ પર, પ્રત્યક્ષ રૂપમાં ભાવક શ્રોતાવર્ગ સામે જ એને રજૂ કરવામાં આવે છે. આથી આ કલાના આવિષ્કરણ અને રજૂઆત કે પ્રત્યક્ષીકરણ એ બન્ને પાસાંઓનો સંગીતશાસ્ત્રમાં વિચાર કરવામાં આવ્યો છે. એનું આવિષ્કરણ કંઠ કરે છે, એથી કંઠ દ્વારા નિષ્પન્ન થતા નાદ તે મધુર, રંજક અને પૂર્ણ બનાવવા માટે ગાયકે શું કરવું જોઈએ એનું માર્ગદર્શન સંગીતશાસ્ત્ર ગાયકમાં શું હોવું જોઈએ અને શું ન હોવું જોઈએ એનો વિચાર ગાયકના ગુણ અને અવગુણની ચર્ચામાં કર્યો છે. આ ગુણ અને દોષની માત્ર યાદી જ ઊડતી નજરથી જોનારને કેટલીક વસ્તુઓ સ્થૂલ કે નિરર્થક લાગે, પરંતુ એના શબ્દશબ્દ પર જો વિચાર કરવામાં આવે તો કેટલી લાંબી પરંપરાના અનુભવના નિચોડ પરથી ગાયકના ગુણ-અવગુણની ચર્ચા સંગીતશાસ્ત્ર કરે છે, તેનો ખ્યાલ આવશે. આપણા પ્રાચીન મધ્યકાલીન સંગીતશાસ્ત્ર નાદ એક ભૌતિક પ્રક્રિયાથી નિષ્પન્ન થતું અભૌતિક બ્રહ્મરૂપ એવું તત્ત્વ છે, તેનું યુગો પહેલાં દર્શન કરી 'નાદબ્રહ્મ' કહ્યો અને એની ઉત્પત્તિને ભગવાન શિવ સાથે સાંકળી. આ નાદ ઉત્પન્ન કરતાં યંત્રો એટલે કે વીણાદિ જેવાં વાદ્યોમાંથી સારો સાચો નાદ કેવી રીતે પ્રકટે, એની સવીગત ગાણિતિક સૂક્ષ્મ ચર્ચા આ શાસ્ત્રે કરી; પરંતુ કંઠને કેળવવા માટે, એને સંગીતના ઉપકરણ તરીકે સિદ્ધ કરવા માટે Voice Cultureની સ્વતન્ત્ર ચર્ચા નથી કરી, બલકે ગાયકના ગુણ-દોષની ચર્ચામાં એ નિહિત છે જ. અવાજને કેળવવા શું કરવું, એ સાધના અને પ્રક્રિયા માટે શાસ્ત્રોએ વિશેષ વીગતે એમાં કહેલું છે. શિષ્યના ગળાને જાણીને ગુરુ જ કેટલાક સ્વાધ્યાય (એક્સરસાઈઝ) દ્વારા તથા જરૂરી એવી વનૌષધિ દ્વારા શિષ્યના ગળાને સંગીતકલાના ઉપકરણરૂપમાં વિકસાવવા પ્રયત્ન કરતો. કોઈ અવાજ અત્યંત ધીમો, બિનજરૂરી તીણો, ધ્રૂજતો હોય તો કયા કયા સ્વાધ્યાયો કરવા એનું વ્યક્તિગત શિક્ષણ ગુરુ દ્વારા અપાતું હતું અને વ્યક્તિએ-વ્યક્તિએ એ માટેનાં કારણો અને ઉપચારો ભિન્ન ભિન્ન રહેતાં હતાં એથી સંગીતના શાસ્ત્રમાં એની અલગ ચર્ચા ન થઈ. પરંતુ ગાયકના ગુણદોષ વિશે વાત કરતાં આ પ્રકારની મર્યાદાઓ અને એનાથી મુક્ત રહેવાનું માર્ગદર્શન આપોઆપ જ સંગીત-શાસ્ત્રમાં સમાવેશ પામ્યાં.

ગાયન અને વાદન રાગસંગીતની દૃષ્ટિએ સ્વર અને તાલની દૃષ્ટિએ બરાબર હોય પરંતુ પ્રભાવની દૃષ્ટિએ એ રોચક, મધુર, આકર્ષક ન હોય એવું બને. આવું બે કારણે બને - એક તો અવાજમાં જ એવી કોઈ ખામી હોય જેનાથી માધુર્ય ન રહે અને બીજું એની રજૂઆત જ એવી દૈહિક વિકૃતિઓ કે ચેનચાળા સાથે થાય કે ભાવક શ્રોતા બનવાને બદલે માત્ર જોનારો જ બને. રજૂઆત - સમયની દૈહિક વિક્રિયાઓ જ એવી હોય કે સાંભળનારને એના સાંગિતિક સૌન્દર્ય સુધી પહોંચાડવા ન દે! જો કે શાસ્ત્રીય ગાયન-વાદન જ એવાં છે કે એના ભાવમાં અને લયમાં કલાકાર એટલો તદ્રૂપ હોય, એકાકાર હોય કે એની અસર એના ચહેરાના હાવભાવ અને હાથની ચેષ્ટાઓ પર ઓછેવત્તે અંશે પડે જ. કલાકારનું આંતર સમગ્ર પ્રવાહી બની ગયું હોય છે. એની ભાવસંવેદના ચરમ કોટિએ હોય છે. એનો લય લોહીના પ્રત્યેક બુંદમાં ઊછળતો હોય છે. ભાવ એટલો ઉત્કટ, અદમ્ય હોય કે મન-હૈયામાં ન સમાય. એક શબ્દમાં કહીએ તો કલાકારનું સમગ્ર અંતર નિચોવાતું હોય છે. આથી રજૂઆત સમયે આ ભાવો તેના ચહેરા પર, રેખાઓ પર, આંખ પર, હોઠ પર, હાથ-પગની ચેષ્ટા અને હલન-ચલન પર પ્રભાવ પાડે જ. પરંતુ આ બધું એવું ન હોવું જોઈએ કે જે સાંભળનારને વિકૃત લાગે, આંખને ખૂંચે, આસ્વાદમાં નડતરરૂપ લાગે. આવું કયા પ્રકારની કુચેષ્ટાઓથી થતું હોય છે, તેની ચર્ચા પણ ગાયકના ગુણાવગુણમાં કરી છે. ભાવમુદ્રા તો કલાકાર પર અંકિત થાય જ, ને એ કંઈ શ્રોતાને નડતી નથી. હકીકતે તો ક્યારેક કોઈ કલાકાર એની સામાન્ય પ્રવૃત્તિમાં અનાકર્ષક લાગતો હોય કે એને સુંદર કહી ન શકો, પરંતુ એ જ કલાકાર જ્યારે કલાની રજૂઆત કરે અને કલાની ભાવમુદ્રા વિકૃતિ વગર સાહજિક રૂપમાં ઊપસે ત્યારે એ સાધારણ વ્યક્તિત્વ અસાધારણ લાગે છે. શ્રવણે જ નહીં, પરંતુ દર્શને પણ અન્યથા અનાકર્ષક કે અસુંદર લાગતું હોય તે સુંદર લાગે છે. કલા જ એક અભિનવ સૌન્દર્યનું આભામંડળ એના વ્યક્તિત્વમાં આરોપે છે. આ સૌન્દર્ય અસુંદરને સુંદર અને દિવ્ય બનાવે, સુંદરને સુંદરતર, ભવ્ય અને દિવ્ય બનાવે. પરંતુ ભાવમુદ્રામાં જો વિકૃતિ હોય તો અસુંદર વિશેષ અનાકર્ષક બને ને સુંદર હોય તે અસુંદર. રજૂઆતમાં આવી કઈ વિકૃતિઓ છે, તેની ચર્ચા પણ ગાયકના ગુણાવગુણમાં જોવા મળે છે.

'લક્ષ્ય સંગીત'નો ૭૩મો શ્લોક જુઓ :

> ભાષાડવ્યક્તા હાવભાવાઃ પ્રતીયંત વિસંગતાઃ ।
> વ્યસ્તાશચેષ્ટાસ્તથાડડક્રોશાઃ કેવલં કર્કશા મતાઃ ॥

એતાદગ્ગાયનાન્નસ્યાત્ પરિણામો હ્યભીપ્સિતઃ ।
તતો હાસ્યરસસ્યૈવ કેવલં સ્યાત્ સમુદ્ભવઃ ॥

જે કંઈ ગાય એની ભાષા અવ્યક્ત હોય, એટલે સ્પષ્ટ ઉચ્ચારવાળી અને સમજાય એવી ન હોય, જે કંઈ કહેવાનું-અનુભવવાનું હોય એથી વિસંગત એવા હાવભાવ હોય, ચાળા-ચેષ્ટા કરવામાં જ વ્યસ્ત હોય અને જે ભાવને ગાઈને રમાડવાનો-ખીલવવાનો છે એને જાણે આક્રોશ કરતો હોય એ રીતે રજૂ કરતો હોય તો એવું ગાન ગાન નથી પરંતુ કર્કશતા છે. અને આ પ્રકારનું ગાન ધારેલું પરિણામ પ્રાપ્ત કરવાને બદલે, એટલે કે શૃંગાર કે ભક્તિ જેવા કોઈ રસમાં નિષ્પન્ન થવાને બદલે કેવળ હાસ્ય જ જન્માવે છે.

અહીં સઘન રીતે કેટલું સરસ કહ્યું છે! હાવભાવ અને ચેષ્ટા વચ્ચે સ્પષ્ટ ભેદ છે. જે હાવભાવ છે તે તો કલાના આંતર સ્વરૂપમાંથી આવે. એને બદલે જો ગાયક ચેષ્ટા કરે તો તે ભાવને પોષક બનતી નથી. અને જેની રજૂઆત નાદથી થાય છે એ કર્કશ હોય તો રસનિષ્પત્તિ ક્યાંથી સંભવે? હાસ્ય જન્મે છે તે રતિ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા અને વિસ્મયના ભાવવિડંબનથી. જો કલાકાર કર્કશતા અને ચેષ્ટાનો ભોગ બને તો વિભાવાનુભાવ વિડંબના બનતાં હાસ્યાસ્પદ જ બને છે.

સંગીત છે તે તો, લક્ષ્યસંગીત જ કહે છે તેમ મોહિનીરૂપ છે, ને એ જ એનું સાચું રૂપ છે. એ કેવી રીતે ફળે? જુઓ -

યોગ્ય રસભાવ ભાષારાગપ્રભૃતિ સાધનૈઃ ।
ગાયકઃ શ્રોતૃમનસિ નિયતં જનયેત્ ફલમ્ ॥

લાઘવથી કેટલું સુંદર અને સચોટ કહ્યું છે !

રસ, ભાવ, ભાષા એ બધું જ યોગ્ય એટલે કે ઉચિત અને નિશ્ચિત પરિમાણે જોઈએ. ને એ બધું જ યોગ્ય એવા રાગમાં હોય તો જ શ્રોતારૂપી ભાવકના મનમાં એક નવું જ ભાવવિશ્વ જન્માવવાનું ફળ પ્રાપ્ત થઈ શકે. કાવ્યમાં મીમાંસકો જે ઔચિત્યની ચર્ચા કરે છે, તે અહીં અભિપ્રેત છે.

'સંગીતરત્નાકરે' તો ગાયકના ૨૨ ગુણ અને ૨૫ અવગુણની યાદી આપીને નાદ, લય, અભિવ્યક્તિ, રસ, ભાષાઅંગ વગેરેને સાંકળી લીધાં છે. આ ગુણ અને અવગુણને આધારે સ્વર, લય, ઉચ્ચાર, રસ, અસર વગેરે દૃષ્ટિએ ગાયક-વાદકે જે જે લક્ષમાં લેવા જેવું છે, તે જાણવા મળે છે.

ગાયકના ૨૨ ગુણમાં નીચેનાનો સમાવેશ થાય છે :

(૧) **હૃદ્ય શબ્દ** : અર્થાત્ ગાયકનો સસ્વર શબ્દ હૃદ્ય એટલે કે સ્પષ્ટ, મધુર, સુરીલો હોવો જોઈએ.

(૨) **સુશારીર** : ગાયક ભાવવિશ્વ રચે છે. એ સુશારીર હોવું જોઈએ. શરીર એટલે દેહ. એનું પ્રગટ રૂપ. તે 'સુ' એટલે માત્ર સુંદર જ નહીં સુગમ્ય, સર્વગમ્ય હોવું જોઈએ. ગાયક રજૂઆત જ એવી કરે ને એના કલાપદાર્થની ઈમારત, એનો દેહ એટલો સ્વયંપૂર્ણ હોય કે રાગને શાસ્ત્રને જાણતો ન હોય, વિશેષ અભ્યાસ કે જાણકારી ધરાવતો ન હોય એવો શ્રોતા પણ એ શરીરને હૃદ્ય કરી શકે.

(૩) **ગ્રહમોક્ષ વિચક્ષણ** : કયો ભાવ અને કયો વળાંક ક્યાંથી શરૂ કરવો, કયા ગ્રહસ્વરના પગથીઆ પર ભાવને મૂકી આપવો જેથી ભાવક એ ભાવને આત્મસાત્ કરે ને એ ભાવપૂર્ણતાની ક્ષણ આવે ત્યારે એને ભાવખંડને પૂર્ણ કરવો - એનું જ્ઞાન. ગ્રહ અને ન્યાસ એટલે આરંભ અનં અંત. કોઈ ભાવખંડને રજૂ કરવા રાગનાં સ્વરૂપ તથા ગ્રહ સ્વરના જ્ઞાનને આધારે સાચો ગાયક એના ગાનના પૂર્ણરચનાના આરંભ અને અંતને તથા તે રચના અંતર્ગત જે ભાવવળાંક હોય એના આરંભ-અંતને જાણતો હોય છે. આમ, જે ક્યાંથી આરંભ કરવો અને કયા સ્વરથી પૂરું કરવું તે જાણવું તે ગુણ ગ્રહમોક્ષ. એ પણ માત્ર સ્વરના ઉતાર-ચઢાવને વાદીસંવાદીને આધારે નહીં, પરંતુ ભાવનિષ્પત્તિને આધારે કરે તે ગાયકનો ગુણ. એટલે એમાં માત્ર પ્રવીણતા નહીં પરંતુ વિચક્ષણતા દર્શાવી છે.

(૪) **રાગરાગાંગકોવિદ** : ગાયક જે રાગને પોતાના ભાવસંવેદન માટે આધાર બનાવે તે રાગરાગાંગમાં કોવિદ હોવો જોઈએ. માત્ર મધુર લાગે એ ગાયકનો ગુણ નથી. વિચક્ષણતા દર્શાવવા પ્રયોગની છૂટ છે. પરંતુ એ રાગરાગાંગને જાણીને અર્થાત્ માધ્યમરૂપે જે રાગ પસંદ કરે તેના સ્વરૂપને જાળવવું એ ગાયકનો ગુણ છે.

(૫) **પ્રબંધગાન નિષ્ણાત** : પ્રબંધગાનમાં નિષ્ણાત હોય એમ કહેવાનું તાત્પર્ય એ છે કે રાગના આરોહ-અવરોહ, પકડ, ચલન, આલાપ જાણે એ પૂરતું નથી. એ બધાં જ અંગોનો જેમાં સમાવેશ થાય છે, ગાનક્રિયામાં જે બધું જ જોડાય છે એવી પૂર્ણકક્ષાની કૃતિનું સર્જન કરવાની શક્તિ અહીં અભિપ્રેત છે. માત્ર સરગમ કે છૂટક તાન-આલાપ નહીં, પરંતુ એનું ક્રિયાત્મક પૂર્ણરૂપ આપી શકે તે ગાયકનો ગુણ.

(૬) **વિવિધાલપ્ત તત્ત્વવિદ** : ગાયક આલપ્તિઓના તત્ત્વનો જાણકાર હોવો જોઈએ. રાગનો આલાપ રાગના આંતર-સ્વરૂપને પ્રકટ કરે છે, અને એ દ્વારા એક બાજુ રાગનું સ્વરૂપ પ્રકટે તો બીજી બાજુ એ દ્વારા ગાયક જે રજૂ કરે એના ભાવતત્ત્વનું રૂપ પણ બંધાતું જાય અને સંવેદ્યરૂપ બને. રાગ-આલાપની આલપ્તિમાં રાગના સ્વરૂપને છુપાવી રાખવાનું અને તે પછી પ્રકટ કરવાનું, અર્થાત્ રાગના તિરોભાવ અને આવિર્ભાવનો સમાવેશ થાય છે. એનાં વિવિધ સ્વરૂપ, સામ્યમૂલક સ્વરજૂથ વગેરેથી પરિચિત હોય, તેને ક્રિયારૂપ આપવામાં નિષ્ણાત હોય તે ગાયક જ આ પ્રકારના વિવિધ આલપ્તિના તત્ત્વનો જાણકાર બની શકે.

(૭) **સર્વસ્થાનોચ્ચગમકેષ્વનાયાસલદ્ગતિ** : આલાપ જેટલું મહત્ત્વ તાનક્રિયાનું છે અને આલાપ તથા તાનમાં કયો સ્વર કેવી રીતે પ્રયોજવાથી રાગનું સ્વરૂપ પ્રકટે છે તે લક્ષમાં હોવું જોઈએ અને ક્રિયાસિદ્ધ બનવું જોઈએ. સર્વસ્થાનોમાં ઉચિત ગમક સાથે જ તે મંદ્ર, મધ્ય અને તાર એ ત્રણે સપ્તકોમાં સહજતાથી ક્રિયા કરી શકે તે ગાયકનો ગુણ છે.

(૮) **આપત્તકંઠ** એટલે એવો કંઠ જે પોતાના 'ટોન' પર કાબૂ રાખી શકે છે. સહજ રીતે જ કોઈ પણ લયમાં અને મંદ, મુખરિત કે સામર્થ્યપૂર્ણ એવા ધ્વનિમાં જેનો પોતાના કંઠ પર કાબૂ છે, એક

(અનુસંધાન પૃ. ૧૪૬)

આવો, શીખીએ અંગ્રેજી (૧૯)

ધનુભાઈ મહેતા

સર્વનામ - Pronoun - પ્રોનાઉન

વાક્યમાં વપરાતાં કર્તા, ક્રિયાપદ, નામ, નામયોગી અવ્યય વગેરે પદો વિષે આગળના પાઠોમાં સમજ્યા. વાક્યનું એક અગત્યનું પદ તે સર્વનામ. આ પાઠમાં સર્વનામ અને તેના પ્રકારો વિષે વિગતે જાણીએ.

'સર્વનામ'ને અંગ્રેજીમાં 'pronoun' - (પ્રોનાઉન) કહેવામાં આવે છે. પ્રાણી, પદાર્થ કે સ્થળના કે નામના સમાન અર્થમાં વપરાયેલો શબ્દ તે 'સર્વનામ'. વાક્યમાં સર્વનામનું ઘણું મહત્ત્વ છે. વાક્યમાં કે ફકરામાં એકનું એક નામ કે નામો પુનરુક્ત થયા કરે તો વાક્યરચના કર્ણકટુ બને. વાક્ય દીર્ઘસૂત્રી બની જાય. વાક્ય-રચનાનું પોત સુઘટ્ટ બનવાને બદલે પાંખું પડી જાય. વાક્યમાં પહેલી વાર તો નામ જ વપરાય પણ વાક્ય કે વાક્યોમાં તે જ નામનો ફરી ફરી ઉલ્લેખ આવે ત્યારે સર્વનામ વપરાય. વાક્યમાં નામ કર્તા કે કર્મને સ્થાને વપરાય છે તેથી સર્વનામ પણ કર્તા કે કર્મને સ્થાને જ આવે. વળી, જે નામને બદલે સર્વનામ વપરાયું હોય તે નામના જાતિ, પુરુષ, વચન અને વિભક્તિના સંદર્ભમાં જ સર્વનામ આવે. સર્વનામનાં આ લક્ષણોને ગુજરાતીમાં સદૃષ્ટાંત જોઈએ.

આ વિદ્યાર્થી છે. તે શાણો છે.
આ વિદ્યાર્થિની છે. તે શાણી છે.
રાજા ન્યાયી છે. તે વિદ્વાન પણ છે.
રાણી સુંદર છે. તે વિદુષી છે.
રાજાએ પોતે જ ન્યાય કર્યો. ખેડૂતે જાતે જ ખેતર ખેડ્યું.
બીજાઓ પ્રત્યે દયાળુ બનો.
બન્ને સખીઓ એકબીજાંને મદદ કરે છે.
મેં એક એવું ગુલાબ જોયું છે કે જે કાંટારહિત હતું.
તમે કોણ છો?
દરેક શાળાને પુસ્તકાલય હોય છે.
આ કબાટમાંનું **દરેક** પુસ્તક **મેં** વાંચેલું છે. ઘાટા અક્ષરનાં પદો સર્વનામ છે. તે સર્વનામ વિશેની સમજ સ્પષ્ટ કરશે. સર્વનામના પ્રકાર આટલા : (૧) પુરુષવાચક (૨) દર્શક (૩) સંબંધક (૪) સ્વવાચક તથા ભારવાચક (૫) પ્રશ્નાર્થ તથા ઉદ્ગાર (૬) અનિશ્ચિત (૭) પ્રતિયોગી (૮) વિયોજક.

પુરુષવાચક સર્વનામ એટલે કે 'The Personal Pronoun' વિશે આપણે આગળ શીખ્યા છીએ. તેને ગુજરાતીમાં વ્યક્તિવાચક સર્વનામ પણ કહેવાય. બોલનાર, સાંભળનાર કે તે સિવાય કોઈ ત્રીજા પ્રાણી, પદાર્થ કે સ્થળ વિશેના સંદર્ભમાં જે સર્વનામો વપરાય છે તે પુરુષવાચક સર્વનામો તરીકે ઓળખાય છે. બોલનાર તે પહેલો, સાંભળનાર તે બીજો અને તે સિવાય અન્ય તે ત્રીજો પુરુષ. તે એક હોય તો એકવચન અને એક કરતાં વધારે હોય તો બહુવચન. પુરુષવાચક સર્વનામનાં ત્રણે વિભક્તિનાં રૂપ નીચેના કોઠામાં દર્શાવવામાં આવ્યાં છે.

	પહેલો પુરુષ		બીજો પુરુષ		ત્રીજો પુરુષ	
	એ.વ.	બ.વ.	એ.વ.	બ.વ.	એ.વ.	બ.વ.
કર્તા વિભક્તિ	I-હું	we-અમે	thou-you	you-તમે	he, she, it } તે	they - તેઓ
કર્મ વિભક્તિ	me-મને	us-અમારું, અમને	thine-you	you-તમને	him-તેને her-તેને it-તેને	them-તેમને
સંબંધક વિભક્તિ	my-મારું mine	our-અમારું ours	thy-તારું your yours	your-તમારું yours	his-તેનું her-તેણીનું hers-તેણીનું	their-તેઓનું theirs

ઉપરના કોઠા પરથી એ વાત સ્પષ્ટ થશે કે પુરુષવાચક સર્વનામના પહેલા અને બીજા પુરુષનાં ત્રણે જાતિનાં રૂપ એકસરખાં થાય છે. પણ ત્રીજા પુરુષ એકવચનનાં ત્રણે જાતિનાં રૂપ અલગ થાય છે. કર્તા વિભક્તિનું સર્વનામ વાક્યમાં કર્તાસ્થાને અને કર્મવિભક્તિનું સર્વનામ કર્મસ્થાને આવે. વાક્યમાંનું ક્રિયાપદ સકર્મક હોય તો તે ક્રિયાપદ પછી તરત જ આવે પણ અકર્મક ક્રિયાપદ હોય તો ક્રિયાપદને અનુરૂપ 'પ્રેપઝિશન'ની પછી આવે. આ નિયમો વાક્ય-પ્રયોગ દ્વારા સમજીએ :

હું શિક્ષક છું. I am a teacher.
અમે ભારતીયો છીએ. We are Indians.
તું ઈશ્વર છે. Thou art God.
તમે વિદ્યાર્થી છો. You are a pupil.
તમે વિદ્યાર્થીઓ છો. You are pupils.
તે રમેશ છે. He is Ramesh.
તે લતા છે. She is Lata.
તે રમકડું છે. It is a toy.
તેઓ સૈનિકો છે. They are soldiers.

હવે સકર્મક ક્રિયાપદોવાળાં વાક્યોમાં કર્મનું સ્થાન ક્યાં આવે તે જોઈએ :

મેં તેને મદદ કરી. I helped him.
તેણે મને બચાવ્યો. He saved me.
તમે અમને સદ્માર્ગે દોર્યા. You led us to the right path.

ક્રિયાપદ અકર્મક હોય તો કર્મનું સ્થાન 'પ્રેપઝિશન' પછી આવે તે ઉદાહરણ રૂપ વાક્યો દ્વારા સમજીએ :

તેણે મને ધીરજથી સાંભળ્યો. He listened to me patiently. (patiently - પેશન્ટલી - ધીરજથી).

તે મારા તરફ તાકી રહે છે. She stares at me.

જુદાં જુદાં પુરુષવાચક સર્વનામ જોડે જોડે આવતાં હોય ત્યારે વાક્યમાં તેનો પદક્રમ યોગ્ય રીતે આવે તે ખ્યાલમાં રાખશો. જેમ કે -

હું અને તમે પડોશીઓ છીએ.
You and I are neighbours.
મારે, તમારે અને તેણે તેણીને મદદરૂપ થવું જોઈએ.
You, he and I should be helpful to her.

વળી, કર્તાવિભક્તિનું સર્વનામ - I, we અને heના કર્મ વિભક્તિનાં અનુક્રમે થતાં રૂપ, me, us અને himના પ્રયોગમાં પણ સજાગ રહેવું જરૂરી છે. નહિતર ઊલટસૂલટ ક્રમની ભૂલને પરિણામે અર્થનો અનર્થ થવા સંભવ છે. થોડાંક ઉદાહરણો લઈએ :

તેણે મને અને મારી પત્નીને નિમંત્રણ આપ્યું.
He invited me and my wife.
ચાલો હું અને તમે આની અજમાયશ કરીએ.
Let you and me try this.
મારી અને તમારી વચ્ચે થોડોક મતભેદ છે.
There is some difference of opinion between you and me. (difference of opinion - ડિફરન્સ ઑવ્ ઓપિનિઅન - મતભેદ)
તે મારા કરતાં વધારે ડાહ્યો છે. He is wiser than I.

ગુજરાતીમાં આપણે 'હું અને મારો મિત્ર ફરવા ગયા' એમ બોલીએ છીએ પણ તેનું અંગ્રેજી કરીએ ત્યારે 'મારો મિત્ર અને હું' એ પ્રમાણે પદક્રમ ગોઠવવો પડે. 'My friend and I went out for a walk.' સંબંધક વિભક્તિના 'my-mine', 'your-yours', 'her-hers', 'their-theirs' એ પ્રમાણેનાં બબ્બે રૂપો થાય છે. તે બન્ને રૂપોની વાક્યરચના કેમ થાય છે અને તેમાં શો તફાવત હોય છે તે આગળ 'વિભક્તિ અને નામયોગી' પરના પાઠમાં વિગતે શીખ્યા છીએ.

આંગળી ચીંધીને 'દર્શાવનાર' - બતાવનાર શબ્દો તે દર્શક સર્વનામો - the demonstrative promouns - ધ ડિમૉન્સ્ટ્રેટિવ પ્રોનાઉન્સ : this, that, younder, such, one, ones અને none.

This - ધીસ - આ (નજીકના) અને That - ધૅટ - પેલું (દૂરના) પ્રાણી, પદાર્થ કે સ્થળ દર્શાવવા માટે વપરાય છે. દા.ત.

આ મારી ચોપડી છે.	This is my book.
પેલો ધ્રુવનો તારો છે.	That is the northern star.
આ અલકેશ છે.	This is Alkesh.
પેલી અલકા છે.	That is Alaka.
આ બાળકો છે.	These are children.

પેલા વાલીઓ છે. Those are guardians (a guardian - અ ગાર્ડિઅન - વાલી)

જે નામ માટે 'this' અને 'that' વપરાય તે નામને જે તે સર્વનામનું 'Antecedent - એન્ટિસીડન્ટ' - એટલે કે પુરોગામી કહેવાય.

એક જ વાક્યમાં બે નામ વપરાયાં હોય ત્યારે પહેલા માટે 'this' અને પછીના માટે 'that' વાપરવું. જેમ કે -

રોટી અને માખણ જીવવા માટે જરૂરી છે. પણ આ પેલા કરતાં વધારે નિકટનું છે.
Bread and butter are necessary to live, but this (bread) is nearer than that. (butter).
મદ્યપાન અને ધૂમ્રપાન સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. આ પેલા કરતાં વધારે.
Drinking and smoking are injurious to health. This (driniking) is more than that (smoking). (injurious - ઇન્જૂરિઅસ - હાનિકારક).

'that of' અને 'there of' તુલનામાં વપરાતાં અનુક્રમે એકવચન અને બહુવચનનાં નામોનો ફરી ઉલ્લેખ ન કરવા માટે વપરાય છે. જેમ કે -

મુંબઈના રસ્તાઓ અમદાવાદના રસ્તાઓ કરતાં વધારે પહોળા છે.
The roads of Mumbai are wider than those of Ahmedabad.
ભાવનગરનું હવામાન અમદાવાદના હવામાન કરતાં વધારે આહ્લાદક છે.
The weather of Bhavnagar is more pleasant than that of Ahmedabad.

Younder - યોન્ડર - પેલું, પેલો, પેલી - તેનો અર્થ પેલી મેર. વાક્ય દ્વારા સમજીએ.

જુઓ, પેલી રહી અનંત ક્ષિતિજ.
Look, there lies the endless horizom. (endless - એન્ડલેસ - અનંત, a horizon - અ હેરાઈઝન - ક્ષિતિજ).
કવિ વર્ડ્ઝવર્થની કાવ્યપંક્તિમાં 'yon' = 'yonder' કેમ વપરાયું છે તે જુઓ. 'Behold her single in the field. Yon, solitary highland lass.'

ઉચ્ચ પ્રદેશ (હાઈલૅન્ડ)ની પેલી એકાકી ખેડવાયાની કન્યાને જુઓ.

'It' (ઈટ - તે) • પુરુષવાચક સર્વનામ તરીકે 'It' નો પ્રયોગ આપણે શીખ્યા છીએ. દર્શક સર્વનામ તરીકે પણ 'it' વપરાય છે. તેના થોડાંક ઉદાહરણો જોઈએ.

તેના મોભા પ્રમાણે મેં તેની આગતા-સ્વાગતા કરી છે અને તે તે જાણે છે.
I have treated him as his status and he knows it. (to treat - ટ્રીટ - આગતા-સ્વાગતા કરવી, status - સ્ટેટસ-મોભા)
આવા આઘાતજનક સમાચાર સાંભળવા એ ખરેખર દુઃખદ છે.
It is sad to hear such a shocking news.
સંભવિત છે કે આજે વરસાદ પડે.
It is probable that it may rain today.
such - સચ - આવો, આવી, આવું. suchનો દર્શક સર્વનામ તરીકેનો પ્રયોગ વાક્યમાં જોઈએ.
રાજાઓને કાયદાથી આ પદ પ્રાપ્ત થાય છે.

Kings are constituted such by law. (such - kingsના દર્શક સર્વનામ તરીકે વપરાયું છે.) (to constitute - કોન્સ્ટિટ્યૂટ - નીમવું, સ્થાપવું, થવું)

હવે 'one', 'ones' અને 'none' એ પદો દર્શક સર્વનામ તરીકે કેમ વપરાય તે જોઈએ.

પુરોગામી નામ એકવચનમાં હોય તો 'one' અને બહુવચનમાં હોય તો 'ones' વપરાય 'not + one'નું ટૂંકુ રૂપ તે 'none' - નન - એક પણ નહિ. 'one' - વન - કોઈએક.

તેણે ગઈ ઓલિમ્પિક્સમાં પાંચ સુવર્ણચંદ્રકો મેળવ્યા પણ આમાં એકે નહિ.

He won six gold medals in the last Olympic games, but he did not win one in this. (one - a gold medal).

વર્ગમાં દસ આળસુ અને પાંચ ઉદ્યમી વિદ્યાર્થીઓ હતા.

There were ten idle pupils and five industrious ones in the class. (industrious - ઈન્ડસ્ટ્રિઅસ - ઉદ્યમી)

મારે માટે થોડીક પેન્સિલો લાવજો. મારી પાસે એકે નથી.

Bring me some pencils. I have none.

હજુ સુધી કોઈ ચાલ્યું ગયું નથી.

None have gone away yet.

'one' દર્શક સર્વનામ તરીકે 'કોઈ પણ' અથવા 'સામાન્યપણે લોકો' એવો ભાવ દર્શાવવા માટે નીચે પ્રમાણે વપરાય છે.

વારંવાર આવાં દૃશ્યો કોઈને જોવા મળતાં નથી.

One does not see such sights often.

બનતું બધું જ કરવાની કોઈને શિખામણ આપવી તે સહેલું છે.

It is easy to advise one to do one's best.

સંબંધક સર્વનામને અંગ્રેજીમાં 'The Relative Pronoun' (રિલેટિવ પ્રોનાઉન) અથવા તો 'The Conjunctive Pronoun' (ધ કન્જંક્ટિવ પ્રોનાઉન) કહેવામાં આવે છે.

પુરોગામી તરીકે આવેલ નામ કે સર્વનામનો ઉપવાક્યમાંનાં નામ કે સર્વનામ સાથેનો તે સંબંધ દર્શાવવાનું કામ કરે છે. તેથી 'The relative pronoun' અને બે ઉપવાક્યોને જોડવાનું પણ તે કામ કરે છે તેથી 'The conjuctive pronoun'. અંગ્રેજીમાં શબ્દસમૂહને 'phrase - ફ્રેઈઝ' અને ઉપવાક્યને 'clause - ક્લૉઝ' કહેવામાં આવે છે. આ બન્ને શબ્દોના વાક્યરચનાની દૃષ્ટિએ ત્રણ પ્રકાર થાય છે. તે વિષે શીખતાં વિગતે જાણીશું. 'who', 'which', 'that', 'whose', 'whom', 'as' અને 'but' આ પ્રકારનાં સર્વનામો છે. તે બધાંને ક્રમશઃ વાક્યપ્રયોગ દ્વારા પિછાણીએ.

'who - હૂ - કોણ, જે, તે. અહીં 'who' ને 'કોણ'ના અર્થમાં લેવાનું નથી પણ 'જે-તે'ના અર્થમાં સમજવાનું છે. ગુજરાતીમાં સામાન્ય રીતે 'જે' અધ્યાહાર રહે છે અને 'તે' વપરાય છે, જ્યારે અંગ્રેજીમાં તો 'જે' જ વપરાય 'તે' વપરાય જ નહિ.

'who' ફક્ત મનુષ્યના સંદર્ભમાં જ વપરાય. જેમ કે -

મહેનત કરે છે તે સફળતાને વરે છે.

He who works hard succeeds. (to succeed - સક્સીડ - સફળ થવું)

મનુષ્યજાતિને ચાહે છે તે પ્રભુને ચાહે છે.

He who loves mankind loves God.

'which - વિચ' - એટલે પણ 'જે-તે'. પણ તે પશુ, પંખી, જીવ, જંતુ, નિર્જીવ-જડ પદાર્થ, ચીજ વસ્તુ કે મનુષ્યેતર પ્રાણીના સંબંધમાં વપરાય છે. જેમ કે -

આ એ પોપટ છે કે જે 'રામ રામ' બોલે છે.

This is the parrot that speaks 'Rama Rama'.

મારે જોઈતું હતું તે આ પુસ્તક છે.

This is the book which I wanted.

ખ્યાલમાં રાખશો કે 'which' ને સ્થાને 'that' પણ વાપરી શકાય છે. 'that - ધૅટ' 'જે-તે'ના અર્થમાં વપરાય છે પણ 'that' નો એક વિશિષ્ટ પ્રયોગ છે તે બરાબર યાદ રાખશો. પુરોગામી 'all', 'everything', 'something', 'anything', 'nothing', 'one', 'none', 'little', 'few', 'much', 'only' કે વિશેષણની તુલના કક્ષાનું શ્રેષ્ઠતાદર્શક રૂપ વપરાયું હોય ત્યારે અને વાક્યરચના 'it'થી શરૂ થતી હોય ત્યારે સંબંધક સર્વનામ તરીકે 'that' જ વપરાય. આ મુદ્દો ઉદાહરણ રૂપ વાક્યો દ્વારા અંકે કરીએ.

ચળકે છે તે બધું સોનું નથી. All that glitters is not gold.

મારી પાસે જે કાંઈ હતું તે સર્વસ્વ મેં તમને આપી દીધું છે.

I have given you all that I had.

મારી પાસે એવું કશું નથી કે જે હું તમને ન આપી શકું.

I have nothing that I cann't give you.

વ્યાકરણ પરનું આ એક જ પુસ્તક અમારા શિક્ષકે વાંચ્યું છે.

This is the only book on grammar that our teacher has read.

તમારી પાસે જે કાંઈ ઉત્તમ હોય તે આપો.

Give anything that is the best with you.

જરા સરખું પણ હું જે કાંઈ કરી શકું તેમ છું તે તમને મદદરૂપ થશે.

The little that I have been able to do will be helpful to you.

તમે એક એવી વ્યક્તિ છો કે જે મારો મુદ્દો સમજો છો.

You are the one that understands my point. (a point - અ પૉઈન્ટ - મુદ્દો).

શું વાંચવું તે શિક્ષક નક્કી કરે છે.

It is the teacher that decides what to read.

'whom - હૂમ - જેને'નો સંબંધક સર્વનામ તરીકેનો વાક્યપ્રયોગ :

ઈશ્વર જેને આપણે જોઈ શકતા નથી તે આપણને જુએ છે.

God whom we cannot see, sees us.

આ તે વિદ્યાર્થી છે કે જેને મુખ્ય મહેમાને 'શાબાશ' કહ્યું.

This is the pupil whom the chief guest said, 'wealdone'.

'જેનો', 'જેની', 'જેનું' માટે અંગ્રેજી શબ્દ છે 'whose - હૂઝ'.

તેને વાક્યમાં આમ વપરાય :
જેનો હીરાનો હાર ચોરાયો છે તે આ સન્નારી છે.
This is the lady whose diamond necklace is stolen.
અહીં એક અનાથ છોકરો રહે છે કે જેનાં માબાપ અકસ્માતમાં માર્યાં ગયાં.
Here is an orphan boy, whose parents were killed in an accident. (an orphen - ઍઑરફન - અનાથ)

સંબંધક સર્વનામ 'what - વ્હૉટ - જે' ને પુરોગામીની જરૂર નથી. જેમ કે-
જેનો ઉપચાર કરી શકાય તેમ ન હોય તે સહન કરે જ છૂટકો.
What cannot be cured must be endured. (to cure - ક્યૉર - ઉપચાર કરવો, to endure - એન્ડોયર - સહન કરવું)
હું કહું છું તે જ છેવટનું છે.
What I say is final.

'what' નિર્જીવ, કોઈ વાત કે પરિસ્થિતિના સંદર્ભમાં જ વપરાય છે અને તેની પૂર્વે નામયોગી અવ્યય વપરાતું નથી પણ તેની પછી વપરાય છે તે નીચે આપેલા ઉદાહરણને આધારે સમજાશે :
હું જે ઠોકી ઠોકીને (આગ્રહપૂર્વક) કહું છું તે આ છે.
This is what I hammar on.

But - બટ - પણ, (સિવાય). નામયોગી અવ્યય તરીકે 'but' 'સિવાયના' એવો નકારાત્મક ભાવ બતાવે છે. જેમ કે -
મારા સિવાય બધા જ ત્યાં હાજર હતા.
All were present there but me.
રૂપેરી રેખા સિવાયનું કોઈ વાદળ હોતું નથી.
There is no cloud but a silver lining (a lining - અ લાઈનિંગ - કોર, કિનાર, રેખા)
કોઈ પણ મનુષ્ય અમર હોતો નથી.
There is no man but immortal. (immortal - ઈમ્મૉર્ટલ - અમર)

'As - ઍઝ - સંબંધક સર્વનામ તરીકે 'જે' 'તે'ના અર્થમાં વપરાય, પણ શરત એ કે તેના પુરોગામી તરીકે 'as', 'such' આવેલું જોઈએ. વળી તે કર્તા કે કર્મ વિભક્તિમાં હોય, સંબંધક વિભક્તિમાં નહિ. વાક્યોમાં 'as' ને સમજીએ.
મેં ધારી હતી તેવી આહ્‌લાદક આ જગ્યા નથી.
This is not such a pleasant place as I expected.
(to expect - એક્સ્પેક્ટ - ધારવું, આશા રાખવી)
તમને ગમે તેટલાં દૃષ્ટાંતો આપો.
Give as many examples as you like. (an example - એક્ઝામ્પલ - દૃષ્ટાંત, દાખલો, ઉદાહરણ)
મારે છે તે જ ચોપડી તમારે નથી.
Yours is not the same book as mine. (is).

એક વાત ધ્યાનમાં રાખશો કે 'such' અને 'as' પછી હંમેશાં 'as' આવે છે પણ 'the same' પછી ઘણુંખરું 'that' વપરાય છે. જેમ કે,
આ એ જ વાર્તા છે કે જે મેં મારી બાલ્યાવસ્થામાં સાંભળી હતી.
This is the same story that (which) I heard in my childhood.
આ એ જ સ્ત્રી છે કે જેને મેં ગઈ કાલે રાત્રે સિનેમાગૃહમાં જોઈ.
This is the same woman that (whom) I saw last night in the cinema house.

'the same' પછી 'that' કે 'as' મૂકવા બાબત નીચેના બે નિયમો જાળવો.
(૧) જ્યારે પાછળ ક્રિયાપદ વાપરવામાં આવ્યું હોય ત્યારે સામાન્ય રીતે 'that' વાપરવું. (૨) જ્યારે ક્રિયાપદ અધ્યાહાર હોય ત્યારે હંમેશા 'as' વાપરવું. દા.ત.
ગઈ કાલે આવેલો તે આ જ માણસ છે.
This is the same man that came yesterday.
મારી ચોપડી જેવી જ આ ચોપડી નથી.
This is not the same book as mine. અહીં (is) અધ્યાહાર છે.
'as' ના પુરોગામી પદે 'what' કે 'that' વપરાય નહિ.

તો આ પાઠમાં પુરુષવાચક, દર્શક અને સંબંધક સર્વનામોનો આપણે પરિચય કર્યો. હજી બાકીનાં સર્વનામો વિશેની સમજ બાકી છે તે હવે પછીના પાઠમાં કરીશું. (ક્રમશઃ)

અનુ.] સંગીતશાસ્ત્ર [પૃ.૧૪૨થી
શબ્દમાં કહીએ તો સ્વાધીન અને સિદ્ધ એવો કંઠ છે, તેવા ગાયક.

(૯) **તાલજ્ઞ :** તાલ તળિયું છે. તળ છે. એ વગર પાત્ર પદાર્થ ધારણ કરી ન શકે. ગાયક તાલનો પૂર્ણ જ્ઞાતા હોય, એક જ તાલનાં વિલંબિત, મધ્ય અને દ્રુત લય જેને સિદ્ધ હોય અને અનાયાસ જે બે, ત્રણ, ચાર કે વિશેષગણી સમાનલયની ગતિ કે આડ લયની ગતિમાં વિહરી શકે તે ગાયકનો ગુણ છે. તાલજ્ઞ હોય તો જ આ સંભવે. માત્રા, બોલ, સમ, ખાલી - એટલું જ જાણવું પૂરતું નથી; પરંતુ એના વિવિધ બોલ, કાયદા, તિહાઈ-મોહરા વગેરે તાલક્રિયાના અંગો જાણતો હોય તેવો ગાયક જ, તાલની સંગતમાં અને સીમામાં રહીને પોતાની કલા રજૂ કરી શકે છે.

(૧૦) **સાવધાન :** કોઈ પણ કલાકૃતિ ઈંટ પર ઈંટ મૂકીને મહાલય સર્જવાની ક્રિયાથી સિદ્ધ થાય છે. એમાં ક્ષણેક્ષણની જાગૃતિ, સાવધાનીની જરૂરી છે. લખનાર તો ભૂલ પડે તો એ ભૂલ રદ કરીને સુધારી શકે છે. ગાયક જ્યારે રજૂઆત કરે છે ત્યારે તો સાતત્યથી જ એને શરૂ કરેલી ઈમારત પૂરી કરવાની હોય છે. એથી વચ્ચે સહેજ પણ ભૂલ થાય, ખોટી ઈંટ ખોટી જગ્યાએ આવે, તો આખું ચણતર બગડે. આથી ક્ષણેક્ષણની જાગૃતિ એ સાવધાનીનો અર્થ છે. એમાં રાગ, એનું સ્વરૂપ, એના સ્વરો, એનાં સ્વરૂપ અને લગાવ, ગવાતી રચનાનું ભાષાઅંગ, એના ઉચ્ચાર, ભાવપલટા, તાલ એ બધાં જ પર પૂરતું નિયંત્રણ રાખવું તે સાવધાની અને ગાયકનો ગુણ છે. ☐

* જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશીની લેખમાળાનો હપ્તો સ્થળસંકોચને કારણે આ અંકમાં આપી શક્યા નથી.

પસ્તીનાં પાનાં


ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ)

તા. ૬-૧-૯૧. 'સી.એન.'માં ભણેલી મારી પુત્રીઓ માટે ઝીણાભાઈ અને મારાં દોહિતરાં માટે ઝીણાદાદા આજે (૬-૧-૯૧) સવારે ગુજરી ગયા. ગુજરી ગયા પછી તેમને સી.એન. વિદ્યાવિહાર લઈ ગયા અને ત્યાંથી સ્મશાન-યાત્રા નીકળી એટલે અહીં સોસાયટીમાં ખબર પડી પણ બપોરના ૨-૩૫ વાગે રેડીઓ ઉપર જાહેરાત સાંભળી કે ઝીણાભાઈ દેસાઈ(સ્નેહરશ્મિ)ને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ આજે રાતે સાડા દસે પ્રસારિત થશે. એટલે બંગલા નં.૬૪માં તપાસ કરી હકીકત જાણી.

ઝીણાભાઈ વિલેપારલેની ગોકળીબાઈ હાઈસ્કૂલમાં આચાર્ય હતા ત્યારે ૧૯૩૫-૩૬માં મારે તેમને પ્રથમ મળવાનું થયું. નન્દાબહેન બાળકો સાથે મુંબઈ આવ્યાં હતાં. આ ત્રણ બાળકો ગોકળીબાઈ સ્કૂલમાં બીજા સત્રથી દાખલ તો થઈ ગયાં પણ તેમની ફી-માફીનો પ્રશ્ન હતો. તે માટે હું (૧૭-૧૮ વર્ષનો છોકરો) ઝીણાભાઈને મળવા ગયો. મેં બધી વાત કરી. પછી ઝીણાભાઈ મને કહે, કે હું તો તમને ઓળખતો નથી. એટલે મેં કહ્યું કે, તમે ખાદી પહેરો છો, હું પણ ખાદી પહેરું છું. શું એ ઓળખાણ પૂરતી નથી? બસ, એ સત્રમાં અડધી માફી અને નવા સત્રથી પૂરી માફી મંજૂર કરી દીધી!

ત્યાર પછી વીસ વરસે ૧૯૫૫માં હું અમદાવાદ આવ્યો અને મારી દીકરીઓ ઝીણાભાઈની સી.એન. સ્કૂલમાં દાખલ થઈ. એક જગ્યાએ ઝીણાભાઈએ લખ્યું છે: 'જેને પૂરી આત્મીયતા કહી શકાય તે રીતે ડૉ. વૈદ્યને મળવાનું નથી થયું: પરંતુ એમના અંગેનો મારો મનોભાવ આત્મીયતાનો રહ્યો છે. એનું એક કારણ મારી કેટલીક વિદ્યાર્થિનીઓ - જે એમની દીકરીઓ છે - એને લીધે હોઈ શકે. એ



વિદ્યાર્થિનીઓ પૈકી એક છે ચિ. સ્મિતા. ચિ. સ્મિતા એક વાર એક ગરબામાં ભાગ લઈ રહી હતી - સંભવતઃ તે વખતે તેની ઉંમર ૧૨-૧૩ વર્ષની હશે. તે વખતે તેની કલાત્મક અભિવ્યક્તિ અને તેનાં સ્મિતમાંથી છલકતો નૃત્યનો આનંદ મને આકર્ષી ગયો અને મેં તરત જ પ્રોત્સાહન આપતા બે શબ્દો કહી તેની સાથે પરિચયની શરૂઆત કરી ત્યાર પછી તો એના અભ્યાસ અંગે પણ ઘણું જાણવા મળ્યું, એને લઈને એની બીજી બાહેનોનો પણ પરિચય થયો. અને વૈદ્યસાહેબ અંગે મને ઘણું જાણવા મળ્યું.'

આમ, અમારા કુટુંબના ગુરુ જેવા એક સન્નિષ્ઠ શિક્ષકના અવસાનથી મારા જેવા શિક્ષકને લાગેલો આઘાત હળવો કરવા આ પત્ર લખવા બેઠો છું.

હડતાળી વૃત્તિ - શાન્તિનિકેતનમાં

તા. ૧૭-૩-૯૧. તમારાં કાગળો અમને નિયમિત મળે છે એવું આજે લખાય તેવું રહ્યું નથી. આમ જુઓ તો અખાતી યુદ્ધ શરૂ થયું ત્યારથી આંતરરાષ્ટ્રિય ટપાલવ્યવસ્થામાં ઢીલાશ પેસી ગઈ છે. પહેલાં અમેરિકાથી કાગળો ૫ થી ૯ દિવસમાં અમને મળી જતા પણ હવે ૧૮ થી ૨૨ દિવસે મળે છે! અહીં અમારી પોસ્ટ-ઑફિસમાં પણ ગરબડ છે. આજે સવારે આવેલી ટપાલની કાલે જ ડિલિવરી થાય તેવો રિવાજ પડી ગયો છે. પરંતુ આનું કારણ અખાતી યુદ્ધ નથી પણ હડતાળી ટ્રેડ યૂનિયન પ્રવૃત્તિ છે

આવી ટ્રેડ યૂનિયન વૃત્તિ રવીન્દ્રનાથ ટાગોરના શાન્તિનિકેતન સુધી પહોંચી ગઈ છે. ગુરુદેવે શરૂ કરેલી ઋતુ-ઋતુના ઉત્સવો ઊજવવાની પરંપરા ત્યાં હજુ સુધી ચાલુ રહી છે. વસન્તોત્સવ, વર્ષામંગળ, શરદોત્સવ અને પૌષ મેળા. આવા એક ઉત્સવને દિવસે શાન્તિનિકેતન જવા જેવું છે. આ વર્ષના વસંતોત્સવની વાત છે. ફાગણ સુદ પૂનમને આપણે હોળી કહીએ છીએ. ત્યાં તે દોલ-પૂર્ણિમા કહેવાય છે. અને તે દિવસે શાન્તિનિકેતનમાં વસંતોત્સવ ઊજવાય. દરેક ઉત્સવ ટાગોરે નક્કી કરેલી પરંપરા પ્રમાણે જ ઊજવવાનો આગ્રહ રખાય છે.

પરંપરા પ્રમાણે વસંતોત્સવનું પ્રથમ ગાન શાંતિદેવ ઘોષ ગાય અને પછી ટાગોરનાં વસંત ગીતોનું નૃત્યગાન શરૂ થાય. આ વર્ષે પાઠ-ભવનના અધ્યાપકોએ માગણી મૂકી કે વસંતનું પ્રથમ ગાન શાંતિદેવ ઘોષ ન ગાય; કારણ કે પગાર-વધારાની માગણી માટેના સરઘસમાં જોડાયેલ પાઠભવનનાં શિક્ષકોની શાન્તિદેવ ઘોષે ટીકા કરી હતી. તેમની માગણી સ્વીકારાઈ નહિ એટલે તેમણે વસંતોત્સવનો બહિષ્કાર કર્યો અને નૃત્યગાન માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવાની ના પાડી. પણ વિદ્યાર્થીઓ જાતે જ તૈયાર થયા અને ઉત્સવ દર વર્ષની જેમ જ અબીલ-ગુલાલથી રંગેચંગે ઉજવાયો!

રાજકારણમાં કડદાશાહી

તા. ૩૧-૩-૯૧. અહીં હજી ચૂંટણીની હવા જામી નથી. અત્યારે તો કડદાબાજીની સીઝન ચાલે છે. આપણે બંધારણ તો ઈંગ્લંડની પાર્લમેન્ટરી પદ્ધતિ પ્રમાણે ગોઠવ્યું પણ ઇંગ્લંડમાં લોકશાહીનો જે રીતે વિકાસ થયો છે તે રીતે ભારતમાં ન થયો. જો કે તેમાં આશ્ચર્ય ન થવું જોઈએ, બન્નેની સંસ્કૃતિ કેટલી ભિન્ન છે? ઈંગ્લંડમાં બે મોટા પક્ષો વિકસ્યા છે અને ચૂંટણીમાં હરીફાઈનું તંદુરસ્ત વાતાવરણ પ્રવર્તતું વધુ જોવા મળે. અહીં શરૂઆત જ એક બહુ મોટા પક્ષથી

થઈ. પરંતુ તંદુરસ્ત હરીફાઈને અભાવે તેમાં ધીમે ધીમે સડો પેઠો. ૧૯૮૪થી ૧૯૮૯ના ગાળામાં કેન્દ્રની કૉંગ્રેસ પક્ષની ઘણી મોટી બહુમતીને કારણે આ સડો પરાકાષ્ઠાએ પહોંચ્યો. અને તે પક્ષ પણ તૂટ્યો. અત્યારે બે મોટા પક્ષો વચ્ચેની તંદુરસ્ત હરીફાઈને બદલે ચાર પાંચ નાના પક્ષો વચ્ચે કડદાબાજી ચાલે છે! અને આ કડદાબાજી કેવી સ્વાર્થ-પ્રચુર સપાટીએ પહોંચી છે તેનો નમૂનો ગુજરાતનો રાજકર્તા પક્ષ પૂરો પાડે છે.

દિલ્હીની પાર્લમેન્ટ અને ગુજરાતની ધારાસભામાં લગભગ સમાન સ્થિતિ પ્રવર્તે છે. દિલ્હીમાં સભ્યસંખ્યા ધરાવતા પક્ષના નેતા ચંદ્રશેખર, ૧૯૨ની સંખ્યા ધરાવતા કૉંગ્રેસ પક્ષના ટેકાથી રાજ ચલાવતા હતા. કૉંગ્રેસે ટેકો પાછો ખેંચતાં આ પાર્લમેન્ટરી ચૂંટણી આવી પડી છે. ગુજરાતમાં અત્યારે ચંદ્રશેખર-પક્ષના ૬૬ સભ્યોના નેતા ચીમનભાઈ પટેલ કૉંગ્રેસ પક્ષના ૩૨ સભ્યોના ટેકાથી રાજ કરે છે. હવે પાર્લમેન્ટની ચૂંટણીમાં ગુજરાતની ૨૬ બેઠકો માટે ચીમનભાઈને કૉંગ્રેસ પ્રમુખ રાજીવ ગાંધી સાથે એવો કડદો કરવો છે કે ચૂંટણી પછી પણ ગુજરાત વિધાનસભાના ૩૨ કૉંગ્રેસી સભ્યોનો તેમને ટેકો મળતો રહે. પણ ચંદ્રશેખર ચીમનભાઈને ચેતવે છે - 'રાજીવ ગાંધી સાથે તમે કડદો કર્યો અને ધારો કે આપણા અને રાજીવ ગાંધીના પક્ષની બહુમતી આવી તો વડા પ્રધાન તો રાજીવ ગાંધી થવાના, પછી મારું શું? એટલે કડદો કરતાં આ મુદ્દો પણ ધ્યાનમાં રાખવો.' આજકાલ તો એવી સ્થિતિ છે કે ચીમનભાઈ દિવસના અમદાવાદમાં, સાંજની ફ્લાઈટમાં દિલ્હી. ત્યાં અડધી રાત સુધી રાજીવ ગાંધી સાથે વાટાઘાટો, વહેલી સવારના ચંદ્રશેખર સાથે, સવારની ફ્લાઈટમાં અમદાવાદ. પછી દિવસના અમદાવાદ-માં, સાંજની ફ્લાઈટમાં દિલ્હી.........

આ છે ભારતીય લોકશાહીમાં વ્યાપક રીતે પ્રસરેલી કડદાગિરીનો નમૂનો! □

અનુ.] સર્કસ [પૃ.૧૩૨થી

માં તો ઉજ્જડ થઈ ગયું. જાણે સર્કસ અહીં આવ્યું જ નથી. તેની કોઈ જ નિશાની દેખાતી નથી.

તળાવની પાળના ઢાળ પર હાથીઓને ડોલતા ડોલતા જતા જોઈ રહ્યો. રંગબેરંગી પરીઓની દુનિયા તેના મનમાં કડડભૂસ થઈ. વળી પાછું નિર્જીવ તળાવ, ખાલીખમ. રાતે તળાવ કેવું લાગશે બિહામણું હવે! ને અંધારું ઘોર.

એ લોકો ક્યાં જતા હશે? કયે ગામ?

રસ્તામાં નદીનાળાં ને જંગલ જોતાં જોતાં જતાં હશે. અત્યાર સુધીમાં લગભગ પોણા ભાગ ઉપરનું સર્કસ તો રવાના થઈ ચૂક્યું હતું. હવે તો કંઈ જ બાકી નહોતું. થોડાં પતરાં ને છૂટક સામાન સિવાય.

તે ચાલવા માંડ્યો. થોડી વારમાં ઢાળ ચડી વાઘસિંહનાં પાંજરાં ને હાથી સાથે થઈ ગયો. તેની પાછળ પાછળ ચાલવા માંડ્યું. પડેલા દરબારગઢની ઈંટો ને પથરા દેખાતી ખખડી ગયેલી દીવાલ અને દરવાજા બહાર તે આવી ગયો. ક્યારેક વાઘસિંહની બાજુમાં, ક્યારેક હાથીની સાથેસાથે ગઢની બહાર નીકળી ચાલતો રહ્યો. સિંહની ડણક સંભળાતી હતી ને ત્યારે ધીમી વરસાદની ફરફર પડવી શરૂ થઈ. ઊભો રહી ગયો તે. ચલાતું નહોતું. સર્કસ આગળ ચાલતું રહ્યું તેણે જોયા કર્યું. વાઘનો ઘુરકાટ તે કળી શકતો હતો - તે દિવસે રમલા સાથે સાંભળેલો તેવો જ બરાબર.

સર્કસ દૂર જતું રહ્યું ત્યાં સુધી જોયા કર્યું. ડોકને લંબાવી લંબાવીને. વરસાદની ફરફરે તેને ભીંજવી નાખ્યો હતો આખા શરીરે. પાછા ફરવાનું તેને મન ન થયું.

બસ! ને સુસ્તી તેના શરીર ફરતી વધુ ગમગીન બની વીંટળાઈ રહી. 'ગુડ બાઈ' શબ્દ તેને નહોતો આવડતો, પણ મનમાં તો તેવું જ હતું.

ગુડ બાઈ સર્કસ...ગુડ બાઈ...ગુડ બાઈ... □

લઘુકથા

પ્રશ્ન

પ્રા. મુકુંદ દે. ભટ્ટ

ગામમાં છેલ્લા અઠવાડિયાથી રામલીલા ભજવાતી હતી. ચિંતન તેના દાદા સાથે નિયમિત આવતો. ભજવાતા રામાયણના પ્રસંગો તે ખૂબ ધ્યાનથી જોતો. મનમાં ઊઠતા પ્રશ્નોનું સમાધાન તે દાદા પાસેથી મેળવી લેતો.

આજે દશેરા હોવાથી રામ-રાવણ યુદ્ધનો પ્રસંગ ભજવાયો. વિશાળકાય રાવણ પડ્યો અને સાથે જ પ્રેક્ષકોએ રામનો જયઘોષ કરી વાતાવરણ ગજવી મૂક્યું. ચિંતન અસમંજસમાં હતો. ખેલ પૂરો થતાં સૌ વિખરાવા લાગ્યું. ચિંતન દાદા સાથે ચાલવા લાગ્યો.

'તે...હેં...દાદા રામ ભગવાને રાવણને માર્યો, ખરું ને?'

ઓસરતી ભીડમાંથી ચિંતનને કાળજીપૂર્વક દોરતા દાદાએ જવાબ આપ્યો, 'હા.'

'પણ, તમે તો કહેતા હતા કે રાવણ તો મહાજ્ઞાની અને પરમ શિવભક્ત હતો?'

ધીમા પગલે આગળ વધતા દાદાએ પ્રત્યુત્તર વાળ્યો, 'હા.'

'પણ તમે તો પેલી કવિતા ન્હોતી શિખવાડી?' 'કઈ?'

'હણો ના પાપીને.....'

દાદા નિઃશબ્દ હતા અને ચિંતનની આંખો દાદાના જૈફ ચહેરા પર પથરાયેલા મૌનમાં પોતાના પ્રશ્નનો પ્રત્યુત્તર ખોળી રહી હતી!! □

કલાવાર્તા

લોકશૈલીના કલાકાર
પ્રભાબહેન દુધાત





ગણપતિ શિવલિંગનુ પૂજન કરતા

જૂનાગઢમાં ૧૯૬૧માં જન્મેલાં પ્રભાબહેન દુધાતે ૧૯૮૪માં કલાકેન્દ્ર કોલેજ ઓવ્ ફાઈન આર્ટસ, વલ્લભ-વિદ્યાનગરમાંથી એ.ટી.ડી.ની પરીક્ષા પાસ કરી. તેમને તેમની વિશિષ્ટ લોકશૈલીનાં ચિત્રો માટે જવા-હાસ ફેંકફર્ટ લોકકલા સ્પર્ધા, અખિલ ભારતીય કાલિદાસ સમારોહ, ઉજ્જૈન; પશ્ચિમ ઝોનના સાંસ્કૃતિક કેન્દ્ર નાગપુર, ૧૦૫મા અખિલ ભારતીય વાર્ષિક પ્રદર્શન તથા મુંબઈ આર્ટ સોસાયટી અને બિરલા ફાઉન્ડેશન દ્વારા પારિતોષિકો એનાયત થયાં છે. તેમણે ભારતમાં તેમજ પરદેશમાં તેમનાં સુખ્યાત લોકચિત્ર કલાકાર સાસુ સંતોકબા તથા કલાકાર અને કલાઅધ્યાપક પતિ ભાનુભાઈ દુધાતની સાથે ગ્રૂપ પ્રદર્શનો યોજ્યાં. સિદ્ધાર્થ કાક દ્વારા દિગ્દર્શિત 'સુરભિ' શ્રેણીમાં તેમણે ભાગ લીધો હતો. ૧૯૯૭માં દુધાત ગ્રૂપ દ્વારા ભારત-ની આઝાદીનાં પચાસ વર્ષની ઉજવણીના પ્રસંગે 'ગાંધી ટુ ગાંધી' વિષય પરના વિશાળ ચિત્રપટ પરથી દસ્તાવેજી ફિલ્મ તૈયાર થઈ તથા ૧૮૦૦ મીટરનું 'મહાભારત' પરનો વિશાળ પટચિત્ર પર એક મોટો પ્રોજેક્ટ તૈયાર કર્યો. તેમના અન્ય પ્રોજેક્ટ 'શિરડીવાલે સાંઈબાબા', 'ભારતનો આત્મા', 'ગાંધી ટુ ગાંધી' તથા 'રામાયણ' તૈયાર થઈ રહ્યાં છે. તેમનાં ચિત્રો ભારતમાં તથા પરદેશમાં





↑ નાગદમન   * ગણેશના માતાપિતાના આજુબાજુ પ્રદક્ષિણા અને કાર્તિકેયની પૃથ્વી-પ્રદક્ષિણા ↑



કામદેવને ભસ્માભૂત કરતા શિવજી

મહત્ત્વની સંસ્થાઓના સંગ્રહમાં સ્થાન પામ્યાં છે. વલ્લભવિદ્યાનગરમાં તેમની 'સંતોકબા આર્ટ ગેલેરી' છે અને તેમાં જ તેમનો સ્ટૂડિયો પણ છે.

પ્રભાબેન દુધાતે તેમની કારકિર્દીની શરૂઆત તેમનાં સુખ્યાત લોકચિત્ર-કલાકાર સાસુ શ્રી સંતોકબા તથા કલા-અધ્યાપક પતિ ભાનુભાઈ પાસે પ્રેરણા, માર્ગદર્શન તથા પ્રોત્સાહન દ્વારા કરી. સ્વાભાવિકપણે જ લોકશૈલી અથવા દેશી શૈલી તરીકે ઓળખાતી લોકભોગ્ય છતાં કલાત્મક તત્ત્વોથી અનુપ્રાણિત એવી નિજી શૈલીનાં સર્જક સંતોકબાનાં ચિત્રોની અસર તેમણે સ્વાભાવિકપણે ઝીલી, છતાં તેમનાં ચિત્રોનાં સંયોજનોમાં, રંગ આયોજનમાં તથા આકૃતિનિર્માણમાં તેમની નિજી દૃષ્ટિનાં દર્શન થાય છે.


ખાસ તો વિશાળ પટચિત્રોનાં સંયોજન-માં તેમણે ભૌમિતિક ચોકઠાંઓમાં મહાભારત, રામાયણ, ભારતના ૫૦મા સ્વાતંત્ર્ય વર્ષની ઉજવણી તથા કૃષ્ણલીલા, ગણપતિ-માહાત્મ્ય, કાલિદાસની કૃતિ-ઓના પ્રસંગોને તેમની કથનાત્મક, વિશિષ્ટ લોકશૈલીમાં રજૂ કર્યા છે. આ ચિત્રોમાં ખાસ તો સમચોરસ, લંબચોરસ તથા ક્વચિત્ વર્તુળોમાં તેમણે વિવિધ પ્રસંગોને આલેખ્યા છે. ચિત્રની સપાટ ભૂમિ પર વૃક્ષો, છોડો, પ્રાણીઓ, પંખીઓ, માનવાકૃતિઓ, જળ, જળસૃષ્ટિ વગેરેનું આલેખન થયું છે. મોટા ભાગની માનવા-કૃતિઓ એકસાથે નજીકમાં ઊભેલી કે બેઠેલી કે કાર્ય કરતી એક ચશ્મી-પ્રોફાઈલ છે. ક્વચિત્ જ પ્રત્યક્ષ ચહેરાઓ જોવા મળે છે. તેમણે માટીના પાઉડરના રંગોમાં ગવાર-ગુંદરને ઉકાળી તેનું તારણ કાઢી રંગો તૈયાર કરી તે વાપર્યા છે. તેમના મર્યાદિત રંગવિનિયોગમાં વિરોધાભાસ છે તથા લોકશૈલીમાં જોવા મળતાં તેજસ્વી રંગોનો ઉપયોગ થયો છે. મૂળ રંગોનો ઉપયોગ ધ્યાનપાત્ર છે.

માનવાકૃતિઓની વધુ પડતી હાજરીને કારણે તેમનાં કેટલાંક સંયોજનો ભીડવાળાં બન્યાં છે. છતાં ગણપતિ, કૃષ્ણલીલા તથા કાલિદાસની કૃતિઓ પર આધારિત રચનાઓ પ્રભાવક બની છે અને તેમાં આપણને ખુલ્લા અવકાશની લાગણી પણ થાય છે. તેમની ભીડવાળી રચનાઓમાં પ્રેક્ષકની નજર કોઈ ચોક્કસ પ્રસંગ પર સ્થિર થતી નથી અને તેથી પ્રસંગોને વાંચવા કે સમજવામાં ખાસ તકલીફ પડે છે. વળી, ઘણી વાર નાનીમોટી માનવા-કૃતિઓ એકસરખી, એકબીજાની લગોલગ ઊભેલી, એક જ પ્રકારના ભાવવાળા એકચશ્મી ચહેરાઓ દર્શાવતી હોવાથી તેમાં એકવિધતા આવી છે અને તે સ્વાભાવિકપણે કંટાળો જન્માવે છે.

સમગ્રપણે જોતાં પ્રભાબહેનનાં લોકશૈલીનાં આલેખનો એક રંગદર્શી, ભરીભરી સૃષ્ટિ રચે છે અને તેમાં પ્રકૃતિનાં તત્ત્વો, માનવાકૃતિઓ તથા વિવિધ પ્રસંગોનું આલેખન તેમની નિજી શૈલીમાં થયું છે. તેમાં યુરોપીય ચિત્રકલાના પરિપ્રેક્ષ્ય તથા પ્રકાશ-છાયાની ગેરહાજરી છે. તેમાં સુશોભનાત્મકતા, નિતાંત ભારતીયતા, શૈલીગતતા તથા કથનાત્મ-કતા છે. તે આપણી ભારતીય સંસ્કૃતિ તથા લોકકલાનો વારસો છે. તેમનાં ચિત્રો આપણને ખોડીદાસ પરમારનાં, કચ્છની કામાંગર શૈલીનાં, મધુબની શૈલીનાં, ગુજરાતના સલાટી ભીંતચિત્ર શૈલીનાં, રાજસ્થાનના ફડચિત્ર શૈલીનાં તથા યામિની રાયનાં ચિત્રોની સહેજે યાદ કરાવે છે, છતાં તેમાં સૌરાષ્ટ્રની સુગંધ ભળી છે. - બંસીલાલ દલાલ

સુનીલ આદેસરાની છબીકલા

યુવા ફોટો-કલાકાર સુનીલ આદેસરાની તસવીરોમાં તેમનો આધ્યા-ત્મિક અભિગમ પ્રકટ થતો હોય છે. તે જોતાં આ તસ્વીરોનાં જુદાં જુદાં અર્થઘટનો પણ થઈ શકે છે. તત્ત્વજ્ઞાનનાં કાવ્યો નિહાળતાં હોઈએ તેમ પણ લાગે છે. 'કલા ખાતર કલા'ની વિચારસરણી ધરાવતા કલાકારો, કલારસિકો તથા વિવેચકો ભલે તેમની તસવીરોમાં પ્રકટ થતી આધ્યાત્મિક દૃષ્ટિ કે અભિગમને મહત્ત્વ ન પણ આપે કે કદાચ તે બિનજરૂરી પણ માને, પરંતુ ફોટોગ્રાફીની કલાની દૃષ્ટિએ જોઈએ તો આ કૃતિઓ સફળ પ્રભાવક કલાકૃતિઓ બની છે. વળી, તેમના આ આધ્યાત્મિક અભિગમે તેમની તસવીરોને એક નવું પરિમાણ અર્પ્યું છે. તેમાં રહસ્યમયતા છે, તો પ્રતીકાત્મકતા પણ છે. સ્થૂળ દૃશ્યો સામે હોવા છતાં તે દ્વારા તસવીરકાર સુનીલ આદેસરા આપણને કોઈ અદૃશ્ય ઊંડાણનો અનુભવ કરાવે છે. કોઈ અલૌકિક તત્ત્વના ઉમેરણથી રહસ્યમય અનુભવ કરાવે છે. આવા અલૌકિક, રહસ્યમય અનુભવની સાથે જ તેમની રંગીન તસવીરો ફોટો કલાકૃતિઓ તો બની જ છે - તેમની બેનમૂન પ્રિન્ટ ક્વૉલિટીને કારણે તથા સુંદર, રંગીન સંયોજનોને કારણે. તડકા અને છાયાનો અહીં કલાત્મક તેમ જ





'ગુણાતીતતા'ના પ્રતીકાત્મક અનુભવ કરાવતી તસ્વીર




આરોહણ




લાલચ લોલીપોપની

રહસ્યમય ઉપયોગ આધ્યાત્મિક અનુભૂતિ કરાવવા માટે થયો છે. તેમણે ઘેરા અને વિરોધાભાસી રંગો દ્વારા તાજગીભર્યું, રહસ્યમય વાતાવરણ સર્જ્યું છે. આકાશ, ટેકરીઓ, દ્વાર, શિલાઓ, અસ્ત થતો સૂર્યનો ગોળો, પગથિયાં, પાણી-રેતીમાં રચાતા આકારો, તડકો, છાયો, સમગ્ર આકૃતિને બદલે આકૃતિના બે પગ, ડાળીઓ, પાંદડાં, વનશ્રી, વૃક્ષો વગેરે તેમની તસવીરોમાં હાજર હોવા છતાં તે તેમની ભૌતિક હાજરીને અતિક્રમી રહસ્યમય હાજરી ધારણ કરે છે. અહીં અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જતી તસવીરમાં ભૂમિ પરનાં પગથિયાં અગ્રભાગથી આપણને ઊંડાણવાળા દૂરના ભાગ તરફ ગતિ કરાવે છે. તો 'લાલચ' શીર્ષકવાળી તસવીરમાં પગથિયાં પર પડેલી લોલિપોપની લોભામણી વસ્તુને પડછે તસવીરના અગ્રભાગમાં ઊભેલા માત્ર બે બૂટ દ્વારા દર્શાવેલી વ્યક્તિ છે. તસવીરમાં પગથિયાંની તેજસ્વી, પ્રકાશિત ધારો, લોલિપોપનો નારંગી રંગ તથા પોલિશ કરેલા કાળા બૂટ તથા પગથિયાંનું સુંદર, આકર્ષક પોત પણ ધ્યાનપાત્ર બન્યાં છે. 'આરોહણ' તસવીરમાં પ્રકાશ-છાયાયુક્ત પગથિયાં પર માણસને (તેના કેવળ પગો ઉપરના ભાગમાં) ચઢતો દર્શાવ્યો છે. આ પગથિયાંમાં પણ ઊંધી ત્રિકોણાત્મક ભાતો દર્શાવાઈ છે

'માયાયુક્ત વાસ્તવ' નામની તસવીરમાં પગથિયાંની સામેની ભીંત પરના માનવો-ના પડછાયામાં સંસારની માયા સૂચવે છે. તથા જગત્ મિથ્યા છે એવું નારંગી-લાલ રંગમય વાતાવરણ દ્વારા સૂચવાયું છે. એક તસવીર 'તરંગલીલા'માં દ્વારની સામે મૂકેલી રંગબેરંગી દાંડીઓવાળી નિસરણી કલ્પનાશક્તિના જુદા જુદા રંગો તથા જીવનનાં જુદાં જુદાં અર્થઘટનો સૂચવે છે. 'ચેતનાનું પીગળવું' તસવીર અમૂર્ત ચિત્રરચના બની છે. તેમાં પથ્થર જેવો આકાર ઊડતો ઓગળતો બતાવ્યો છે. પથ્થર ચેતનાનું પ્રતીક છે. – બંસીલાલ દલાલ



'માયા'વન (આંતરિક ઇચ્છાઓથી વીંટળાયેલી)



એક અમૂર્ત સર્જન

કંકાવટી

નારીનાં બાર આભરણ-સોળ શણગારો

કચ્છ-સૌરાષ્ટ્રની નારીઓ પ્રાચીન કાળથી કલાપ્રેમી અને શોખની શાહજાદીઓ રહી છે. એના શરીર-શણગારો અને વસ્ત્રાલંકારોનું વૈવિધ્ય ઊડીને આંખે વળગે છે. સૌરાષ્ટ્રના સાહિત્યરસિકોમાં જાણીતા 'પ્રવીણસાગર' ગ્રંથમાં નારીનાં બાર આભરણ અને સોળ શણગારનું વર્ણન આ મુજબ છે :

બાર આભરણ : (૧) ફૂલેલ તેલથી માલીશ કરવું, (૨) ગુલાબજળથી સ્નાન કરવું, (૩) વાળ ઓળી પાંથી પાડી અંબોડો લેવો, (૪) સેંથામાં સિંદૂર પૂરવું, (૫) કપાળમાં કેસરની બારીક આડ્ય કરવી, (૬) કેસરની આડ્ય ઉપર ગુલાબની બિંદી કરવી, (૭) કમળસરખી બિંદી કરવી, (૭) કમળસરખી આંખોમાં કાજળ સારવું, (૮) ભાતભાતનાં ચંદન અંગે ચોપડવાં, (૯) અંગમાં સુગંધ ભરવા ધૂપ બનાવવો, (૧૦) વસ્ત્રોમાં સુગંધ ભરવી, (૧૧) હથેળીમાં મેંદી ને (૧૨) પગે અળતો મૂકવો.

સોળ શણગાર : 'પ્રવીણસાગર' ગ્રંથના એક સવૈયામાં નારીના સોળ શણગાર આ મુજબ વર્ણવ્યા છે : (૧) મોતીની સેરો કપાળેથી લઈ અંબોડામાં બાંધવી, (૨) અંબોડામાં ગજરાફૂલ ગૂંથવાં, (૩) જડિત્ર બિંદી કપાળે લગાડવી, (૪) નાકમાં નથડી પહેરવી, (૫) કાનમાં અકોટા પહેરવા (મૂઠિયું જેવું ઘરેણું એક બાજુ જોબન અને બીજી બાજુ રૂપના જાણે પારિય ભર્યાં હોય તેવું લાગે), (૬) હમેલ ને હાર પહેરવા, (૭) છાતીએ હાર ને ચોકી (ઘરેણું) પહેરવી, (૮) મણિરત્નજડિત પોંચી પહેરવી, (૯) આંગળી- એ અનુપમ મુદ્રિકા (વીંટી) ધારણ કરવી. (૧૦) હાથે ચૂડી પહેરવી. (૧૧) કંકણ ધારણ કરવાં. (૧૨) કેડ્યે ઘૂઘરિયુંવાળુ કટિબંધ ધારણ કરવું, (૧૩) પગે ઘૂઘરિયાળાં ઝાંઝર પહેરવાં, (૧૪) અણવર અને વીંટીયા પહેરવા, (૧૫) રંગબેરંગી રૂપાળાં વસ્ત્રો ધારણ કરવાં, (૧૬) બાજોઠ પર બેસી અરીસામાં પોતાનાં અંગોનું પ્રતિબિંબ જોવું.

ચતુર્ભુજદાસ કાયસ્થે સંવત ૧૮૩૭માં રચેલ 'મધુમાલતી' ગ્રંથમાં સોળ શૃંગારનો એક શ્લોક મળે છે એનું ગુજરાતી રૂપાંતર ડૉ. કાંતિલાલ સોમપુરાએ આ પ્રમાણે આપ્યું છે :

મંજન ચીર આર, ઉર હાર,
કર કંકણ નૂપુર ઝનકાર;
તિલક નૈન દે અંજન,
કુંડલ મુક્તાફળ મનરંજન;
તન ચંદન મલિ કંચૂકિ ઝલકૈ,
કટિતર છુદ્ર ઘંટકા લલકૈ;
મુત તમોર બીરી હંસી ડારે,
માહન, અધર બિંબ નિઝારૈ.

વલ્લભદેવ કાથેના મતે પંદરમી શતાબ્દીમાં રચાયેલ 'સુભાષિતાવલી'માં ષોડશ શૃંગાર આ મુજબ વર્ણવાયા છે : (૧) મંજન, (૨) ચીર, (૩) હાર, (૪) તિલક, (૫) અંજન, (૬) કુંડલ, (૭) નાસામૌક્તિક, (૮) કેશપાશ, (૯) કંચુક, (૧૦) નૂપુર, (૧૧) સુગંધ (અંગરાગ), (૧૨) કંકણ, (૧૩) ચરણારાગ (અળતો), (૧૪) મેખલારણન (છુદ્રઘંટિકા), (૧૫) તાંબૂલ, (૧૬) કરદર્પણ - આ આભૂષણ આરસી જેવું છે. તે અંગૂઠામાં પહેરાતું જેથી તેમાં મુખ જોઈ શકાય.



નારીના નમણા રૂપને નિખારતા આ સોળ શણગારો સ્થાયી નથી. ડૉ. કાંતિલાલ સોમપુરા નોંધે છે કે, સમય અને પરિસ્થિતિ પ્રમાણે એમાં ફેરફારો જોવા મળે છે.

'ઉજ્જવલ નિલમણિ'ના રાધે પ્રકરણમાં ષોડશ શૃંગારનો ઉલ્લેખ આ પ્રમાણે મળે છે : (૧) સ્નાન, (૨) નાસાગ્રજાગ્રમણિ (નાસામૌક્તિક), (૩) અસિતપા, (૪) સૂત્રિણી (નીવીબંધ- યુક્તા), (૫) વેણીબંધન, (૬) કર્ણાવતંસ, (૭) અંગોને ચર્ચિત કરવા, (૮) પુષ્પમાલા ધારણ કરવી, (૯) હાથમાં કમળ ધારણ કરવાં, (૧૦) વાળમાં ફૂલ નાખવાં, (૧૧) તાંબૂલ, (૧૨) ચિબૂકીને કસ્તુરી વડે ચિત્રિત કરવી, (૧૩) કાજલ, (૧૪) મકરીપત્ર ભંગાદિ વડે શરીરને ચિત્રિત કરવું, (૧૫) અળતો લગાડવો, (૧૬) તિલક કરવું.

ઉપર જણાવ્યું એમ સમય અને સંજોગો અનુસાર સોળ શણગારોમાં પરિવર્તન આવતાં કેટલાક પ્રાચીન શણગારો લુપ્ત થયા. એને સ્થાને કેટલાક નવા દાખલ થયા. સામુદ્રિક શાસ્ત્રની દૃષ્ટિએ નારીનાં સોળ અંગોને ઉત્તમ ગણાવ્યાં છે. આ

(અનુસંધાન પૃ. ૧૫૫)

અડકો દડકો

છે ને તે - / હરિકૃષ્ણ પાઠક * ચે ને તે - / અલિકુત્ન પાતક (મૂળ કાવ્ય)

છે ને તે
હું રમવા જઉં તો ભરાય માથે ધૂળ
મારે શું કરવું?
છે ને તે
તૈયાર થઉં ત્યાં ઊઘડી જાતી સ્કૂલ
મારે શું કરવું?
છે ને તે
તોફાન કરું તો મમ્મી દેતી પાઠ
મારે શું કરવું?
છે ને તે
લેસન કરતાં તો લાગે એવો થાક
મારે શું કરવું?



ચે ને તે
ઉંલમ્મા જઉં તો ભલાય માતે ધૂલ
માલે ચું કવ્વું?
ચે ને તે
તૈયાલ તંઉ તાં ઉઘલી જાતી કૂલ
માલે ચું કવ્વું?
ચે ને તે
તોપાન કલું તો મમ્મી દેતી પાક
માલે ચું કવ્વું?
ચે ને તે
લેછન કલતાં તો લાગે એવો તાક
માલે ચું કવ્વું?

કિશોરકથા

અમારા છેલભાઈ

શ્રદ્ધા ત્રિવેદી

થોડા દિવસ બાદ નવીન સુમનને શહેરમાં ફરવા લઈ ગયો. તેને અનેક સ્થળે ફેરવ્યો. ચોપડીઓ, રમકડાં, મીઠાઈ વગેરે ઘણુંઘણું અપાવ્યું. રસ્તે ચાલતાં ચાલતાં તેઓ જઈ રહ્યા હતા. પસાર થતી એક સરસ મોટર જોઈ સુમન બોલ્યો : 'પપ્પા, આપણેય આવી મોટર લાવીશું?'

'હા, હા, જરૂર લાવીશું, તને મોટર બહુ ગમે છે ને? જરૂર લાવીશું.' ને નવીને મનમાં નક્કી કર્યું : 'ઘોડાગાડીની જગાએ હવે મોટર આવશે.'

રાત્રે ઘેર પહોંચી, સુમને બધાં રમકડાં કાઢ્યાં ને પોતે આજે કેટલી બધી મોટરો જોઈ હતી તેની વાત મંજરીને કરી. નવીને સમય જોઈ પૂછ્યું : 'બેટા, આપણેય એવી સાચૂકલી મોટર લઈએ તો ? તને ગમે ને ?'


'હો...હા...પપ્પા, પી...પી... હૉર્ન વગાડવાની કેવી મજા આવે?' સુમન ખુશીથી ખીલી ઊઠ્યો.

'હંઅમ..... પછી મોટરમાં બેસી આપણે દૂર દૂર ફરવા જઈશું. કેમ બેટા? બહુ મજા આવશે હેં ને?' ને મોટરનાં સપનાં જોતો જોતો સુમન ઊંઘી ગયો.


પણ મોટરની વાતે મંજરીનું મન ફફડી ઊઠ્યું; પણ તે કશું ન બોલી.

એક દિવસની વાત છે. બપોરની વેળા હતી. ચાચા આરામ કરતા હતા. એવામાં નવીનની સાથે બેત્રણ જણ આવ્યા. ઘોડાને જોઈ સૌ પ્રસન્ન થયા. પેલા લોકોએ એની સાથે કોઈ સોદો કબૂલ કર્યો. પેલા લોકોના વાતચીતના અવાજે ચાચા જાગી ગયા, બહાર આવ્યા. ને બધો મામલો કળી ગયા.

મોડી રાત્રે સૌ જંપી ગયા પછી ચાચા નવીનને મળ્યા, ને વિનંતી



ઘોડાગાડી લઈ જતા ચાચા - ઊભેલો નવીન




લાલ મોટરમાં હૉર્ન વગાડતો સુમન - બાજુમાં નવીન અને મહોલ્લાનાં લોકો

કરી : 'નવીનશેઠ, છેલને વેચશો નહિ. હું જાણું છું કે હવે મારી અને છેલની તમારે જરૂર નથી. હું પણ કાસમ મિયાંના વાડાવાળા મારા મૂળ મકાનમાં જવાનું વિચારું છું મારી આ ગાડી લઈને. છેલ પણ મને જ આપો. હું હપ્તે હપ્તે આપ કહેશો તે દામ ચૂકવી આપીશ. મહેરબાની કરી તમે બીજાને એ ના આપશો.' ચાચાએ ગળગળા અવાજે કહ્યું. નવીનેય વખત જોઈ ચાચાની વાત ઉપાડી લીધી. તેણે કહ્યું : 'ઠીક, તો છેલને લઈ જજો, પણ કાલે જ, સુમન ન જાણે એમ. પેલાઓને તો હું સમજાવી લઈશ.' નવીનને તો ટાઢે પાણીએ ખસ જતી હોય એવો આનંદ થયો. તેણે ચાચાને છેલભાઈને લઈને બીજી જ સવારે ચાલ્યા જવાની તાકીદ કરી. સફરુચાચાએ નવીન શેઠને સલામ ભરી ધીમા પગલે ત્યાંથી વિદાય લીધી. વિદાય લેતાં તેમણે કહ્યું : 'ભલે નવીન શેઠ, આપનો ઉપકાર નહિ ભૂલું. છેલ હવે મારી પાસે રહેશે. તમેય સુમનને સાચવશો.'

તે દહાડે આખી રાત સફરુચાચા ઊંઘ્યા નહિ. પછીના દિવસે વહેલી સવારે ચાચા જિંદગીની રહીસહી બધી બચત લઈ નવીન શેઠ પાસે પહોંચ્યા. તેમની આગળ છેલભાઈના સોદામાં ખૂટતી રકમ અને બને એટલી વહેલી ચૂકતે કરવાની ખાતરી આપી ને શેઠની હવેલી છોડવાની તૈયારી કરી. તેઓ છેલને તૈયાર કરી ગાડીમાં બેસી નીકળવા જતા હતા ત્યાં જ તેના પગે બાંધેલા ઘૂઘરા પર તેમની નજર પડી. તેઓ હળવેથી ગાડીમાંથી નીચે ઊતર્યા. ધીમે રહી છેલભાઈના ઘૂઘરા કાઢી લીધા. ને ગાડીમાં જ બેઠક નીચેના ખાનામાં મૂકી દીધા.

ને પછી ચાલ્યા.

તે એવી રીતે ગયા કે તેની નવીન શેઠ સિવાય કોઈનેય ખબર ન પડી.



રસ્તા પર દોડતી મોટર

સૂરજ ઠીક ઠીક ઊંચે આવ્યો ત્યારે સુમન ઊઠ્યો. ને દોડતો ગયો ઘોડારમાં છેલભાઈને મળવા. પણ આ શું? ત્યાં છેલભાઈ તો હતા નહિ. તે દોડતો દોડતો પાછો મા પાસે આવ્યો રસોડામાં ને કહેવા લાગ્યો : 'મા, મા, છેલભાઈ અને ચાચાદાદા ત્યાં નથી. શું તેમનેય ભગવાન લઈ ગયા?' તે રડવા જેવો થઈ ગયો. મંજરીના મનમાં ફાળ પડી. 'હોય નહિ, ચાલ, જોઈએ. કદાચ તે બહાર ગયા હશે.'

ત્યાં જ આગલા ઓરડામાં બેઠેલા નવીને કહ્યું : 'હા, સુમનની વાત સાચી છે. ત્યાં ઘોડો અને ચાચા નથી. હવે એ ત્યાં ક્યારેય નહિ આવે.'

મંજરીને ખૂબ દુઃખ થયું. કહે : 'એ શું આપણને નડતા હતા? ઊલટું એમને લીધે તો કેટલો આનંદ રહેતો હતો? પણ.... આમાં તમારો જ હાથ છે.' મંજરી મન મારીને મૂંગી રહી. તેણે સુમનનેય સમજાવી-પટાવી તેના ભાઈબંધો નીના, રાકેશ, સુનીલ વગેરે સાથે રમવા મોકલી દીધો.

ધીમે ધીમે સુમન અને તેના મિત્રો છેલભાઈને ભૂલતા ગયા. રમકડાના ઘોડાનું નામ તેમણે છેલભાઈ જ રાખ્યું હતું. પણ હવે મોટર, વિમાન કે ટેન્કથી તેઓ વધુ રમતા હતા. વળી, નવીને તેને બીજી પણ કેટલીક રમતો અપાવી હતી ને સમય જતાં તેનું ભણવાનું પણ ઘણું વધ્યું. આ બધાંને લીધે છેલની યાદ મનમાં ઝાંખી ને ઝાંખી થતી ચાલી, જેમ વાસણ પર કોતરેલું નામ વપરાતાં વપરાતાં ઝંખવાતું જાય તેમ.

કેટલાક સમય બાદ એક વાર સુમન શાળાએથી ઘરે આવતો હતો ત્યારે રસ્તામાં તેણે ચાચાને અને છેલભાઈને જોયા. 'અરે, ચાચા... ચાચા...' ને તે તો મુઠ્ઠી વાળી ઘોડાગાડી પાછળ દોડ્યો. ચાચાએ તેનો અવાજ સાંભળતાં જ ગાડી ઊભી રાખી. ગાડી પરથી ઊતરી, સુમનને પોતાની ગોદમાં લીધો. ખૂબ ખૂબ વહાલ કર્યું. સુમન પૂછે : 'ચાચા, તમે આટલા બધા દિવસ ક્યાં ગયા હતા? હવે તો હું નિશાળે ભણવા જાઉં છું. તમે ચાલો ને પાછા ઘેર. મને રોજ રોજ નિશાળે મૂકી જજો. બહુ મજા આવશે.' ને પછી ચાચાના ખોળામાંથી ઊતરી, તે છેલભાઈને વળગ્યો. 'કેમ રે છેલભાઈ? મને મૂકીને કેમ જતા રહેલા ? ચાલો હવે ઘેર, હવે તમને ક્યાંય નહિ જવા દઉં.' ચાચાએ ફરી સુમનને ઊંચક્યો ને કહ્યું : 'બેટા સુમન, હવે અમો તારે ઘેર તો પાછા નહિ આવીએ. અમે હવે અમારે ઘેર જ રહીશું. પણ તને આજે મહોલ્લા સુધી મૂકી જાઉં. બેસી જા ગાડીમાં.'

સુમન ગાડીમાં બેઠો ને મહોલ્લાના નાકે ઊતર્યો.

ઘેર પહોંચી સુમને ખુશ થતાં માને કહ્યું : 'મા, મા, આજે તો છેલભાઈ મળ્યા હતા. ચાચા મને આપણા મહોલ્લા સુધી મૂકી ગયા. મેં ઘણું ય કહ્યું પણ તે ઘેર ના આવ્યા.'

આ સાંભળી નવીન શેઠ કહે : 'બેટા, હવે છેલની વાત મૂક. જો હું છે ને કાલે શહેરમાં જવાનો છું, એક સરસ મોટર લાવવા. પછી રોજ તને નિશાળે મોટરમાં જવાનું મળશે. બોલ, તને ગમશે ને?' 'મોટરમાં? તો...તો પપ્પા ખૂબ મજા પડશે પપ્પા. હું પી...પી... હૉર્ન વગાડીશ એટલે રસ્તા પરથી બધાં આઘાં ખસી જશે. પપ્પા, કોઈક વાર આપણે ચાચાનેય બેસાડીશું, હોં! એમણે તો મોટર જોઈ જ નથી. મમ્મી, હું નીના, રાકેશને કહી આવું.' ને નાચતોકૂદતો સુમન પોતાના મિત્રોને આ ખુશખબર આપવા દોડ્યો.

નવીન તેનો આનંદ જોઈ રાજી થયો. 'ચાલો, આય ઠીક થશે. મોટર આવશે એટલે સુમન તો ખુશ; પણ સાલું હજી એ ચાચાને ભૂલ્યો નથી.' ચાચાનું નામ સુમનના મોંએ સાંભળવું તેને ગમતું નહોતું. જાણે કે દૂધપાકમાં ધોળી કાંકરી આવી! પણ પછી પંડે જ પોતાને સમજાવતો હોય તેમ બબડ્યો : 'કંઈ નહિ, વખત જતાં એય ભુલાઈ જશે.'

બીજે દિવસે નવીન લાલ મોટર લઈ જ્યારે હવેલી પાસે આવી ઊભો રહ્યો ને તેણે હોર્ન વગાડ્યું કે સુમન વછેરા જેમ કૂદતો કૂદતો તેની પાસે આવ્યો ને ફટાક બારણું ખોલી અંદર બેસી ફરી ફરીને હૉર્ન વગાડવા લાગ્યો. તેનો અવાજ સાંભળી લગભગ આખો મહોલ્લો ભેગો થઈ ગયો.

સૌ રમણલાલ શેઠ ઘોડાગાડી ને ચાચાને લઈને અહીં આવેલા તે દિવસ યાદ કરવા લાગ્યા. તે દિવસે પણ આમ જ આખો મહોલ્લો ભેગો થયો હતો. શેઠાણીએ કંકુ-ચોખાથી ઘોડાગાડીને વધાવેલી ને ગોળધાણા વહેંચેલા. આજે નવીન મોટર લાવ્યો. મંજરીએ કંકુ-ચોખાથી તેને વધાવી ને નવીને પેંડા વહેંચ્યા. ઘણાંની આંખમાં આંસુ હતાં. મોટર આવ્યાનો આનંદ હતો, તો સાથે છેલભાઈ ગયાનું દુઃખ પણ હતું. સૌનાં અકળ મૌનમાં જાણે કે છેલભાઈનું નામ બોલાતું હતું. થોડી વારે સૌ વીખરાયાં.

ચાચા જે ઓરડીમાં રહેતા હતા ત્યાં ડ્રાઈવર હીરાભાઈ બીજા દિવસથી રહેવા આવી ગયા ને છેલભાઈની જગ્યા મોટરે લીધી. સુમન હવે કારમાં શાળાએ જવા-આવવા લાગ્યો.

રોજ જતાં અને આવતાં તેની આંખો ચાચાને ખોળતી, પણ તે રોજ નિરાશ થતી. તેને એ નહોતું સમજાતું કે ચાચા તેને મળતા કેમ નથી? તેને ઘેર આવતા કેમ નથી?

સમય પસાર થતો ગયો ને સુમન પોતાની પ્રવૃત્તિમાં મસ્ત રહેવા લાગ્યો. હવે તે ક્યારેક જ ચાચાને યાદ કરતો. ને થોડાક જ સમયમાં તો મોટર, હીરાભાઈ વગેરે સાથે એવો તો હળી ગયો કે આ જગ્યાએ ચાચા હતા, છેલભાઈ હતા તેય લગભગ ભૂલી ગયો. પંખી પોતાની નવી દુનિયામાં ફરતું થઈ ગયું હતું ને જૂની દુનિયાને લગભગ ભૂલી ચૂક્યું હતું. (ક્રમશઃ)

અનુ.] કંકાવટી [પૃ.૧૫૨થી

અંગો પરના સોળ શૃંગારો 'પદમાવત'-માં આ પ્રકારે મળે છે : (૧) મજ્જન, (૨) સ્નાન, (૩) વસ્ત્રો, (૪) પત્રાવલિ રચના, (૫) સિંદૂર, (૬) તિલક, (૭) કુંડલ, (૮) અંજન, (૯) અધરો પર રાગ, (૧૦) તાંબૂલ, (૧૧) કુસુમગંધ, (૧૨) કપોલ પર તલ, (૧૩) હાર, (૧૪) કંચૂકી, (૧૫) છુદ્રઘંટિકા, (૧૬) પાયલ.

૧૭મી સદીમાં થઈ ગયેલા કેશવદાસે સોળ શૃંગારો આ મુજબ ગણાવ્યા છે : (૧) ઉબટન, (૨) સ્નાન, (૩) અમલપટ, (૪) જાવક, (૫) વેણી ગૂંથવી, (૬) સેંથીમાં સિંદૂર, (૭) લલાટમાં બોર લગાડવું, (૮) ગાલ પર તલ કરવો, (૯) અંગે કેસર લગાડવું, (૧૦) મેંદી મૂકવી, (૧૧) પુષ્પાલંકારો ધારણ કરવાં, (૧૨) સુવર્ણાલંકારો પહેરવાં, (૧૩) મુખવાસ, (૧૪) દંતમંજન, (૧૫) તાંબૂલ, (૧૬) કાજળ.

એમ કહેવાય છે કે, જૂના કાળે શૃંગારમાં મેંદી નહોતી. મેંદી મુસ્લિમોના સંસર્ગ પછી આપણે ત્યાં આવી. મુસ્લિમ પ્રજા સાથેના આદાન-પ્રદાન પછી જેમ નાકની નથડી-નથ આપણે અપનાવી તેવી રીતે મેંદી પણ એમની પાસેથી અપનાવેલી છે. મેંદીનો ઉલ્લેખ બારમી સદીથી મળવા માંડે છે. મેંદી-હીના ભારતીય શૃંગાર નથી. એ સોળ શણગારોમાં પાછળથી ઉમેરાઈ છે.

નગેન્દ્રનાથ બસુએ હિંદી વિશ્વકોશમાં સોળ શૃંગારોની યાદી આ મુજબ આપી છે : (૧) અંગોમાં ઉબટન (માલિસ), (૨) સ્નાન, (૩) સ્વચ્છ વસ્ત્ર, (૪) કેશવિધાન, (૫) કાજળ, (૬) સિંદૂર વડે સેંથી ભરવી, (૭) મહાવર-ચિત્રાંકનો કરવાં, (૮) તિલક, (૯) ચિબૂક પર તલ કરવો, (૧૦) મેંદી, (૧૧) સુગંધ અત્તર લગાડવું, (૧૨) આભૂષણ પહેરવાં, (૧૩) ફૂલોની માળા ધારણ કરવી, (૧૪) નિસ્સી લગાડવી, (૧૫) તાંબૂલ, (૧૬) હોઠ લાલ કરવા.

જૂના કાળે શિષ્ટ નાગરિક જીવનમાં ૧૪ વિદ્યા અને ૬૪ કળાઓ ખીલી હતી એમ નારીની રૂપસજ્જામાં બાર આભરણ અને સોળ શણગારો અસ્તિત્વમાં હતાં. આજે ઘણી પ્રાચીન પરંપરાઓ સમય અને સંજોગોના વહેણમાં લુપ્ત થઈ છે. કેટલાક શૃંગારો અને સૌંદર્યપ્રસાધનો નાગરિક જીવનમાં અને લોકજીવનમાં ભવ્ય પરંપરાના અવશેષરૂપે જળવાયાં છે. જે ભવ્ય ભૂતકાળની છડી પોકારે છે. ('ફૂલછાબ'માંથી) - જોરાવરસિંહ જાદવ

એક લાખ વર્ષ પૂર્વે પ્રભાસમાં આદિ માનવોના વસવાટના પુરાવા

સંકલન : આશિષ ખારોડ

નિશાળમાં ભણતી વખતે વિજ્ઞાનમાં ઉત્ક્રાંતિના પાઠો શીખ્યા છીએ અને ભૂગોળ, ઇતિહાસ તથા વિજ્ઞાન ત્રણેના અભ્યાસથી માનવીની ઉત્ક્રાંતિનો વ્યવસ્થિત સમય-કાળ નક્કી કરી શક્યા છીએ.

આમ તો, સૌરાષ્ટ્રના એક ખૂણે આવેલા નગરની વાત છે, પણ આ નગર એના પેટાળમાં એટલા બધા યુગોને સંઘરીને બેઠું છે કે, આપણી કલ્પનાના સીમાડાઓની મર્યાદા પણ ઓળંગી જાય. સોમનાથ, પ્રભાસ, વેરાવળ અને આખાયે દક્ષિણ-પશ્ચિમ કિનારા પર કેટલાંયે નાનાં-મોટાં મંદિરો, વાવ અને પ્રાચીન ગામો, નગરોનાં ખંડિયેરો અતીતની ઝાંખી કરાવતાં ઊભાં છે.

આ મંદિરોનાં સ્થાપત્ય અને મૂર્તિઓનો અભ્યાસ એટલું તો સ્પષ્ટપણે સાબિત કરી શકે તેમ છે કે અહીં હજાર કે દોઢ હજાર વર્ષ પહેલાં માનવવસવાટ જરૂર હશે, પરંતુ એ પહેલાં શું હતું? એ પ્રશ્નાર્થનો ઉકેલ જમીનમાં સંઘરાઈને પડ્યો છે, અને આજે તો ત્યાં છે માત્ર નાના-મોટા ટીંબાઓ!

આવો જ એક ટીંબો એટલે વેરાવળ શહેરના પાદરમાં સોમનાથથી એક-દોઢ કિ.મી.ના અંતરે આવેલો હીરણનો ટીંબો! હીરણ નદીના પુલના કાંઠે આવેલા નાના-મોટા ટેકરાઓ પૈકીનો આ સૌથી મોટો ટેકરો એટલે પુરાતત્ત્વવિદોના સંશોધનની ભૂમિ. આ ટીંબાથી પૂર્વ તરફ સૂર્યમંદિરના પ્રાચીન અવશેષો છે. આજે પણ ત્યાં ખૂબ મોટી સંખ્યામાં લોકો જાય છે, પણ તે અર્વાચીન શીતળામંદિરનાં દર્શનાર્થે!!

પુરાતત્ત્વના અભ્યાસીઓએ આ ટીંબાનું ખોદકામ કરીને અજાણી હકીકતોની આડેથી ધુમ્મસ દૂર કર્યું ત્યારે સિદ્ધ થયું કે આ નદીને તીરે આજથી એક લાખ વર્ષ પૂર્વે આદિ માનવનું અસ્તિત્વ હતું. વિસ્મૃતિની ગર્તામાંથી પ્રકટ થયેલા આશ્ચર્યચિહ્ન સમી આ ઘટના પર પૂનાની ડેક્કન કૉલેજ અને રાજ્યના પુરાતત્ત્વ ખાતાએ પ્રકાશ પાડ્યો અને શોધી કાઢ્યું કે, એકાદ લાખ વર્ષ પહેલાંની હિરણ નદી આજથી ૧૫ થી ૨૦ ફૂટ ઊંચે વહેતી હતી. આજના વરસાદ કરતાં ત્યારનો વરસાદ વધારે હોવાથી ગિરનાં જંગલોમાંથી કાળા ખડકોને તોડીને પોતાના પટમાં વેરતી નદીના કાંઠે વસતા આદિમાનવો આવા પથ્થરમાંથી કુહાડીના પાના જેવા અને પીપળાનાં પાન જેવા આકારની ધારવાળાં ઓજારો અને હથિયારો બનાવતા.

આ સ્થળે બીજા આદિમાનવનો વસવાટ થયો, આજથી આશરે ૪૦ હજાર વર્ષ પૂર્વે. આ બીજા આદિમાનવ યુગમાં હથિયારો પહેલાં કરતાં નાનાં અને બીજા પથ્થરો જેવા કે ચકમક, સખત રેતી પાષાણના ઉપયોગથી પણ બનવાનાં શરૂ થયાં હતાં.

પુરાણો કહે છે કે, ભગવાન શ્રીકૃષ્ણ પ્રભાસક્ષેત્રમાં વિચર્યા હતા, યાદવાસ્થળી અહીં થઈ અને શ્રીકૃષ્ણનો દેહોત્સર્ગ પણ અહીં જ થયો, ઇતિહાસની આ ઘટનાને લગભગ સમકાલીન એવું સૂર્યમંદિર આજે પણ હિરણના કાંઠે ભાંગી-તૂટી હાલતમાં છે. અહીંના અભ્યાસ પરથી એવું ફલિત થયું છે કે, આ સ્થળ ઓછામાં ઓછું ૪૦૦૦ વર્ષ જૂનું છે.

ઈ.સ. પૂર્વે ૨૦૦૦ માં એટલે આજથી લગભગ ચાર હજાર વર્ષ પૂર્વેની અહીંની સંસ્કૃતિના અવશેષો સમાન માટીનાં વાસણોનાં નાનાં-નાનાં ઠીકરાં, મણકા, પાતળા ચપ્પુનાં પથ્થરનાં પાનાં, વગેરે નદીના કાંપ વચ્ચે દટાયેલાં મળ્યાં છે. એટલે એવું માની શકાય કે, સોમનાથ-પ્રભાસમાં આ સંસ્કૃતિના વિકાસ પછી હિરણ નદીમાં મોટું પૂર આવ્યું હતું, અને પૂરમાં તણાઈને વસવાટનો વિનાશ થયો.

પ્રા. હસમુખ સાંકળિયા અને તેમના સાથી અન્ય પુરાતત્ત્વવિદો-નાં ઉત્ખનન પરથી એવું પણ સિદ્ધ થયું કે, આ સ્થળે આજથી ૩૫૦૦ વર્ષ પૂર્વે વસતાં લોકો સુંદર, રંગીન, ચિતરામણવાળાં અને સાદાં લાલ, ચકચકિત વાસણો બનાવતાં. આ વાસણોનો દેખાવ ઇરાની સંસ્કૃતિ સાથેના સાંસ્કૃતિક કે વ્યાપારિક સંબંધોનો સૂચક છે. અલબત્ત, આ સમયનાં ચિત્રોમાં પ્રાણી, વનસ્પતિ કે માનવની આકૃતિઓ ક્યાંય નજરે ચડતી નથી.

આર્નોલ્ડ ટોયન્બી નામના વિદ્વાને લખ્યું છે કે, 'હું ઉત્ક્રાંતિ તરફ નજર નાખું ત્યારે આશાવાદી બની જાઉં છું'. આ વિધાન અહીં એટલા માટે યથાર્થ બને છે કે, માનવીએ ઉત્ક્રાંતિની સાથોસાથ સાધેલા અદ્ભુત વિકાસનાં પૂરતાં પ્રમાણો અહીં મળે છે.

આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે ગુજરાત-સૌરાષ્ટ્ર પાટલીપુત્રનાં મૌર્ય રાજ્યો ચંદ્રગુપ્ત અને અશોકની હકૂમતમાં હતાં. હીરણના ટીંબામાંથી આ સમયનાં માનવો દ્વારા જમવા માટે વપરાતાં લાલ, કાળી માટીનાં વાસણો, લોઢાના ઉપયોગની શરૂઆત અને પથ્થરના પાયાવાળાં, પથ્થર માટીની ભીંતવાળાં મકાનોના પુરાવા પુરાતત્ત્વવિદોને મળ્યા છે.

૨૦૦૦ વર્ષ પૂર્વે એટલે કે ઇસવીસનની શરૂઆત પહેલાં તો અહીંનો કુંભાર અતિસુંદર, લાલ માટીનાં, ઈંડાના પડ જેવી પાતળી દીવાલનાં વાસણો, અને દારૂના કુંભ પણ બનાવતો થઈ ગયેલો. રોમન સામ્રાજ્ય સાથેના સૌરાષ્ટ્રના વેપારમાંથી આવાં વાસણોની પ્રેરણા મળેલી. ખેતીવાડીનું જ્ઞાન તો હતું જ. દ્વિદળ ધાન્યોનો વપરાશ ખોરાક માટે થતો અને સાથેસાથે માંસાહાર પણ!

ઉત્ક્રાંતિનાં આ એક લાખ વર્ષથી માંડીને બે હજાર વર્ષ પૂર્વેના માનવ-વસવાટની કડીબદ્ધ વિગતો પછી તો ઐતિહાસિક કાળની શરૂઆત થઈ અને મૌર્ય, ક્ષત્રિય, ગુપ્તકાળના ઘણા પુરાવાઓ હજુયે આખા સૌરાષ્ટ્રમાં વીખરાયેલા પડ્યા છે. પરંતુ હીરણનો ટીંબો અને પ્રભાસક્ષેત્ર વર્ષોથી પુરાતત્ત્વવિદોના અભ્યાસનું પ્રિય સ્થળ અને આદિમાનવે સાધેલા વિકાસનું જીવંત પ્રતીક બની રહ્યું છે. □

મણિમહાલ

સ્વ. જયંતીલાલ મહેતા

દૃશ્ય - ૧

ઠક!... ચક!... ઠક...! ઠકાક! ચક! ચક!

પ્રો. શંકર : કો...ણ? કોણ અટાણે મધરાતે ખાડો ખોદે છે?! અહીયાં આ ગરીબ ઘરમાં શું દાટ્યું છે?...

અમર : બાપુજી! મૂંગા મરો. છાનામાના સૂઈ રહો. મને મારું કામ પતાવવા ઘો. સવાર પહેલાં મારે પાછું ભાગવાનું છે.

શંકર : કે...મ?! હજુ હમણાં તો તું આવ્યો ને કે'છે સવાર પહેલાં ભાગવું છે?! હું પૂછું છું : લ્યા અમર, એવી તે શી દોડાદોડીમાં તું અટવાયો છે કે આમ અંધારામાં જ આવે છે ને અંધારામાં જ ભાગે છે? તારા આ ગોરખધંધા હવે બંધ કર, બાપલા! નહિતર ક્યાંક જાનથી...

અમર : એ...એ...એ...મ! મને જાનથી મારવાની ધમકી આપે છ ડોસલા? સગ્ગો બાપ થઈને?! ચૂપ મર! ને મને મારી રીતે જીવવા દે. નહિતર ક્યાંક તારો જાન...

શંકર : (સ્વગતની જેમ) અરે! રે! ભગવાન! મેં એવાં તે શાં પાપ પૂરવ જનમમાં કર્યાં હશે કે મારે ઘેર આ કપાતરને મોકલ્યો? ખે...ર! કર્યાં કરમ તો ભોગવવાં જ પડે છે! આ અમરિયો નાનો હતો ને એની મા મરી ગઈ. પછી મેં એને કામવાળીઓના હવાલે જ કરી દીધો'તોને! અને આ અધૂરા ઓશિયાળા ઘરમાં કોણ કામવાળી લાંબું ટકે? અને માંડ આવે ઈયે એવી જ આવેને! એનાં પાયેલાં દૂધ-પાણીથી કોઈ સપૂત ક્યાંથી પાકે? આવડો મોટો વિદ્વાન પ્રોફેસર ગણાઉં, પણ સાલ્લું આવી સાદીસીધી વાત જ હું ન સમજ્યો...! (પ્રો. શંકર દુઃખભર્યું હસી મૂંગા થઈ જાય છે)

ધ...બ! ધ...બ! ધબાક...ધબ!

શંકર : લ્યા, માટી બરોબર દાબજે. નહીંતર તારા ખોદેલા ખાડામાં મારો અરધા આંધળાનો ટાંટિયો મરડાશે તો કોણ તારો બાપ મને હળદર-મીઠું ચોપડવા આવશે ?

અમર : (ઠઠ્ઠાભર્યું અટ્ટહાસ્ય કરતાં) મારા બાપ તો તમે જ છો ને? એટલે પ્રોફેસર સાહેબ, સારું ગુજરાતી બોલોને! એમ કહો કે કોણ મારો બાપ મારાં દવાદારૂ કરશે...(ખડખડાટ હસતાં) અ...ચ્છા! હું. એમ પૂછું છું કે તમારા બાપ પણ તમારી જેવા જ વેદિયા હતા? ચોપડિયું જ તેમની સાચી સગલીઓ હતી?

શંકર : મારા પિતાજી તો એક હાથમાં ત્રાજવું ને બીજા હાથમાં ડંડીકો રાખતા. ઈવડા ઈ તો પાકા વેપારી જીવ હતા. છાપાં સિવાય બીજું કાંઈ વાંચવાનું હોય એ પણ એ જાણતા નહીં અને છાપામાં ય બજારભાવનું પાનું જ વાંચતા. મને તો સાચી કેળવણી અને સંસ્કાર આપ્યા છે મારી વહાલી બાએ.

અમર : હાં, એમ કહો ને! મારાં મોટીબા તો સૌથી મોટાં મહાન માતા હતાં. જાણે સાક્ષાત્ જગદમ્બા જ હતાં એમ મને મારી બા કહેતી. (અવાજમાં થોડીક ભીનાશ સાથે) અરે! એ મોટીબાની વાંહોવાંહ મારી બા પણ હાલી નીકળી. અને તેણે મને સાવ રખડતો મેલી દીધો. પેલી ચોર ચંપાડી! નમને કલાકે કલાકે ગરમાગરમ ચા પીવરાવતી એટલે બસ! સા...લ્લી! કેટકેટલું ચોરી ગઈ તો...ય

શંકર : ૫...ણ પેલી કસ્તુરી તો બિચારી તારું બહુ ધ્યાન રાખતી ને?

અમર : હા! હા! હા! રોજ મને છાનામુના સાથળમાં ચિંટીઆ ભરી ઊભડક કરી મેલતી ને મારું દૂધ પી જતી ઈવડી ઈ ને...?

શંકર : પણ પેલો આપણો મગન માળી? એની હારે તો તારે બહુ બનતું.

અમરઃ હો... વે એ..એ..! બને જ ને?! મગનકાકાએ તો મને બહુ જલસા કરાવ્યા છે. કાકો રોજ આખી દેશીની બોટલ ચડાવતો. પણ મને ય થોડીક પરસાદી ચખાડતો હોં! કાકાના દોસ્તારો આખી રાત તીનપત્તી રમે. ને મનેય થોડુંક રમાડે. બધા ચુગલામાં યે મને હારે રાખે. ચંપાડી હારે કાકાને બહુ જામતું હોં! પણ ઓલી...?? હવે મેલો ઈ બધી વાતો. તમે તો મને વાતોના વઘારમાં ટલ્લે ચડાવી દેશો. મારે બહુ મોડું થાય છે. હું જાઉં છું પણ પાછો ન આવું ત્યાં લગણ, ખ...બ...ર...દા...ર! આ ભોંયરામાં પગ મેલ્યો છે તો. તમારા માટે આ ભોંયરું આજથી ઠામુકું અગરાજ ગણજો હોં...કે...!

(દૃશ્ય પૂરું થયાનું સંકેત-સંગીત)

દૃશ્ય -૨

પહેલાં ધીરેથી અને પછી જોરથી સતત ડોરબેલ વાગે છે.

પો.ઈ. : અરે કોઈ છો કે? આટલા જોરથી વાગતી બેલ પણ સંભળાતી નથી?!

શંકર : અરે, સાંભળું તો છું. પણ બૂઢા માણસને આવતાં વાર તો લાગે ને? તમે કોણ મોટા ગવર્નર છો કે આટલી બૂમાબૂમ કરો છો? (પ્રો.શંકર 'મણિમહાલ'નું પ્રવેશદ્વાર ખોલે છે એટલે ધમાધમ કરતા પો.ઈન્સ્પેક્ટર તથા બીજા બે પોલીસમેનો પ્રવેશે છે.)

પો.ઈ. : આ પ્રોફેસર શંકરનું ઘર છે ને ?

શંકર : આપે ક્યાં પધરામણી કરી છે ?

પો.ઈ. : જુઓ મિસ્ટર, જરા તમીઝથી વાત કરો. અમે સરકારી અફસર છીએ.

શંકર : બોલો, શું કામ છે? હું પોતે જ પ્રોફેસર શંકર છું.

પો.ઈ. : તમારો દીકરો અમર ક્યાં છે ?

શંકર : મને ખબર નથી.

પો.ઈ. : તમારી સાથે રહેતો નથી ?

શંકર : રહે છે. ને નથી પણ રહેતો. મન ફાવે ત્યારે આવે છે. ને મન ફાવે ત્યારે જાય છે.

પો.ઈ. : કાલે રાત્રે અહીં હતો ?

શંકર : હા !!

પો.ઈ. : અહીંથી ક્યારે ગયો ?

શંકર : મળસ્કા પહેલાં. બ્રાહ્મમુહૂર્તના અંધારામાં.

પો.ઈ. : એટલે કેટલા વાગે?

શંકર : અંધારામાં ઘડિયાળ જોતાં મને આવડતું નથી.

પો.ઈ. : જુઓ પ્રોફેસર! અહીં હું તમારી જોડે જીભાજોડી કરવા આવ્યો નથી. તમને એક બહુ માઠા સમાચાર આપવા આવ્યો છું. તમારા દીકરાની લાશ શહેરના છેવાડે નદીની કોતરમાંથી પોલીસને આજે મળી છે. તેના બદનમાં ગોળીઓ વાગી છે. ખૂનની આશંકા લાગવાથી તમારી પૂછપરછ કરવા આવ્યા છીએ. એટલે મારા સવાલોના સ્પષ્ટ સીધા જવાબો આપો. નહીંતર મારે તમને પોલીસથાણામાં મોટા સાહેબ પાસે પકડીને લઈ જવા પડશે, સ...મ...જ્યા? માટે તમે જે જાણતા હો તે બધું જ માંડીને કહી ઘો તે તમારા લાભમાં જ છે.

શંકર : જુઓ સાહેબ! અમર મારો દીકરો છે. 'છે' નહિ, 'હતો'. તેનાં અપલખણોથી ત્રાસી જઈ મેં ક્યારનું ય એના નામનું નાહી નાખ્યું છે. હું જાણતો જ હતો કે એનું આમ જ એક દિ અંતરિયાળ અપમૃત્યુ થશે.

પો.ઈ. : ઓ...હ! તો એનું ખૂન થશે તે તમને ખબર હતી? તો તો પછી તમે એના ખૂનીને ઓળખતા હશો? કોના પર શક છે? તેનું નામઠામ બોલો.

શંકર : નહીં, સાહેબ! તમે મારી વાત સમજ્યા નહીં. મારું કહેવું એમ હતું કે માણસમાત્રને પોતાનાં કર્મોનાં ફળ ભોગવવાં જ પડે છે. હાથનાં કર્યાં હૈયે વાગે ને વાગે જ. અમર શરાબી હતો, જુગારી હતો, ચોરીના રવાડે પણ ચડ્યો હશે. અને તમે પ પુલિસવાળા તો જાણતા જ હશો કે 'ચોરમાં પડ્યા મોર' વાળી કહેવત કેટલી બધી સાચી છે એટલે...

પો.ઈ. : (પ્રોફેસરની વાત અધવચ્ચેથી કાપતાં) મને કહેવતો અને કર્મના સિદ્ધાંતોમાં રસ નથી, પ્રોફેસર! મને તો કાલે રાત્રે શું બન્યું તે ટૂંકમાં કહો.

શંકર : કાલે રાત્રે હું મારા રોજના નિયમ મુજબ દસ વાગે પથારીમાં પડ્યો. પણ ઊંઘ આવી નહીં. પડખાં ઘસતો રહ્યો. લગભગ મધરાત પછી અમર પાછલા બારણેથી આવ્યો હશે. અને રસોડામાં જઈ કંઈક ખાંખાંખોળાં કરતો હશે. એટલે ખખડાટ થતાં મેં પૂછ્યું : 'કો...ણ? કોણ ત્યાં રસોડામાં છે?' જવાબમાં અમરે ઉદ્ધતાઈ આદરી. અમારી બન્ને વચ્ચે બોલાચાલી થતી રહી. તેમાં જ રાતના ત્રણ-ચાર વાગી ગયા હશે. અમર આખરે કંટાળ્યો ને મારું અપમાન કરી હાલતો થયો. ત્યારે મેં તેને સંભળાવેલ કે, દીકરા જાકૂબીના ધંધા છોડ. નહીંતર તારો જાન ક્યાંક ખોઈ બેસીશ. મને સ્વપ્નેય ખ્યાલ નહીં કે મારો શ્રાપ આટલો જલદી તેનો ખાત્મો બોલાવી દેશે! ખેર! કર્મનો સિદ્ધાંત છે ને?...

પો.ઈ. : વળી પાછું તમારી ફિલસૂફીનું ડહોળણ મારે નથી સાંભળવું. તેના સાથીદારો કોણ હતા તે કહો.

શંકર : હું કાંઈ જ જાણતો નથી. અને જાણવા માગતોય નથી. જેણે પણ એનું ખૂન કર્યું હશે એ તો નિમિત્તમાત્ર ગણાય. કારણ આ તો પોએટિક જસ્ટિસનો કિસ્સો બની ગયો. ધ નેચર્સ મિલ ગ્રાઇન્ડ્ઝ વેરિ સ્લોલી, બટ ગ્રાઇન્ડ્ઝ ઇટ ડઝ ઇનએક્ઝોરેબલી. કુદરતની ઘંટી...

પો.ઈ. : બસ બહુ થયું! તમે તો માણસ છો કે...? તમારા જુવાનજોધ દીકરાનું આવું કરપીણ ખૂન થઈ ગયું તેનું તમને કંઈ જ લાગતું નથી?! અને કુદરતી ન્યાયની વાતો ને ઘંટીનાં પુરાણો ડહોળો છો? ચાલો, જમાદાર, આ તલમાંથી કાંઈ તેલ નીકળે તેવું લાગતું નથી. મા...સ્ત...ર... છે ને?

(પો.ઈ., જમાદાર વિ. બૂટ ખટખટાવતા જાય છે)

શંકર : (ધ્રૂસકે ધ્રૂસકે રડી પડતાં ખરખરીવાળા ત્રૂટક અવાજમાં) 'અરે રે! દીકરા અમર! મને શી ખબર કે મારી કાળવાણી આમ તારો જાન લઈ લેશે?! બાકી મારાથી પોલીસને મોઢે સાચું કહેવાય તેવું ક્યાં હતું? તેં ભોંયરમાં જે માલમલિદો દાટ્યો છે, તે ખોદીને કાઢે અને મનેય તારો સાથીદાર ચોર ગણી પાંચદસ વરસની જેલ ઠોકી દે. તો, બેટા! તારા ખૂની ઉપર વેર ક્યાંથી વાળી શકું? હું જાણું છું, મને ગળા સુધીની ખાતરી છે કે તારો ખૂની એક દિવસ આ મણિમહાલમાં આવશે. અને ગમેતેમ કરી પેલો માલમલિદો હાથવગો કરવા મરણિયા પ્રયાસો કરશે. ત્યારે, ત્યા...રે મારો વારો આવશે. હું એ નરાધમને એવી સિફતથી યમસદન પહોંચાડી દઈશ કે તારો આત્મા જ્યાં રખડતો હશે ત્યાં હાશકારો અનુભવશે. અને આટઆટલાં વરસો સુધી મેં વાંચેલ ડઝનબંધ જાસૂસી ગુન્હાકથાઓ લેખે લાગશે. જોયું ને? તે પોલીસના બચ્ચાને ઊંધે રવાડે ચડાવવામાં મારી ફિલસૂફી કેવી કામ આવી? ઈવડા ઈ યે તો મને ગાંડો ગણી છોડી દીધો ને ? હવે હું એની કુકરી ગાંડી કરીશ, દીકરા! (છેલ્લાં વાક્યો શંકર રડતાં, હસતાં, રડતાં - અટ્ટહાસ્ય-અર્ધરુદનમાં બોલે છે).

(દશ્ય પૂરું થયાનું સંકેત - સંગીત)

દશ્ય - ૩

(મોટરની બ્રેક જોરથી લગાવવાનો ચરચરાટ)

કપુર : મિસ્ટર ગુપ્તા, એસ્ટેટ એજન્ટ છે કે ?

ગુપ્તા : પધારો, પધારો! આપ જ કપુરસાહેબ ને? આપનો તાર મળેલ. આપને માટે નદીકાંઠે બેત્રણ સરસ બંગલા શોધી રાખ્યા છે. આપ કહો તો હમણાં જ જોવા જઈએ? અપ ટુ ડેટ છે.

કપુર : મને અપ ટુ ડેટ મૉડર્ન બંગલામાં રસ નથી. મારે તો કોઈક ઐતિહાસિક સ્થાપત્યવાળું જૂનીપુરાણી ઢબનું મકાન લેવું છે. જુઓ, મેં હમણાં આવતાં રસ્તામાં જ આવો એક જરીપુરાણો બંગલો જોયો છે. તે મને ગમી ગયો છે. તેનું નામ કંઈક 'મહાલ' કે એવું છે.

ગુપ્તા : અરે, સાહેબ! તમે પેલા ખખડધજ મણિમહાલની વાત કરો છો? એ તો સદીઓ પુરાણું સાવ ખખડી ગયેલું ફાલતુ મકાન છે. આજે પડું, કાલે પડું તેવી સાવ બિસ્માર તેની બૂરી હાલત છે. એમાં ન પડાય, સાહેબ, અમે દલાલીના લોભમાં એવી ખોટી સલાહ અમારા ગ્રાહકોને આપીએ પણ નહીં. અરે! જેના કોઈ દસપંદર હજાર પણ આપે નહીં તેવા એ ખડુસ મકાનના પ્રોફેસર શંકર પૂરા એક લાખ માગે છે! માસ્તર ખરાને. સાવ વેદિયાવેડા કરે છે.

કપૂર : મને એ જ બંગલો ગમ્યો છે. તેમાં રહેનારને એવું થાય ને કે જાણે પોતે અઢારમી સદીના કોઈ મહારાજાના મહેલમાં વસે છે! એક લાખ કહે છે ને? કાંઈ ઓછું ન થાય?

ગુપ્તા : જેવી આપ શેઠિયાવની મરજી. પણ પાછી એ માસ્તરે હઠ પકડી છે કે એની પાસે મૂળ ઘરાકને એકલાને જ મોકલવા. અમને દલાલોને તે સાવ ફાલતુ ગણે છે અને સાંભળવા પણ માગતા નથી!

કપૂર : ભલે! હું એકલો જઈ સોદો પતાવું છું. પછી તમને મળું છું. તમારી દલાલીની ચિંતા કરશો નહીં. તમને ચોક્કસ મળી જશે.

ગુપ્તા : મારો માણસ સાથે આવી આપને મકાન બતાવી જાય?

કપૂર : નહીં, નહીં! મેં રસ્તો બરોબર જોઈ લીધો છે.

ગુપ્તા : ભલે, આપ કહો તેમ. આપ કહો તો પ્રોફેસર શંકરને ફોન કરી દઉં?

કપૂર : હા! કહો કે મિસ્ટર કપૂર કરીને એક ગ્રાહક સોદો પતાવવા આવે છે. (શંકરના ફોનની ઘંટડી વાગે છે)

ગુપ્તા : પ્રોફેસર સાહેબ! આજે તમારાં ઊઘડી ગયાં. હું દલાલ ગુપ્તા બોલું છું. એક મોટા શેઠ કપૂરસાહેબ તમારે ત્યાં આવવા નીકળ્યા છે. તેને તમારો મણિમહાલ ગમી ગયો છે અને અબી હાલ સોદો પતાવવો જ છે. પંખીડાને પિંજરમાં પૂરી જ દેજો. (દૃશ્ય - ૩ પૂરું થયાનું સંગીત)

દૃશ્ય - ૪

(ડોરબેલ વાગે છે. દરવાજો ખોલવાનો કિચુડાટ)

કપૂર : આપ જ પ્રોફેસર શંકર છો ને ?

શંકર : હા, જી! આપ મિસ્ટર કપૂર ને ? ગુપ્તા દલાલનો હમણાં ફોન હતો. બોલો !

કપૂર : મને આ બંગલો ગમી ગયો છે. મારે ખરીદવો છે. બોલો, કેટલામાં આપવો છે ?

શંકર : આપ ક્યાંથી આવો છો? શું કરો છો ?

કપૂર : દિલ્હીથી આવું છું. બિઝનેસમેન છું.

શંકર : કેમ, દિલ્હીમાં બંગલા નથી મળતા ?

કપૂર : મળે છે ને. પણ મોડર્ન અને બહુ મોંઘા. આવો પુરાણો આર્કિટેક્ચરવાળો મહેલ જેવો લાગતો નદી કાંઠે ન મળે ને. અને- આવું સાવ સરસ એકાંત બીજે ક્યાં મળે? મારે તો રિટાયર થઈને આવી એકાંતવાળી અટૂલી જગ્યામાં રહેવું છે. આપ પણ રિટાયર્ડ જ છો ને? કેટલી અઢળક શાંતિ અહીં પામતા હશો, નહિ ?

શંકર : શાં. :.તિ ?? હા અને ના. એકાંત અહીં જરૂર છે. પણ તે ભેંકાર છે. હું શાન્તિ (ભાર દઈને ચીપીને) અહીં પામતો નથી. કારણ? કારણો ઘણાં છે. પણ તમે જાણીને શું કરશો? મારે તો આ બંગલો વેચી હિમાળો ગાળવા હાલી નીકળવું છે. પણ તમારી ઉમ્મર તો હજુ નાની લાગે છે. રિટાયર થવાને હજુ દસપંદર વરસોની વાર હશે ને? તો અત્યારથી આવા ખખડધજ મકાનમાં પૂરા લાખ રૂપિયાનું આંધણ કરવું છે? પાંચસાત વરસમાં તો આ પડીને પાધર થઈ જશે.

કપૂર : તમારે આ મકાન વેચવું તો છે ને? મને ગમી ગયું છે તેથી લેવું છે. પછી મારી ઉમ્મર શું, રિટાયર ક્યારે થઈશ - એ બધા નકામા પ્રશ્નોની આવી પીંજણ શા માટે? અમારું બિઝનેસમેનોનું તો એવું ને કે જો માલ ગમી ગયો તો પછી ભાવતાલ કરવા ન બેસીએ. લઈને જ જંપીએ. બોલો, કેટલામાં વેચવું છે?

શંકર : કેમ, તમને ગુપ્તાએ કહ્યું નથી? પૂરા એક લાખ લેવાના છે.

કપૂર : પ...ણ

શંકર : પ...ણ ને બણ. એક લાખ રોકડા ચૂકવવા હોય તો યસ છે. નહીંતર રોકડી ના છે. મારો સમય કોઈ ફાલતુ બગાડે તે મને ગમતું નથી.

કપૂર : ભલે, મને મંજૂર છે. પૂરા એક લાખ આપીશ. પણ બંગલાનો ખાલી કબજો આજ સાંજ સુધીમાં જ મારે જોઈએ છે. તે આપી શકશો?

શંકર : કબૂલ! મંજૂર! હું વરસોથી તમારી જ રાહ જોતો હતો. મને હતું જ કે એક દિવસ આ ખખડધજ મકાનના એક લાખ દેવાવાળો જણ જરૂર આવશે. ને તાત્કાલિક કબજો પણ માગશે. તે શુભ દિન આવી પહોંચ્યો છે તે બદલ ભગવાનનો પાડ..... બોલો, શું પીશો?

કપૂર : ના, કંઈ જ નહીં. હું ઉતાવળમાં છું. પાછું મિ.ગુપ્તાને.....

શંકર : અરે, એમ ચાલે, સાહેબ? તમે છો મારા માનવંતા મોંઘેરા મહેમાન. હવે આ બંગલાના નવા માલિક. સાવ ખાતરબરદાસ્ત કર્યા વગર તમને જવા દેવાય? બહાર સખત ગરમી છે. થોડુંક શરબત લઈ આવું. તે પીને પછી તમતમારે જવું હોય ત્યાં જાઓ. (પાંચ દસ સેકન્ડ પછી)

શંકર : લ્યો, સાહેબ, આ તો બિલાનું શરબત છે. ભગવાન શંકર પર બિલીપત્રો ધરાવાય ને તે બિલ્વવૃક્ષનું ફળ બિલાનું આ શરબત છે. તે પીતાં તો ભગવાન શંકરનો હળાહળ ભરેલ કંઠ પણ ટાઢક પામતો હશે. માટે જરૂર પીઓ. તમને જીવનભરની ટાઢક વળશે.

કપૂર : ભલે! તમારો આગ્રહ જ છે તો લાવો થોડું પી લઉં. (શરબતનો ઘૂંટડો ભરવાનો અવાજ) હા.....શ! અરે, આ તો ખરેખર કોઠે ટાઢક વળે તેવું ઠંડું, મીઠું પીણું છે. થેન્કસ! પ્રોફેસર! (અવાજ તોતડાતો ગૂટક બને છે) વે...વે...એ...એ...રી મે...એ...એ... પે...એ...એ (કપૂર બેહોશ થઈ સોફામાં ઢળી પડે છે).

હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર............ઝીંકમ જસત (Zincum Metallicum)............. હેમેન્દ્ર એ. શાહ

દર્દી જ્યારે પોતાની હલનચલન ઉપરનો કાબૂ ગુમાવે ત્યારે જસત ધાતુમાંથી બનતી હોમિયોપથીની દવા ઝીંકમને તુર્ત જ યાદ કરવી જોઈએ.

આ પ્રકારનો દર્દી અત્યંત નબળો થઈ જાય છે. તેનામાં રોગ પ્રતિકારક શક્તિ તદ્દન ઓછી થઈ જાય છે, તેમ છતાં તે સતત પોતાના બંને પગ હલાવતો હોય છે. વ્યક્તિ નબળી હોય કે સબળી હોય, જો તેને સતત પગ હલાવવાની ટેવ પડી ગઈ હોય તો ઝીંકમની ટ્રીટમેન્ટ લેવી શરૂ કરી દેવી જોઈએ. જો આમ કરવામાં ન આવે તો ભવિષ્યમાં લકવા/પક્ષઘાત થવાની ઘણી શકયતા રહેલી છે.

વારંવાર ગમગીની(ડિપ્રેસન) આવ્યા કરતી હોય, માનસિક થાકનો અનુભવ થતો હોય, ઘણી વાર શરીરનાં જુદાં જુદાં અંગો ધ્રૂજતાં હોય, સ્નાયુઓમાં અચાનક આંચકા, ધ્રુજારી, ઝીણા ઝટકા જેવી લાગણી થતી હોય તેને માટે ઝીંકમ ઘણી સારી દવા છે.

શારીરિક નબળાઈ, વારંવાર અવાજથી અકળાઈ ઊઠવાનો સ્વભાવ, યાદશક્તિ ઓછી થઈ જવી, કામ કરવાની આળસ, સામાન્ય પરિશ્રમ કરવાનું કૌવત પણ ન રહે તો ઝીંકમ અવશ્ય ફાયદો કરે છે.

ચામડીનો રોગ બીજી કોઈ દવાથી દબાવી દેવામાં આવ્યો હોય, બાળકોને દાંત નીકળતી વખતે વધુ પડતા આવેલા તાવથી મેનિનજાઈટીસ થયો હોય, બાળકની નાદુરસ્ત તબિયતને લીધે ઊંઘમાં ચીસ પાડતું હોય અથવા ચોંકી પડતું હોય તો ઝીંકમનો પ્રયોગ અવશ્ય કરવો જોઈએ. બાળક ચીસ પાડતું હોય (ઊંઘમાં) દાંત કચકચાવતું હોય, આંખો ચકળવકળ કરતું હોય, હાથ અને માથું સતત હલાવ્યા કરતું હોય તો તેને ઝીંકમની ટ્રીટમેન્ટ આપવી જોઈએ અથવા સારા ડૉકટરની સલાહ વગરવિલંબે લેવી જોઈએ. આમ કરવામાં મોડું થાય તો બાળક બેહોશ થઈ જાય અને તેની બચવાની આશા ઓછી થઈ જાય.

હોઠ ફિક્કા પડી જાય, કપાળ અચાનક ઠંડું થઈ જાય, માથાનો પાછળનો ભાગ ગરમ થઈ જાય, માથામાં ચિત્રવિચિત્ર મોટા અવાજો થતા હોય તેવી લાગણી થાય ત્યારે પણ ઝીંકમની ટ્રીટમેન્ટ લેવી જરૂરી છે.

વાંસામાં તથા બરડામાં દુ:ખાવો, બળતરા, લકવાની અસર હોય તેવી લાગણી થાય ત્યારે પણ ઝીંકમ આપવી જોઈએ.

ઉપર જણાવેલાં થોડાં ચિહ્નો સાથે ઊંઘમાં ચાલવાની ટેવ હોય તો તે ઝિંકમ મટાડી શકે છે. જે દર્દીને શરીર પર ઘણી વાર પુષ્કળ ખુજલી-ખંજવાળ આવે છે ત્યારે તેને પણ ઝીંકમ આપી શકાય છે. સ્ત્રીઓને જ્યારે માસિક ધર્મ શરૂ થાય ત્યારે સારું લાગે પણ તે અગાઉ જુદી જુદી તકલીફો અનુભવાય અને માસિક ધર્મ પૂરો થયા પછી પણ તકલીફો પાછી શરૂ થાય તો ઝીંકમ આપવી જોઈએ.

શરીરનાં અંગો-અવયવો કુદરતી શક્તિવિહીન થઈ જાય, સામાન્ય કામ કરવામાં પણ દુર્બળતા આવી જાય, અને વારંવાર જુદા જુદા ચામડીના રોગો અને અન્ય રોગો થતા રહે ત્યારે ઝીંકમની ટ્રીટમેન્ટ અવશ્ય લેવી જોઈએ.

આ ઉપરાંત દાંત હલતા હોય, અવાળુમાંથી લોહી નીકળતું હોય, ગર્ભાશયમાં ડાબા ભાગમાં દુ:ખાવો રહેતો હોય, વધુ ખાવાની ટેવ પડી હોય, હલનચલન વગર શાંત બેસી શકતો ન હોય, સ્ત્રીઓને માસિક સ્રાવ રાત્રે થતો હોય, પગનાં તળિયાંની તથા વેરિકોઝ વેઈન્સની તકલીફને લીધે દુ:ખાવો રહેતો હોય તેવાં ચિહ્નોમાં ઝીંકમ અતિ ઉપયોગી ઔષધ સાબિત થયેલ છે. □

શંકર : અરે! મિસ્ટર કપૂર, આમ પાંચ જ સેકન્ડમાં શરબતે તમારા પર આટલો બધો જાદુ કર્યો? વાહ!વાહ! શું સાલ્લાં આજકાલ જલદ જીવલેણ ઝેર નીકળ્યાં છે! નહીં ધાંધલ, નહીં ધમાલ. બસ ચાર ઘૂંટડા ને ખેલ ખલાસ! હ...રા...મ...ખો...ર! ખૂ...ની...કપૂર. તું સાલા, થોડો જ મારા ભોળાનાથ શંકર જેવો હતો કે બિલાનું શરબત તને ટાઢક વાળે? કેટકેટલા મહિના, વરસો વીતી ગયાં ઈ વાતને?! તે કત્લની રાતે તેં મારા જુવાનજોધ દીકરા અમરની છાતીમાં ધડાધડ ગોળીઓ ધરબી દીધી હતી ને, બસ! ત્યારથી મારું દિલ વેરની આગમાં જલે છે. ભગવાનનો પાડ માન કે મેં તને એવી ક્રૂર રીતે માર્યો નથી. તું તો એ...ય મજાનો સોફા પર સૂતો સૂતો યમસદન પહોંચી ગયો છે. નહીં ધાંધલ ધમાલ. નહીં બૂમાબૂમ, મરણચીસ! આવું સાવ શાંતિભર્યું મોત તો ભાગ્યશાળીને જ મળે. એટલે તને ક્યાંય મારા અમરનું ભૂતપ્રેત હવે ભેટી જાય તો કહેજે : 'દોસ્ત! તારો બાપ તારાથી સારો નીકળ્યો હોં! આખરે માસ્તર ખરાને? બચાડાએ પાંચ જ સેકન્ડમાં સાવ ચૂપચાપ મારો જાન લઈ લીધો. અને પેલો બોથડ ઈન્સ્પેકટર! લાવ તેને ફોન કરી બોલાવું. ને પછી એ ગધેડાની હાજરીમાં જ આ ઝેરભરેલ શરબતનો ગ્લાસ હું ગટગટાવી જાઉં. પછી હું મારા અમરને ગમે તેવા નરકમાંથી ખોળીને પણ કહીશ કે, 'દીકરા! તારો બાપ માસ્તર ભલે રહ્યો. પણ નપુંસક કે નપાવટ ન હતો. તેય તારી જેમ જાનનો દાવ ખેલી શક્યો. અને નાપાક સરકારની નામર્દ પોલીસ તારા ખૂનીને પકડી ફાંસી ન આપી શકાવી, તે ભગીરથ પરાક્રમ તારા બાપે એકલા હાથે પાર પાડ્યું છે. બોલ, બોલ! દીકરા, હવે હું તારો બાપ ખરો ને? મારે હવે તારી પુણ્યપ્રિયા મા પાસે જવું છે. એ ક્ષમાશીલ શાણી દેવીને જઈને કહીશ કે હું કોઈનોય ગુનેગાર હોઉં, તો માત્ર તારો જ ગુનેગાર છું, મારી વહાલી! મેં જ આપણા અમરને ઊંધે રવાડે ચડવા દઈ આખરે તેને મોતના મુખમાં ધકેલ્યો. આજે તેના પ્રાયશ્ચિત્તરૂપે આત્મહત્યા કરી તારી ક્ષમાયાચના કરવા આવ્યો છું. પ...ણ હું જાણું છું કે તારી ગભીરાત્મા મા કંઈ જ નહિ બોલે. તેના હોઠ પર એકમાત્ર આછું રહસ્યમય સ્મિત વિલસશે, જાણે એમ કહેવા કે : આને જ તમે પોએટિક જસ્ટિસ કહેતા હતાને?' □

ભ્રષ્ટાચારનો ભોરિંગ

પ્રા. કે.વી. ઓઝા

ભ્રષ્ટાચારની સમસ્યા વિશ્વવ્યાપી છે, પરંતુ ભારત જેવા વિકાસોન્મુખ રાષ્ટ્રોમાં તે ગંભીર ચિંતાનો વિષય છે. ઈંગ્લંડના જાણીતા રાજનીતિજ્ઞ લૉર્ડ એકટને કહ્યું છે, 'Power corrupts and absolute power corrupts absolutely' - સત્તા ભ્રષ્ટાચારની જનની છે, અને નિરંકુશ સત્તા નિરંકુશ ભ્રષ્ટાચાર સર્જે છે. ભારતમાં ઘણા લાંબા સમય સુધી એકપક્ષીય શાસન રહ્યું, આ સમય દરમિયાન વિરોધપક્ષની સભ્યસંખ્યા સામાન્ય હતી, તેથી નિરંકુશ સત્તાની સમસ્યા અને તેના પરિણામે ભ્રષ્ટાચારની સમસ્યા ઊભી થઈ. વર્તમાન સમયમાં બે પ્રમુખ રાષ્ટ્રિય પક્ષો એકલા હાથે સત્તા ધારણ કરી શકે તેટલા સક્ષમ નથી. તેનાથી પણ રાજકારણમાં ગઠબંધનોની સમસ્યા ઊભી થઈ છે, આ સ્થિતિ પણ ભ્રષ્ટાચાર માટે અવકાશ સર્જે છે. ભારત જેવા ગરીબ દેશોમાં વ્યાપક ભ્રષ્ટાચાર રાજ્યના સર્વસામાન્ય કાર્યોને પણ નિર્બળ બનાવે છે, તેનાથી આર્થિક વિકાસ મંદ બને છે. ગરીબ દેશોમાં જે વ્યક્તિઓ લાંચ ચૂકવે છે અને જે પ્રાપ્ત કરે છે, તેઓ રાષ્ટ્રિય સંપત્તિ ઝૂંટવી લઈ, રાષ્ટ્રના નિમ્નતમ ગરીબ વર્ગ માટે કંઈ શેષ રહેવા દેતા નથી. આ સ્થિતિ ગરીબ દેશોમાં ગરીબોને સદૈવ ગરીબ રાખે છે. જે દેશોમાં ભ્રષ્ટાચાર વ્યવસ્થિત રીતે ચાલે છે, તેવા દેશોમાં વિશાળ કુદરતી સાધનો હોવા છતાં, સામાન્ય નાગરિકોની સ્થિતિમાં સુધારો થાય તેટલો વિકાસ સિદ્ધ થતો નથી. ભારત જેવા ગરીબ દેશોમાં પરવાના કે ત્રીજા વર્ગની રેલવે ટિકિટ આરક્ષણ પણ ભ્રષ્ટાચાર વિના શક્ય નથી. જો આ સ્થિતિ સમયસર અંકુશમાં નહીં આવે તો આપણે તેની ભારે કિંમત ચૂકવવી પડશે. ભ્રષ્ટાચાર એટલે માત્ર ગેરકાયદેસર નાણાંની ચુકવણી કે પ્રાપ્તિ જ નહિ, પરંતુ વ્યાપક અર્થમાં ભ્રષ્ટાચાર એટલે પ્રામાણિક, તટસ્થ અને સરળ વહીવટને વિકૃત બનાવતાં બધાં જ પરિબળો. એ કહેવું જરૂરી છે કે ભારતના સ્વસ્થ વિકાસ માટે સારો નિષ્પક્ષ વહીવટ જરૂરી છે એટલું જ નહીં, પરંતુ ભારતના સ્વાતંત્ર્યને જાળવી રાખવા આવશ્યક પૂર્વશરત છે.

કેટલાક એવી દલીલ કરે છે કે, ભ્રષ્ટાચારના સૂક્ષ્મ જીવાણુ, માનવસ્વભાવમાં જ રહેલા છે. માનવસ્વભાવ સંશોધક છે અને તેથી ભ્રષ્ટાચાર માટે બિલકુલ અવકાશ ન હોય ત્યાં પણ ભ્રષ્ટાચારની તકો શોધી કાઢે છે. એવી દંતકથા છે કે, એક મોગલ બાદશાહ પાસે એક ભ્રષ્ટ અધિકારી અંગે ઘણી ફરિયાદો મળી તેથી બાદશાહે આ અધિકારીની બદલી દૂરના સમુદ્રકિનારાના ગામમાં કરી, અને તેને સમુદ્રી તરંગો - મોજાંની ગણતરી કરી અહેવાલ મોકલવાની ફરજ સોંપી. બાદશાહને એવી આશા હતી કે આ ફરજમાં ભ્રષ્ટાચાર માટે બિલકુલ અવકાશ નથી. બીજા દિવસે આ અધિકારીએ પોતાની ફરજ બજાવવી શરૂ કરી અને માછીમારોને સમુદ્રવિસ્તારમાં માછીમારી માટે હોડી લઈ જતા અટકાવ્યા. માછીમારો સમુદ્રમાં હોડી લઈ જાય તો અધિકારી મોજાં-તરંગો ગણવાની સરકારી ફરજ કઈ રીતે બજાવી શકે? એ કહેવાની જરૂર નથી કે માછીમારોએ અધિકારી સાથે સમજૂતી કરી લીધી; અને આ રીતે ભ્રષ્ટાચારના એક નૂતન ક્ષેત્રનો ઉદય થયો.

ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન પણ ભ્રષ્ટાચારને અવકાશ હતો; આમ છતાં બ્રિટિશ શાસનને ન્યાય આપવા ખાતર કહેવું પડશે કે બ્રિટિશરોએ ભ્રષ્ટાચારને ઠીક અંશે કાબૂમાં રાખ્યો; બ્રિટિશ શાસનની નજર તીક્ષ્ણ હતી; અને શાસનનો હાથ ભારે હતો. પરંતુ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટિશ શાસને લશ્કરી હેતુ માટે કરોડો રૂપિયાની ખરીદી કરી; તેથી ચીજવસ્તુઓની અછત ઊભી થઈ, અને તેના પરિણામે વિવિધ નિયંત્રણો દાખલ થયાં. ઈ.સ. ૧૯૪૫માં સરદાર પટેલ અહમદનગર જેલમાંથી મુક્ત થયા ત્યારે અણગમાયુક્ત હાસ્ય સાથે કહ્યું, 'ભ્રષ્ટાચાર સિવાય દરેક ચીજની અછત છે.'

આંતરરાષ્ટ્રિય નિષ્ણાતોના મતાનુસાર વિશ્વના ૧૦ સર્વોચ્ચ ભ્રષ્ટ રાષ્ટ્રોમાં ભારતનું સ્થાન છે! ભ્રષ્ટાચાર અંગે વિશ્વબેન્કના અભ્યાસ અનુસાર દક્ષિણ આફ્રિકા, કોલંબિઆ, ઇક્વાડોર વેનેઝુઈલા, માલી, નાઈજિરિઆ, પેસાવે, પેરુ વગેરે રાષ્ટ્રોનું સ્થાન ભ્રષ્ટાચારની દૃષ્ટિએ વિશ્વમાં પ્રથમ છે, જ્યારે રશિયા, યુક્રેઈન, ફાજી, મલેશિયા, ઈટાલી, પોર્ટ્યૂગલ, સ્પેઈન, ભારત વગેરે દેશોનું સ્થાન વિશ્વમાં છઠ્ઠું છે. ભારતમાં લગભગ બધા જ રાજદ્વારી પુરુષો એમ જણાવે છે કે, તેઓ ભ્રષ્ટાચારને ધિક્કારે છે, પરંતુ સામાન્ય પ્રજા જાણે છે કે આ માત્ર વાણીવિલાસ છે. ભારતના જાગૃત પ્રજાજનોમાં એ હકીકત સ્વીકૃત થઈ છે કે ભારતમાં ભ્રષ્ટાચારે રાક્ષસી કદ ધારણ કર્યું છે, અને તેથી રાષ્ટ્રિય કાર્યક્રમમાં સર્વોચ્ચ અગ્રતા ભ્રષ્ટાચાર નિયમનને આપવી જોઈએ. સામાન્ય પ્રામાણિકતાની દૃષ્ટિએ જનસમુદાયના મનમાં સમગ્ર સરકાર નીચા દરજ્જાનું સ્થાન ધરાવે છે. તાજેતરમાં વિશ્વબેન્કના પ્રમુખે દર્શાવ્યું છે કે વિકાસોન્મુખ રાષ્ટ્રોના વિકાસમાં સૌથી મોટો અવરોધ ભ્રષ્ટાચાર છે. વિશ્વનાં ભ્રષ્ટ રાષ્ટ્રોમાં કેન્યાનું સ્થાન બીજું ગણાય છે. તાજેતરમાં વિશ્વબેન્કે કેન્યા સરકાર ઉચ્ચકક્ષાના ભ્રષ્ટાચારની સમસ્યા હલ કરવામાં નિષ્ફળ ગઈ છે, તેમ જણાવી કેન્યાનું ૩૦ કરોડ ડોલરનું ધિરાણ સ્થગિત કર્યું છે.

ભારતમાં ભ્રષ્ટાચાર નિયમન અત્યંત કઠિન બનેલ છે. પ્રાણઘાતક રોગને નાથવા તેટલા જ જલદ ઉપચારની જરૂર છે. ભારતમાં નિર્લજ્જ બનેલા રાજકારણમાં પોતાના વિશેષાધિકાર રૂપ આ કિલ્લાને જાળવી રાખવા તેટલા જ મરણિયા થયા છે. તેનું ઉદાહરણ લોકપાલ અંગેની જોગવાઈમાં થતો વિલંબ છે. ૧૯૬૦ના દસકા સુધી મોટા ભાગના રાજકીય નેતાઓ વ્યક્તિગત અને સામૂહિક પ્રામાણિકતા પ્રતિ પ્રતિબદ્ધ હતા. તેનું સ્થાન મહદ્ અંશે વામણા નેતૃત્વે લીધું છે. છેલ્લાં ૩૦ વર્ષથી લોકપાલ ખરડો

શિથિલ અને સ્થગિત અવસ્થામાં પડ્યો છે. લોકપાલના કાર્યક્ષેત્રમાં ભાગ્યે જ કોઈ મુખ્યપ્રધાન - વડાપ્રધાન આવવા તૈયાર થશે. આજના સર્વોચ્ચ રાજકીય પુરુષ માટે પણ સરળ છે કે ઉચ્ચ બંધારણીય પદ માટે એ પણ સરળ છે કે ઉચ્ચ બંધારણીય પદ માટે પારદર્શકતાની દૃષ્ટિએ અયોગ્ય વ્યક્તિની નિમણૂક કરી શકે.

ભ્રષ્ટાચારના કારણે ખાસ કરીને ગરીબ દેશોને ભારે કિંમત ચૂકવવી પડે છે. ભ્રષ્ટાચારના કારણે ગરીબ દેશોમાં સાધનોની ફાળવણી બિનકાર્યક્ષમ બને છે. તેનાથી ગરીબી નાબૂદી કાર્યક્રમમાં અવરોધ ઊભો થાય છે, અને લાંબા ગાળાનું સ્વદેશી-વિદેશી મૂડીરોકાણ અવરોધાય છે. ઉદાહરણ તરીકે ગ્રામ આરોગ્ય પ્રાથમિક કેન્દ્રોના બદલે મોટા પાયા પરના મૂડીરોકાણ કાર્યક્રમને વિશેષ ઉત્તેજન મળે છે. જો ભારતમાંથી આવતાં દશ વર્ષમાં ભ્રષ્ટાચાર નાબૂદ થાય તો ભારતીય અર્થતંત્રનું ચિત્ર કેવું હશે તે આ ઉદાહરણથી સ્પષ્ટ થશે. જો ભારતમાં પ્રવર્તમાન ભ્રષ્ટાચારના સ્થાને ભ્રષ્ટાચાર નાબૂદ થાય તો ભારતના સરેરાશ કુટુંબની વાર્ષિક આવક ૨૨ ટકા જેટલી વધે, અને લગભગ ૧૨ ટકા જેટલા ભારતીય નાગરિકો કંગાલિયતમાંથી મુક્ત થાય. સરેરાશ ભારતીય નાગરિકને વિશેષ રોજગારીની તકો ઉપલબ્ધ થાય. જીવનધોરણમાં સુધારો થાય. અને વિશેષ આરોગ્ય સુવિધા તથા બાળકો માટે વિશેષ સારી શૈક્ષણિક સુવિધા પ્રાપ્ત થાય.

આંતરરાષ્ટ્રિય નાણાભંડોળે ૭૦ જેટલાં રાષ્ટ્રોનો અભ્યાસ કરી કેટલાંક તારણો રજૂ કર્યાં છે, આંતરરાષ્ટ્રિય નાણાભંડોળના મંતવ્ય અનુસાર વ્યાપક ભ્રષ્ટાચાર મૂડીરોકાણને અવરોધે છે, તેથી દેશનો આર્થિક વિકાસ મંદ બને છે, આ અભ્યાસ અનુસાર ભારતમાં જો ભ્રષ્ટાચાર ઓછો થાય તો ભારતમાં પ્રતિવર્ષ ૧૦ થી ૧૨ ટકા મૂડીરોકાણ વધે અને ભારતના આર્થિક વિકાસનો દર પ્રતિવર્ષ ૧.૫ ટકા જેટલો વધે.

ભ્રષ્ટાચારથી સ્વદેશી મૂડીરોકાણ અને વિદેશી મૂડીરોકાણ બન્નેમાં મૂડીવિષયક ખર્ચ વધે છે. અને તેથી અર્થતંત્રમાં વાસ્તવિક મૂડીરોકાણ ઘટે છે. પરિણામે રાષ્ટ્રનો વિકાસદર મંદ બને છે. ઉદાહરણ તરીકે ભ્રષ્ટાચારના કારણે નિર્ણયો લેવાની અનિશ્ચિતતાના કારણે આંતરરાષ્ટ્રિય મૂડીરોકાણકારો નિર્ણયોને વિશેષ જોખમી ગણે છે. તેથી મૂડીવિષયક ખર્ચ વધે છે.

ભ્રષ્ટાચાર મૂડીરોકાણ પરનું વળતર ઘટાડે છે. સંભવિત મૂડીરોકાણકાર વિચારે છે કે ભ્રષ્ટાચાર પ્રારંભિક મૂડીરોકાણ પરનો કર છે; અને ત્યાર પછી મૂડીરોકાણના વળતર પરનો કર છે. આ બાબતમાં હાર્વર્ડ યુનિવર્સિટીમાં થયેલાં સંશોધનો એમ નિર્દેશ કરે છે કે ભારતમાં પ્રવર્તમાન ભ્રષ્ટાચાર ભારતના સીમાંત કરવેરા દરમાં લગભગ ૨૦ ટકાના વધારા સમાન છે. ટૂંકમાં, ભારતમાં વ્યાપક ભ્રષ્ટાચાર મૂડીરોકાણકારોને એમ વિચારતા કરે છે કે તેનાથી મૂડીરોકાણ પરનો અસરકારક કર વધે છે; તેથી પણ મૂડીરોકાણની સંભાવના ઘટી જાય છે.

ભ્રષ્ટાચાર કાળાં નાણાંનું સર્જન કરે છે. આ પ્રકારનું સમાંતર અર્થતંત્ર દુર્વ્યયયુક્ત ખર્ચ વધારી, સમાજનો બચતદર ઘટાડે છે, તેનાથી પણ આર્થિક વિકાસ મંદ બને છે. માર્ગ બાંધકામ, વીજળી નિર્માણ, સિંચાઈ જેવા આવશ્યક નિમ્નતંત્રોમાં રોકાણના બદલે કાળાં નાણાંથી દુર્વ્યયયુક્ત ખર્ચ વધે છે, જે વિકાસની પ્રક્રિયા મંદ બનાવે છે. જો નાણાંનું રોકાણ થાય તો બચતદર વધે છે, તેનાથી સમગ્ર રાષ્ટ્રને લાભ થાય છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં બૌદ્ધિક વર્ગમાં અને નીતિવિષયક નિર્ણયો લેનાર વર્ગમાં ભ્રષ્ટાચારની વ્યાપક ચર્ચા થાય છે. વિકસતા દેશોમાં અને ઔદ્યોગિક દેશોમાં ભ્રષ્ટાચારના કારણે સરકારો ઊથલી પડે છે. તાજેતરમાં મુક્ત અર્થતંત્ર તરફનાં પરિવર્તનો વેળાએ કેટલાંક ક્ષેત્રોમાં અધિક નફાની તકો સર્જી છે, તેથી ભ્રષ્ટાચારની વ્યવસ્થિત પદ્ધતિનું સ્થાન અવ્યવસ્થિત અને અરાજકતાજન્ય ભ્રષ્ટાચારે લીધું છે. દક્ષિણ એશિયાના નવોદિત સ્વતંત્ર થયેલા દેશો જેવા કે બર્મા, મલાયા, ઈન્ડોનેશિઆ, થાઈલેન્ડમાં ભ્રષ્ટાચારના કારણે સમગ્ર વહીવટીતંત્ર તૂટી પડેલું. અને તેનાથી વ્યાપક અસંતોષ અને અરાજકતા નિર્માયાં હતાં.

ભ્રષ્ટાચારનું એક મહત્ત્વનું કારણ જાહેરક્ષેત્ર દ્વારા આર્થિક પ્રવૃત્તિમાં રાજ્યનો હસ્તક્ષેપ અને જાહેરક્ષેત્રના અધ્યક્ષ તરીકે રાજકીય પુરુષોની નિમણૂક છે. બધા જ સફળ થયેલા વિકસતા દેશોએ જાહેરક્ષેત્રને ખાસ મહત્ત્વ આપ્યું નથી, અને આવા દેશોએ શિક્ષણ, આરોગ્ય, પાણી-પુરવઠા અને સામાજિક સુવિધાના વિકાસ માટે નાણાંકીય સાધનો ઊભાં કરવા ખાનગી ક્ષેત્ર પર કરવેરા નાખ્યા હતા. એક બાજુથી ભારત જાહેરક્ષેત્ર દ્વારા નાણાં પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયું છે. બીજી બાજુથી જાહેરક્ષેત્રે ભ્રષ્ટાચારની સમસ્યા ઊભી કરી છે. ભારતમાં જાહેરક્ષેત્રમાં ૩ લાખ કરોડ રૂપિયાનું રોકાણ થયું છે. તેના પરનું પ્રાપ્ત થયેલું વળતર માત્ર ૨ ટકા જેટલું છે, જ્યારે જાહેરક્ષેત્રમાં રોકાયેલાં નાણાં પરનો મૂડીવિષયક ખર્ચ ૧૦ ટકા કરતાં પણ વિશેષ છે. આ રીતે ભારતીય જાહેરક્ષેત્રે એક બાજુથી જાહેર નાણાંનો દુર્વ્યય સર્જી પ્રજાકલ્યાણની પ્રવૃત્તિ માટે નાણાંકીય સાધનોની અછત ઊભી કરી છે. બીજી બાજુથી જાહેરક્ષેત્રે ભ્રષ્ટાચારની સમસ્યા ઊભી કરી છે. તેથી જાહેરક્ષેત્રના ક્રમશઃ ખાનગીકરણની નીતિ સ્વીકૃત કરવી જોઈએ, માત્ર જે ક્ષેત્રમાં મુક્ત શોષણનો સંભવ હોય તેવા ક્ષેત્રમાં રાજ્યે ઉદ્યોગવ્યાપાર પર નિયંત્રણની નીતિ અપનાવવી જોઈએ.

જો આપણે એ સ્વીકારીએ કે ભ્રષ્ટાચાર રાષ્ટ્રિય પ્રગતિમાં સર્વોચ્ચ અગ્રતા પરિબળ છે, તો ભ્રષ્ટાચાર-નિયમનને સર્વોચ્ચ અગ્રતા આપવી પડશે. પરંતુ પ્રશ્ન એ છે કે ભ્રષ્ટાચાર-નાબૂદી માટે ભારતમાં દૃઢ રાજકીય સંકલ્પ શક્તિ છે ખરી ? એ વાત સ્પષ્ટ છે કે દૃઢ અને પ્રતિબદ્ધ રાજકીય સંકલ્પશક્તિ સિવાય આ પ્રશ્નનો ઉકેલ નહીં આવે. ભારતમાં લોકપાલના ખરડાની આજે અવદશા થઈ છે, તે આનું જ્વલંત ઉદાહરણ છે. વ્યાપક ચૂંટણીવિષયક

સુધારા, રાજકીય પુરુષો પોતાની અસ્ક્યામતો અને આવકની ખોટી માહિતી આપે તો આવી વ્યક્તિ પર ચૂંટણી લડવા માટે કાયમી પ્રતિબંધ, હિસાબોની અપૂર્ણતા અથવા તો રાજકીય પક્ષો હિસાબો ઑડિટ ન કરાવે તો રાજકીય પક્ષોની માન્યતા રદ કરવા જેવાં સખત પગલાંની જરૂર છે.

એક મહત્ત્વનું સૂચન માત્ર ભ્રષ્ટાચારના ગુનાના ન્યાય માટે વિશિષ્ટ અદાલતોની સ્થાપનાનું છે. પ્રવર્તમાન સમયમાં ન્યાયતંત્ર પાસે ૨ કરોડ જેટલા અદાલતી દાવા નિકાલ માટે પડતર છે. આવા સંજોગોમાં ભ્રષ્ટાચાર સંબંધિત ગુનાના ન્યાય માટે કેન્દ્ર અને રાજ્ય કક્ષાએ દાવાનો ઝડપથી ઉકેલ આવે તે માટે વિશિષ્ટ ન્યાયી અદાલતોની સ્થાપના આવશ્યક છે. આ પ્રકારની અદાલતોને ભ્રષ્ટાચાર સંબંધિત દાવાના ઉકેલ માટે વિશિષ્ટ અધિકારક્ષેત્ર હોવું જોઈએ. અદાલતોએ આ બાબતમાં સખત બની થોડાક મોટા કરચોરો, મોટા પ્રમાણમાં લાંચરુશ્વત લેનારા તથા સરકારી કક્ષાએ લાંચ લેનારને દાખલારૂપ સજા કરવી જોઈએ.

કેટલાક દસકાથી ભારતમાં માહિતી-પ્રાપ્તિ અંગેના ખરડાએ ધારાનું સ્વરૂપ ધારણ કર્યું નથી. આ કાયદા પ્રમાણે જાહેર પ્રજાને બધા જ દસ્તાવેજો - માહિતી પ્રાપ્ત કરવાનો અધિકાર હોવો જોઈએ.

લાંચરુશ્વત લેનાર જેટલો જ રુશ્વત દેનાર ગુનેગાર છે. આમ છતાં ફરિયાદ દાખલ થાય ત્યારે તે અંગેની સાક્ષી આપવા બદલ રુશ્વત આપનારને મુક્તિ આપવાની જોગવાઈ જરૂરી છે.

મોટા ભાગનાં વહીવટી પગલાંમાં નિર્ણયનો વિલંબ ભ્રષ્ટાચાર માટેની તકો સર્જે છે. આવા સંજોગોમાં અરજીના નિકાલ માટે સમયમર્યાદા નિશ્ચિત કરવી જોઈએ. અધિકારીઓને વિવેકાધીન સત્તા આપવામાં આવે છે. તેના પર નિયંત્રણ હોવું જોઈએ.

આપણે ૧૯મી સદીના કાયદા સાથે ૨૧મી સદીમાં પ્રવેશી રહ્યા છીએ. ભ્રષ્ટાચાર માટેની તકો સર્જનારા જૂનવાણી કાયદા તાત્કાલિક રદ કરવા જોઈએ. શહેરી જમીન ટોચમર્યાદા કાયદો આનું એક ઉદાહરણ છે.

એક એવું સૂચન થયું છે કે દાખલારૂપ પ્રામાણિકતા કરનારને, ખાસ કરીને પ્રામાણિક અધિકારીને પદ્મશ્રી કક્ષાનો ખિતાબ પ્રદાન કરવો જોઈએ. લાંચરુશ્વતને જન્મ આપે તેવા કાર્યક્રમો અને કાયદા રદ કરવા જોઈએ. જો રાજ્ય પાસે નિકાસ-નિયંત્રણની અથવા તો પરવાનાની સત્તા ન હોય તો, આ ક્ષેત્રમાં કોઈ લાંચ આપશે નહીં. જો ચોક્કસ ક્ષેત્રમાં રાજ્યની સહાય દૂર થશે તો તે ક્ષેત્ર સાથે સંકળાયેલ લાંચ પણ દૂર થશે. જો ભાવનિયમનનાં પગલાં દૂર થાય તો પ્રવર્તમાન બજારભાવ અછતની સ્થિતિનું પ્રતિબિંબ હશે, પરંતુ રુશ્વતનું પ્રતિબિંબ નહીં જ હોય.

સ્વતંત્ર ન્યાયતંત્ર આ બાબતમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ભારતમાં ૧૯૯૬માં ભ્રષ્ટાચાર અન્વેષણ અંગેનો એક મુદ્દો ભારત સરકાર રદ કરવા માગતી હતી. તેને સર્વોચ્ચ અદાલતે તપાસનો આદેશ આપ્યો. આ પ્રકારની ન્યાયતંત્રની જાગૃતિ ભ્રષ્ટાચારને અંકુશિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ઈંગ્લંડમાં લાંચરુશ્વત સામે પ્રબળ લોકમત ઊભો કરવા ભ્રષ્ટાચાર વિરોધી મંડળે મહત્ત્વની કામગીરી બજાવી છે. લોકોને લાંચરુશ્વત સામે જાગૃત કરવા અને લાંચરુશ્વત સામે ઝઝૂમવાની લોકશક્તિ વધારવા આ મંડળે મહત્ત્વની કામગીરી બજાવી છે. ભારતમાં આ પ્રકારનું લોકતંત્ર ઊભું કરવાની જરૂર છે. ભારતમાં પક્ષાંતર વિરોધી કાયદાની આજની જોગવાઈએ ભ્રષ્ટાચાર માટેનો અવકાશ ખુલ્લો કર્યો છે. પ્રવર્તમાન પક્ષાંતર ધારો રદ કરવો જોઈએ, કોઈ પણ પ્રકારનું પક્ષાંતર - વ્યક્તિગત કે સામૂહિક - કરવામાં આવે તો તમામ સભ્યોને ગેરલાયક ઠરાવવા જોઈએ. ભારતમાં મધ્યસ્થ તપાસ બ્યૂરોને સંપૂર્ણ સ્વતંત્ર જાહેર કરી, રાજકીય હસ્તક્ષેપથી મુક્ત કરવું જોઈએ. મધ્યસ્થ તપાસ બ્યૂરોને ચૂંટણી કમિશન જેવો સ્વતંત્ર દરજ્જો આપવો જોઈએ અને મધ્યસ્થ તંત્રને જાહેરસેવકની સામે ફરિયાદ નોંધાવતી વેળાએ પ્રધાન-મંડળની પરવાનગીની જરૂર ન રહેવી જોઈએ.

સમાપનમાં એમ કહી શકાય કે ભ્રષ્ટાચારના સૂક્ષ્મ જીવાણુ માનવસ્વભાવમાં જ છે; પરંતુ લોકજાગૃતિ નહીં હોય તો જીવાણુ અનેકગણા વધી જશે. જાગૃત લોકમત, જાગૃત ન્યાયતંત્રની અને જાગૃત વર્તમાનપત્રો ભ્રષ્ટાચાર સામે રક્ષણ આપશે. એમ કહેવાય છે કે - Eternal vigilance is the only price that we have to fay for liberty - સ્વતંત્રતાનું મૂલ્ય સનાતન જાગૃતિ છે. વિશ્વબેન્ક જણાવે છે કે, જો લાંચરુશ્વત દૂર થશે તો જ ગરીબી-નાબૂદીના લક્ષ્યાંક આધારિત કાર્યક્રમ અને આંતરરાષ્ટ્રિય વિકાસ કાર્યક્રમમાં સરકારની અસરકારકતા વધશે. ભારતના જાગૃત નાગરિકોએ મતદાન સમયે એ વાત સતત યાદ રાખવી પડશે કે, વિશ્વબેન્કના ભ્રષ્ટાચાર અંગેના અન્વેષણ અનુસાર ભ્રષ્ટાચારની દૃષ્ટિએ ભારતનો ક્રમ વિશ્વમાં છઠ્ઠો છે. ગરીબ દેશોના જાગૃત નાગરિકોએ વિશ્વબેન્કનું આ તારણ યાદ રાખવા જેવું છે. ભ્રષ્ટાચાર ગરીબીની જન્મદાત્રી છે. કેમ કે ભ્રષ્ટાચારથી ગરીબ દેશોનો આર્થિક વિકાસ મંદ બને છે અને ગરીબીની સમસ્યા તીવ્ર બને છે. મહદંશે ભ્રષ્ટાચારની જનની સત્તા છે. જો લોકો જાગૃત બની. પંચાયતથી માંડી સંસદ સુધી ભ્રષ્ટાચાર અંગે શંકાસ્પદ પૂર્વ ચરિત્ર ધરાવતા પ્રતિનિધિને ચૂંટણીમાં જાકારો આપશે તો ભ્રષ્ટાચાર નાબૂદીમાં મહત્ત્વની સિદ્ધિ મળશે, કેમ કે લૉર્ડ એકટને જણાવ્યું છે તેમ Power corrupts - ભ્રષ્ટાચારની જનની સત્તા છે. ભારતીય રાજનીતિનો આદર્શ - 'सत्यमेव जयते ।' છે, આપણે આ આદર્શને મેક્યાવેલીઅન રાજનીતિમાં ઉલટાવી 'જે જીતે છે, તે સત્ય છે' એવો કર્યો છે. ભ્રષ્ટાચાર નાબૂદ થાય ત્યારે જ આપણી રાજનીતિનો આદર્શ 'सत्यमेव जयते' ચરિતાર્થ થશે. □

સાહિત્યસંપર્ક

જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા

ગિરીશ કર્નાડ



વિખ્યાત કન્નડ નાટ્યકાર ગિરીશ કર્નાડને ૧૯૯૮નો જ્ઞાનપીઠ એવોર્ડ આપવાની જાહેરાત ૨૦મી જાન્યુઆરીએ થઈ ત્યારે સમગ્ર કર્ણાટકના કલાજગતમાં આનંદનું મોજું ફરી વળ્યું. ભારતીય સાહિત્યક્ષેત્રનો આ સર્વોચ્ચ પુરસ્કાર મેળવનાર કર્નાડ પહેલા કન્નડ નાટ્યકાર છે અને સાતમા કન્નડ લેખક છે.

તેમણે 'યયાતિ' (૧૯૬૧), 'તુઘલક' (૧૯૬૪), 'હયવદન' (૧૯૭૧), 'અંજુમલ્લિગે' (૧૯૭૭) અને 'હિટ્ટના હુંજા' (૧૯૮૦) સહિત આઠ લાંબાં નાટકો આપ્યાં છે. યુ.એસ.માં પ્રથમ પ્રયોગ પામેલ તેમના 'નાગમંડળ' (૧૯૯૫) નાટકે કર્નાડ થીએટર અને કર્ણાટકને જગતના નકશા પર મૂકી આપ્યાં છે. વિષયવસ્તુ ઘણુંખરું પુરાણ કે ઇતિહાસમાંથી લઈને કર્નાડ તેને કવિની રીતે વર્તમાન પ્રશ્નો સાથે જોડીને નવું અર્થઘટન કરી આપે છે. જૂના કથાનકને દૃશ્યરૂપે મૂકવાની અસાધારણ કુશળતા તેમનામાં છે. સંસ્કૃત, અંગ્રેજી અને લોકનાટ્યની શૈલીનો તે યથાર્થ ઉપયોગ કરી જાણે છે. તેમનાં નાટકોમાં પરંપરિત નાટ્યસ્વરૂપનો અને અતિઆધુનિક સંવેદનાઓનો સમન્વય જોવા મળે છે. સાહિત્યિક ગુણવત્તાને અક્ષત રાખીને લોકપ્રિય નાટકો કેમ રચાય તેનું દૃષ્ટાંત કર્નાડની નાટ્યકૃતિઓ છે. કર્નાડ થીએટરની એ વિશિષ્ટતા છે. 'યયાતિ' અને 'હયવદન'ના સંખ્યાબંધ પ્રયોગો ભારતના વિવિધ પ્રદેશોમાં ઠેર-ઠેર થયા છે, તેના હિન્દી, મરાઠી, ગુજરાતી અને અંગ્રેજી સહિત અનેક ભાષાઓમાં અનુવાદ થયેલા છે.

નાટ્યલેખન પછી ૧૯૭૧માં કર્નાડ ફિલ્મક્ષેત્ર ભણી વળેલા. ૧૯૭૧નું રાષ્ટ્રિય પારિતોષિક પ્રાપ્ત કરનાર 'સંસ્કાર' ચિત્રની પટકથા લખવા ઉપરાંત તેમાં નાયકની ભૂમિકા તેમણે અદા કરેલી. બી.વી. કારંથ સાથે એ જ અરસામાં 'વંશવૃક્ષ' ચિત્રનું સહનિર્દેશન કરેલું. 'ભૂમિકા', 'કોન્દૂરા', 'કલિયુગ' વગેરે ફિલ્મ તૈયાર કરેલી. ૧૯૭૯માં 'ઓનડાનુ કાલાદાલિ' નામની તેમની ફિલ્મને શ્રેષ્ઠ કન્નડ ચિત્ર તરીકે રાષ્ટ્રિય પારિતોષિક મળેલું. ૧૯૯૦માં તેમણે હિન્દુ ભક્તિમાર્ગ અને ઈસ્લામના સૂફીવાદ ઉપર અત્યંત સંવેદનશીલ દસ્તાવેજી ચિત્ર 'ધ લેમ્પ ઈન ધ નિશ' બનાવ્યું હતું.

૧૯૭૨માં તેમને ઉત્તમ નાટ્યલેખન માટે સંગીત નાટક અકાદમીનો, 'યયાતિ' માટે કર્ણાટક રાજ્ય સરકારનો, અને 'હયવદન' માટે ભારતીય નાટ્ય સંઘનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. શ્રેષ્ઠ દિગ્દર્શન બદલ ૧૯૭૧માં રાષ્ટ્રપતિ એવોર્ડ પણ મળ્યો હતો.

મહારાષ્ટ્રમાં જન્મેલા (૧૯ મે, ૧૯૩૮) કન્નડભાષી કર્નાડ ગિરીશ રઘુનાથે કર્ણાટકની ધારવાડ કોલેજમાંથી ૧૯૫૮માં બી.એ., ઑક્સફર્ડ યુનિવર્સિટીમાંથી એમ.એ.ની ડિગ્રી મેળવી હતી. ૧૯૬૦માં ભારત આવ્યા પછી ચેન્નઈમાં છ વર્ષ ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસના મેનેજર તરીકે કામ કર્યું. ૧૯૭૪-૭૫માં પુણેની ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટના નિયામકપદે રહ્યા. ૧૯૭૬-૭૮ દરમિયાન કર્ણાટક સંગીત નાટક અકાદમીના અને ૧૯૮૮-૮૯ દરમિયાન રાષ્ટ્રિય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષપદે હતા.

બૅંગલોર નજીક શિમોગમાં એક નવી ફિલ્મનું શૂટિંગ ચાલતું હતું ત્યાં તેમને જ્ઞાનપીઠ એવોર્ડ આપવાના નિર્ણયના સમાચાર આપવામાં આવ્યા ત્યારે તે ખુશ થયા. પણ સાથે સાથે બોલ્યા : "આ એવોર્ડ વિજય તેન્ડુલકર કે બાદલ સરકારને

શબ્દકથા

વાળુ

અંગ્રેજીમાં વિવિધ સમયે જમવાનાં જેમ અલગ અલગ નામ છે તેમ ગુજરાતીમાં - ખાસ તો સોરઠી બોલીમાં પણ છે. જેમ કે, સવારનો નાસ્તો શિરામણ (બ્રેકફાસ્ટ) બપોરનું ભોજન બપોરાં (લંચ) સાંજનું ભોજન વાળુ (ડિનર).

બપોરને વાળુ વચ્ચે (લગભગ ૩ વાગ્યાની આસપાસ) જે નાસ્તો કરવામાં આવે છે તેં રોંઢો કહેવાય છે.

આગળ નોંધ્યું તેમ સાંજના ભોજનને આપણે ત્યાં 'વાળુ' કહેવાય છે. ભગવદ્ગોમંડળ (ભાગ ૮ પૃ. ૮૦૨૮) પણ આ જ અર્થ નોંધે છે.

વાળુ (સ્ત્રી) = સાંજનું કે રાતનું ભોજન.

પણ 'વાળુ'ને વાળું શા માટે કહેવાય છે? થોડો તર્ક કરીએ તો -

દૂધના પર્યાયમાં એક પર્યાય છે - 'वालु' 'વાળુ'

युद्धं पयो वालु खीरं च ।

('એકાર્થક કોશ' ૧૫/૩૩૪)

સંભવત : સાંજના ભોજનમાં માત્ર દૂધ પીવાનું હોય કે પ્રમુખતઃ દૂધનો ઉપયોગ વિશેષ થતો હોઈ આ ભોજનને 'वालु' 'વાળુ' ભોજન કહેવાયું હોય, જે પછીથી ટૂંકાવી 'વાળુ' પ્રચલિત બન્યું હોય.

હસમુખ વ્યાસ

આપવો જોઈતો હતો. એ મારાથી આગળ રહેલા છે. 'પદ્મશ્રી' 'પદ્મભૂષણ' વગેરે એવૉર્ડ મને એ જ ક્રમમાં મળ્યા છે."

ભારતીય નાટ્યલેખન અને નાટ્યમંચનને ગૌરવ અપાવનારી આ ઘટના છે. ('વિશ્વવિહાર'માંથી)

— અવલોકન —

ગાંધીજીનું ખોવાયેલું ધન : હરિલાલ ગાંધી*

ઈ.સ. ૧૯૮૮માં શ્રી દિનકર જોષીની નવલકથા 'પ્રકાશનો પડછાયો' ઉપલબ્ધ



થઈ. ગાંધીજીના જ્યેષ્ઠ પુત્ર હરિલાલ ગાંધીને મુખ્યપાત્ર તરીકે નિરૂપીને આ નવલકથામાં ગાંધી પરિવારને જાહેરમાં રજૂ કરવામાં આવ્યો. ધારાવાહિક હતી ત્યારે થોડોક વિવાદ તો સર્જાયો હતો પરંતુ જ્યારે ગત વર્ષ દરમિયાન ગુજરાતી, મરાઠી, હિન્દી અને અંગ્રેજીમાં તેનું નાટ્યરૂપાંતર ભજવાયું ત્યારે જે રીતે ગાંધીજીના પરિવારના સંબંધોને રજૂ કરીને પિતાપુત્રના સંબંધો દ્વારા હીન કક્ષાની રજૂઆત માત્ર મનોરંજન ખાતર જ થઈ ત્યારે જે ઊહાપોહ થયો તેના પરિણામ સ્વરૂપ ઉપર્યુક્ત સચિત્ર પુસ્તક શ્રી હરિલાલ મોહનદાસ ગાંધીનાં દીકરીનાં દીકરી શ્રી નીલમબહેન પરીખે સમાજ સમક્ષ 'સત્યના પ્રયોગો'ના સાધક મહાત્મા ગાંધીજી અને પુત્ર હરિલાલના સંબંધોને યોગ્ય રીતે સમજવા અને મૂલવવા રચ્યું છે તે તાજેતરમાં જ નવજીવન પ્રકાશન મંદિર દ્વારા પ્રકાશિત થયું છે.

સમગ્ર પુસ્તિકાની રચનારીતિ એ પ્રકારની છે કે લેખિકા ઓછું બોલે પણ 'પત્રવ્યવહાર- નાં અવતરણો' સત્યને સ્થાપિત કરવા બોલતાં રહે. છતાં તેઓ કહે છે કે 'સંતો અને મહાત્માઓના જીવનવિકાસનું સર્વોચ્ચ શિખર સિદ્ધ થાય પછી નિરંતર ચઢતી વિકાસરેખા નીચે ઊતરવા માંડે છે. એટલે બુદ્ધનો પુત્ર બુદ્ધ ન થયો. નરસૈયાનો પુત્ર નરસૈયો ન થયો. ગાંધીજીનો પુત્ર ગાંધીજી ન થાય એ સ્વાભાવિક છે. આ વાત નથી સમજાતી ત્યારે જ તેમાંથી નવલકથા કે નાટક ઉદ્ભવે છે.

ગાંધીજી સત્યના પ્રયોગોના જાગ્રત સાધક રહ્યા. તેઓ ક્યારેય પ્રયોગમાં થયેલી ભૂલ કબૂલ કરતાં અચકાતા નહિ. સમગ્ર પુસ્તિકામાં જે પત્રો છે તેમાંથી જ તેમની કુટુંબ અને દેશ પ્રત્યેની ફરજો વિષેનું ચિંતન વ્યક્ત થાય છે. તેઓએ વારંવાર કહ્યું છે કે, સત્સંગતિના જેવી નિશાળ દુનિયામાં બીજી નથી. દક્ષિણ આફ્રિકાથી હરિલાલભાઈના અવસાન સુધીની કરુણ ઘટનાઓમાં પિતાપુત્ર વચ્ચેની વિચારભેદની વાતો, છતાં વાત્સલ્ય અને આદર, યોગ્ય માર્ગની મથામણની રજૂઆત સરળ રીતે થઈ છે. પુત્ર હરિલાલ અને પુત્રવધૂ ગુલાબબહેન તો બા-બાપુ માટેનો ભાવ સરસ રીતે રજૂ કરવા સરસ રીતે અભિવ્યક્ત થયાં છે. નવ જેટલાં પરિશિષ્ટો સત્યને રજૂ કરવા માટે સક્ષમ છે, જેમાં પત્રો છે, વિચારો છે અને રેખાચિત્રો પણ છે. પણ લેખિકા કહે છે તેમ હરિલાલ ગાંધીજીની જીવનદૃષ્ટિ સ્વીકારી ન શક્યા. અને પોતાની જીવનદૃષ્ટિ વિકસાવી ન શક્યા. એમનામાં એટલું મનોબળ ન હતું, કદાચ એ જ નિર્માયું હશે!

કોઈમાં પરિવર્તન લાવ્યું લવાતું નથી. વ્યક્તિએ જાતે બદલાવું પડે છે. બીજાઓ બહુ થાય તો, પરિવર્તન માટે અનુકૂળતા ઊભી કરી શકે. (પૃ.૧૩૬) આ જ જીવનની સાચી કરુણા છે, તેવું આ પુસ્તિકા પ્રતિપાદિત કરે છે. મહાન પિતાના ખોવાયેલા ધનને સમજવાની સાચી દૃષ્ટિ આપે છે. આ માટે આ પુસ્તિકા મનનપૂર્વક વાંચવી રહી. જે માત્ર જીવનની વાસ્તવિક કરુણાઓ જ નિરૂપતી નથી પણ જીવન માર્ગની નિષ્ફળતા અને સાફલ્યને પચાવવા તરફ અંગુલિનિર્દેશ પણ કરે છે.

લેખિકા પોતે ગાંધી પરિવારની ચોથી પેઢીનાં સભ્ય છે. ગાંધીચીંધ્યા માર્ગે પોતાના પતિ સાથે ગામડામાં આદિવાસીઓ વચ્ચે ધૂણી ધખાવીને કાર્ય કરતાં રહ્યાં છે. એટલે પોતાને મળેલા સંસ્કારવારસા દ્વારા સત્યને જ બોલવા દેવા માટે પોતે અલિપ્ત રહીને સમયને બોલવા દેવા 'અવતરણો'નો જ વધુ ઉપયોગ કર્યો છે, આ પુસ્તિકા દ્વારા સત્યની પ્રતીતિ માટેના પુરુષાર્થ દ્વારા. નવજીવન ટ્રસ્ટે આ પ્રકારની પુસ્તિકાની કિંમત મૂકી છે તે થોડી ઓછી રાખી શકાઈ હોત. - પ્રા. સુરેશ મ. શાહ

*(પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૩૮૦ ૦૧૪. કાચું પૂંઠું, ક્રાઉન, પૃ.૨૬૦, કિં.રૂ.૯૫).

કલાવૃત્ત


ગુજરાતના કલાકાર મિત્રો જોગ જણાવવાનું કે, આપનું કલાપ્રદર્શન ગુજરાત કે ગુજરાત બહાર જ્યાં ભરાય ત્યાંની અત્યંત ટૂંકી માહિતી જો અમને મોકલી આપવામાં આવશે તો આગામી અંકથી શરૂ થનાર 'કલાવૃત્ત' વિભાગમાં તે પ્રકટ કરવામાં આવશે. આ માટે જે તે પ્રદર્શનનું નિમંત્રણકાર્ડ તથા પ્રદર્શનમાંની એકાદ ઉત્તમ કૃતિનો ફોટોગ્રાફ મોકલવાનો રહેશે.

પ્રાપ્ત પ્રકાશનો

પરિચય ટ્રસ્ટ (મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ-૪૦૦૦૦૨)ની વિવિધ પરિચય પુસ્તિકાઓ. દરેક પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭-૯૮, ક્રાઉન, પૃ.૩૨, કાચું પૂઠું, રૂ.પાંચ. (૯૫૮) **પચાસ વર્ષમાં તબીબી પ્રગતિ** : ડૉ. ભાનુ ર. શાહ. (૯૫૯) **ઈન્ટરનેટ શું છે ?** : નીલેશ જાદવ. (૯૬૦) **આર્થિક ચિંતક અમર્ત્ય સેન** : સુકુમાર એમ. ત્રિવેદી.

ગિરવન (દેશાટન-૨)

ગિર એક હરિયાળું વન છે. અમદાવાદથી લગભગ ૪૦૦ કિલોમીટર દૂર જૂનાગઢ




જિલ્લામાં તે આવેલું છે. ૧૪૧૨ ચોરસ કિલોમીટરના ક્ષેત્રફળમાં પથરાયેલા આ વનને સુરક્ષિત જાહેર કરાયેલું છે, અને ગિરના વાઘ-સિંહ 'એશિઅન શેર' એ નામે જાણીતા છે. ભારતમાં 'એશિઅન શેર' ફક્ત ગિરના વનમાં જ જોવા મળે છે.

ગિરનું વન આકર્ષક રંગબેરંગી જીવજન્તુ અને સુંદર પક્ષીઓને માટે વિખ્યાત છે. લગભગ ૩૦૦ વાઘ, ૨૦૦૦થી વધુ નીલગાય, ૧૦૦૦થી વધુ ચિન્કારા, ઉપરાંત વાંદરા, ચિત્તા, અનેક પ્રકારનાં હરણ, જંગલી સુવર તથા અનેક પ્રકારનાં વન્ય પ્રાણીઓનું તે નિવાસ-સ્થાન છે.

ગિરના વનમાં પર્યટન માટે ઑક્ટોબરથી જૂન દરમિયાન જઈ શકાય છે. ચોમાસામાં પર્યટને જઈ શકાતું નથી. વનવિભાગ દ્વારા 'પ્રકૃતિ શિક્ષા શિબિરો' નવેમ્બરથી જાન્યુઆરી દરમિયાન યોજાય છે. આ શિબિરોમાં ભાગ લેનાર પર્યટકો વનમાં સફર કરે છે અને તેમાંના કેટલાક ભાગ્યશાળીઓને વાઘ, સિંહ અગર ચિત્તાનાં દર્શન પણ થાય છે. શહેરના કોલાહલથી દૂર અહીંનું વાતાવરણ પર્યટકોને ચિત્તશાંતિનો અનુભવ કરાવે છે. ગિરની નજીક સાસણનું મગર-ઉછેર ફાર્મ અને સફારી પાર્ક પણ જોવાલાયક છે.

રેલવે તથા સડક માર્ગે ગિરવન જઈ શકાય છે. સાસણ રેલવે સ્ટેશનથી ફક્ત ૧૦ મિનિટના પગરસ્તેથી પહોંચી શકાય છે. અને કેશોદના એરપોર્ટથી પણ તે નજીક છે.

સાસણમાં પર્યટકો માટે અતિથિગૃહ, હોટેલો, વગેરે ઉપલબ્ધ છે. સાસણના વનવિભાગના અધિકારીઓ પણ પર્યટકોને શિબિરો, તંબુ તથા પ્રવાસ માટેનું માર્ગદર્શન પૂરું પાડે છે. ('યોગક્ષેમ'ને આધારે)



જયહાં પ્રેમતત્ત્વની રમે મીઠી ઊર્મિમાલા,
આનન્દ આનન્દ નવજીવન ત્યાં વિકાસે
તે સ્વર્ગજીવન વિશુદ્ધ વિશાલના છે,
સદ્‌ભાવી આત્મનની વિસ્તરતી કલા છે.

- ન્હાનાલાલ

વિશ્વવિખ્યાત સિંચાઈ તજ્જ્ઞ જે.એફ. મિસ્ત્રી

વલસાડ નજીક લીલાપોર ગામે અત્યંત ગરીબ પરિવારમાં તા.૭-૪-૧૯૩૧ના દિને જન્મેલા જયકિશન ફકીરભાઈ મિસ્ત્રી, ગામના રસ્તાની બાજુના વીજળીના થાંભલાની બત્તીના અજવાળે માધ્યમિક શાળાના ગૃહકાર્યનું વાચન કરતા.

૧૯૫૫માં મુંબઈ યુનિવર્સિટીમાંથી ઇજનેરી સ્નાતકની પદવી એમણે પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને મેળવી હતી. તે પણ વળી વિશેષ યોગ્યતાના બબ્બે સુવર્ણચંદ્રકોના સન્માન સાથે. ૧૯૫૬માં બૉમ્બે સર્વિસ કમિશનની પરીક્ષામાં ફતેહ મેળવી જાહેર બાંધકામ વિભાગમાં સીધી ભરતીથી પ્રથમ વર્ગના અધિકારી નિમાયા હતા. ૧૯૮૪થી ગુજરાત રાજ્ય સરકારના જળસંપત્તિ વિભાગના સચિવ તરીકે નિયુક્ત થયા હતા.

તેઓ અત્યંત બાહોશ સિવિલ ઇજનેર છે, એમણે ઇજનેરી ક્ષેત્રે ૧૧૫ જેટલા સંશોધનાત્મક લેખ લખ્યા છે જે ચાર દળદાર ગ્રંથોમાં સંગ્રહીત થયા છે.

વિશ્વના જે દેશોને સિંચાઈ અંગે વધુ જાણકારીની જરૂર હોય તેઓની પૂછપરછને આધારે શ્રી મિસ્ત્રી પોતાના સંશોધનાત્મક નિબંધોની પ્રતો તે દેશોને પહોંચાડે, વિદેશોમાં આ મૂલ્યવાન પ્રતોનો અભ્યાસ થાય છે અને શ્રી મિસ્ત્રીનાં સંશોધનોનો પૂરો લાભ મેળવવા એમને પોતાના દેશના માનદ્ સિંચાઈ સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવે છે. તાજ્જુબની વાત એ છે કે શ્રી મિસ્ત્રી આ નિબંધો થકી દસેક દેશોના માનદ્ સિંચાઈ સલાહકાર થયા છે. જળસંપત્તિનું સંશોધન અને આયોજન, મોટા બંધોની સુરક્ષા જેવા વિષયોના તજ્જ્ઞ તરીકે વિદેશી સરકારે એમને નિમંત્રણ આપ્યાં અને એમણે પોતાના જ્ઞાનનું પ્રદાન કર્યું છે.



'માફ કરજો વરસાદ વરસાવવાનું કામ કુદરતનું છે અમારું નથી, અમારું કામ વરસેલા વરસાદની જળવ્યવસ્થાનું છે.' સિંચાઈની પ્રક્રિયાને સાદી ભાષામાં તેઓ આમ કહી સમજાવે છે. આવું સમજાવનાર શ્રી મિસ્ત્રીને આજ સુધીમાં ૧૪ નાનામોટા એવૉર્ડ્સ મળ્યા છે. જેમ્સ બર્કલી સુવર્ણચંદ્રક, રાવબહાદુર રાજાધ્યક્ષ સુવર્ણચંદ્રક, હરિઓમ આશ્રમ સુવર્ણચંદ્રક, સેન્ટ્રલ બૉર્ડ ઑફ ઇરિગેશન એન્ડ પાવર પ્રમાણિત 'ગોલ્ડન જ્યુબિલી એવોર્ડ', ઇન્સ્ટિટ્યૂશન ઓવ્ એન્જિનીઅર્સ કલકત્તા તરફથી 'પ્રેસિડન્ટ ઓવ્ ઇન્ડિયા' એવોર્ડ,

આઈ.એસ.આઈ. દિલ્હી તરફથી 'ફેલોશિપ' એવૉર્ડ તેમજ બે વર્ષ પહેલાં ખૂબ જ પ્રતિષ્ઠિત એવો રૂસ્કીસ્થિત રાષ્ટ્રિય જળવિજ્ઞાન સંસ્થા તરફથી 'ડૉ.ભરતસિંહ એવૉર્ડ' એનાયત થયો હતો.

૧૯૮૧-૮૨ દરમિયાન તેઓ સેન્ટ્રલ બોર્ડ ઑવ્ ઇરિગેશન એન્ડ પાવરના ઉપ-પ્રમુખ પદે રહ્યા હતા. ૧૯૮૨-૮૫ દરમિયાન ઈન્ટરનેશનલ કમિશન ઑવ્ ઇરિગેશન એન્ડ ડ્રેઈનેજના ઉપ-પ્રમુખ તરીકેનો હોદ્દો સંભાળ્યો હતો.

નિવૃત્તિના નિયમોને આધિન તેઓ ૧૯૮૯માં સેવાકાર્યમાંથી નિવૃત્ત થયા હોવા છતાં, સરદાર સરોવર નર્મદા નિગમના સલાહકાર તરીકે તેમણે ફરજ બજાવી હતી. આજે પણ તેઓ ભારત સરકારની અનેક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે, તેમાં ૧૯૯૬ની સાલ દરમિયાન દેશ માટે સિંચાઈ ક્ષેત્રે નવમી પંચ વર્ષિય યોજનાના ઘડતર માટે નિમાયેલ રાષ્ટ્રિય સ્ટીઅરિંગ ગ્રૂપના ચેરમેન તરીકે ફરજ બજાવી તેને મુખ્ય કાર્ય ગણી શકાય.

નવી પેઢીને નજર સમક્ષ રાખી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં એન્જિનીઅરિંગના પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ માટે વિઝિટિંગ પ્રોફેસર તરીકે તેમણે ફરજ બજાવી હતી.

આપણા દેશનાં આઠ રાજ્યોને બંધ સુરક્ષાનાં કામો માટે વિશ્વબેંકે આર્થિક સહાય કરી છે. આર્થિક સહાય આપતી વખતે વિશ્વબેંકે શરત મૂકી કે બંધ-સુરક્ષાની સાચી સમજ આપવા ભારત સરકારે કાર્યશિબિરો યોજવી. તે શરત મુજબ સરકારે આઠેઆઠ રાજ્યોમાં કાર્યશિબિરો યોજી શ્રી મિસ્ત્રીને નિષ્ણાત પ્રોફેસર તરીકે શિબિરમાં વ્યાખ્યાનો આપવા નિમંત્રણ પાઠવ્યાં અને એમણે આ શિબિરોમાં વિષયોચિત મૂલ્યવાન સંબોધનો કર્યાં.

નોકરીમાંથી ૧૯૮૯માં તેઓ નિવૃત્ત થયા પણ સંશોધન માટેનો આ જીવ સાચા અર્થમાં નિવૃત્ત ન થયો. નોકરીની જવાબદારી વિનાના ખુલ્લા ચિત્તને સંશોધન માટે પૂરી મોકળાશ મળી અને એમણે ૩૫ જેટલા સંશોધનાત્મક લેખો લખ્યા અને તે બધા રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સામયિકોમાં પ્રસિદ્ધ થયા.

વિશ્વની મહાન વિભૂતિ તરીકે જૂજ વ્યક્તિને જે સન્માન મળે છે એવું ૧૯૯૧-૯૨ના વર્ષનું વિશ્વના અત્યંત પ્રભાવશાળી મહાનુભાવનું સન્માન કેમ્બ્રિજ લંડનના ઈન્ટરનેશનલ બાયોગ્રાફિકલ સેન્ટરે શ્રી મિસ્ત્રીને એનાયત કર્યું હતું.

ભક્તિ, ભક્તો અને ભગવાનમાં એમને અતૂટ શ્રદ્ધા છે. ભક્તોની સરળ જીવનરીતિના તેઓ અભ્યાસી છે. વિધેયાત્મક જીવનમાર્ગને અનુસરવાનો બોધ આપતાં એમણે 'ભક્તિનો મારગ' નામનું ગુજરાતીમાં દળદાર પુસ્તક લખ્યું છે.

સરળ માનવીના હૈયાની હૂંફ એમને વહાલી છે. સાચા દિલનો આદમી સામો મળે તો તેને હૈયા સરસો ચાંપવા તેઓ આતુર હોય છે. હૃદયના તેઓ અત્યંત મુલાયમ માણસ છે. - નાથુભાઈ મિસ્ત્રી

લીમડાનો પહેલો નંબર

વેદકાળમાં નીમ્બ, નીમ્બપત્રમ્‌થી ઓળખાતો લીમડો ભારતમાં હજારો વર્ષોથી ભારતીયોનું પ્રિય વૃક્ષ બન્યો છે. ભારતના ખૂણે



ખૂણે એકેએક ભારતીયના પર્યાવરણનું રક્ષણ, કાળઝાળ ગરમીમાં ઠંડક, અનાજસંગ્રાહક, દાંતની જાળવણીમાં કુદરતી જંતુનાશક જેવી અનેક સેવાઓ મૂંગે મોઢે લીમડો આપે છે.

ભારતમાં ઐતિહાસિક કે ધાર્મિક સ્થળોમાં, જાહેર સ્થળોમાં, ખેતરોમાં શેઢે પાળે આદિ તમામ સ્થળોએ લીમડાને પહેલી પસંદગી આપવામાં આવે છે. તેથી જ સ્વતંત્ર ભારતમાં લીમડાને રાષ્ટ્રિય વૃક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યો છે.

ભારત સરકારે ભારતના રાષ્ટ્રિય વૃક્ષ તરીકે લીમડાને જાહેર કર્યો તેને સૌ ભારતીયોએ આવકાર્યો છે.

૧. **વાઘ** એ ભારતનું રાષ્ટ્રિય પ્રાણી છે.
૨. **કમળ** એ ભારતનું રાષ્ટ્રિય ફૂલ છે.
૩. **મોર** એ ભારતનું રાષ્ટ્રિય પક્ષી છે.
૪. **કેરી** એ ભારતનું રાષ્ટ્રિય ફળ છે.
૫. **લીમડો** એ ભારતનું રાષ્ટ્રિય વૃક્ષ જાહેર કરીને લીમડાની માનવજાત માટેની અનેક મૂંગી મૂંગી સેવાઓથી ભારતીયોએ દુનિયાભરમાં લીમડાને વૃક્ષોની દુનિયામાં પહેલો નંબર આપી રાષ્ટ્રિય વૃક્ષ માન્યું છે.

ભારતમાંથી લીમડો વીસમી સદીમાં દુનિયાના અનેક દેશોમાં પહોંચી ગયો છે. દુનિયાના સેંકડો વિજ્ઞાનીઓ આજે લીમડાનાં અનેક સંશોધનો કરી રહ્યા છે. અવારનવાર યોજાતી વિશ્વ લીમડા પરિષદોમાં નિત્ય નવાં સંશોધનો બહાર આવી રહ્યાં છે.

ગુડી પડવો મહારાષ્ટ્રમાં સેંકડો વર્ષથી ઉજવાય છે. ઘેર ઘેર લીમડાના પાનનો રસ પિવાય છે. તેનાં ડાળખાંથી ઘરનું પર્યાવરણ જળવાય છે. આવનાર ચોમાસુ, શિયાળો, ઉનાળામાં મચ્છર જેવા જંતુઓ, તાવતરીયો, મલેરિયાથી લીમડો માનવજાતનું રક્ષણ કરે છે. તેથી રાષ્ટ્રિય લીમડાદિન તરીકે ગુડીપડવો મનાય એવી વિચારણા થઈ રહી છે.

દુનિયાના અનેક પ્રશ્નોને ઉકેલ આપતો લીમડો દુનિયાનો દોસ્ત બન્યો છે. અશોક, અર્જુન, વડ, પીપળો, મહુડો આદિના જેટલા ઉપયોગો જાણવા મળ્યા છે તેના કરતાં અનેકગણા ઉપયોગો લીમડાના શોધાયા છે.

આજે દુનિયામાં આમળાંના ત્રણ, હળદરના અગિયાર, રાઈના સોળ, આમલીના ચોત્રીસ પેટન્ટો નોંધાયા છે. જ્યારે લીમડાના ૬૨ વિશ્વવ્યાપી પેટન્ટ નોંધાયા છે અને તે સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. મે ૧૯૯૯માં કેનેડામાં વિશ્વ લીમડા પરિષદ ભરાવાની છે. લીમડાને વૃક્ષોની દુનિયામાં પહેલો નંબર અપાયો છે. - રાજુભાઈ જંત્રાણીયા

સ્વ. શ્રી યશવંત દોશી

મૂળ ભાવનગરના વતની, શ્રી યશવંતભાઈનો જન્મ ૧૬મી માર્ચ ૧૯૨૦ના રોજ અમદાવાદમાં થયો હતો. લોકશિક્ષણનો



આજીવન ભેખ લીધા છતાં જ્ઞાન કે વિદ્વત્તાનો કોઈ ભાર રાખ્યા વગર હાલતાચાલતા એન્સાઈક્લોપીડિયા જેવા શ્રી યશવંતભાઈ ફૂલચંદ દોશીએ ઉત્તરાયણના શુભ પર્વે જ તા. ૧૪-૧-૧૯૯૯ના રોજ વહેલી પરોઢે લગભગ સવા બે વાગ્યે જીવનલીલા સંકેલી લીધી.

યશવંતભાઈએ ભાવનગરમાં ૧૯૪૯માં શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કર્યા બાદ ૧૯૫૪માં તેઓ મુંબઈની અમેરિકી માહિતી કચેરી 'યુસિસ'ના ગુજરાતી વિભાગના વડા તરીકે જોડાયા. અને ત્યારથી મુંબઈને પોતાની કર્મભૂમિ બનાવી.

'ગ્રંથ' સામયિક અને પરિચય પુસ્તિકાઓના પ્રકાશનથી વધુ જાણીતા યશવંતભાઈએ સાહિત્યગ્રંથોનાં અવલોકનો અને વિવેચન ઉપરાંત અનુવાદક્ષેત્રે પણ મહત્ત્વનું યોગદાન કર્યું છે. ગુજરાતી વાચકવર્ગને જ્ઞાનસમૃદ્ધ કરવા પરિચય ટ્રસ્ટ દ્વારા ૯૬૦ થી વધુ પુસ્તિકાઓનું ૪૦ વર્ષ સુધી એકધારું પ્રકાશન - લગભગ એકલે હાથે થયું હોય એ કદાચ કોઈ પણ ભારતીય ભાષા માટે એક વિક્રમ સમાન હશે. ઉપરાંત પરિચય ટ્રસ્ટના જ સાહિત્ય-સમીક્ષાના સામયિક 'ગ્રંથ'નું તેમણે ૨૦ વર્ષ પર્યંત શ્રેષ્ઠ કહી શકાય એવું સંપાદન કર્યું.

અઠ્યાશીથી નેવ્યાશી ભણીની ગતિ કરતું જીવન જીવનારાઓના જવાનો ઝાઝો ગમ હોય નહીં, પરંતુ યશવંતભાઈ તો પ્રત્યેક પળ અન્યો માટે, સમાજ માટે, ગુજરાતી પ્રજા માટે, ગુજરાતીપણા માટે અને ગુજરાતની તેજસ્વિતા માટે જીવતા હતા એટલે એ નેવું કે સો પૂરાં નહીં કરી શક્યાનો અને પરિચય પુસ્તિકાની શ્રેણી એક હજારે નહીં પહોંચ્યાનો વસવસો પ્રત્યેક ગુજરાતીને રહેવાનો. મુંબઈના 'સમકાલીન' અખબારનું નામકરણ જ એમને આભારી હોવા ઉપરાંત 'સમકાલીન'ના તેજસ્વી લેખકવૃંદમાંની એક શોભાયમાન પ્રતિભા હતા. એ રાત કે દિવસના પ્રહરનો વિચાર કર્યા વિના જ માહિતીની ચોકસાઈ અને 'સાચી જોડણી અઘરી નથી'ની સાર્થકતા માટે યશવંતભાઈ વડીલોથી માંડીને નવયુવાન પત્રકારો - કલમકશો માટે હૂંફાળા માર્ગદર્શક હતા.

પત્રકારત્વ અને સાહિત્યને ક્ષેત્રે એમણે કેટલાંક રતન ઘડ્યાં, નકશીદાર વ્યક્તિત્વોનો વધુ ચળકાટ બક્ષ્યો છતાં કમનસીબી એ રહી કે પરિચય ટ્રસ્ટ અને 'પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ' પ્રકાશન પ્રકલ્પ માટે પોતાના

જેવી સક્ષમ બીજી પેઢી મૂકી જવાનું એમના થકી બન્યું નહીં !

પરિચય પુસ્તિકાઓ લખાવવા કે પ્રકાશન બાબતે એમની ત્રુટિઓ દર્શાવવા જતાં જોવા મળેલા ઇનડિફરન્ટ યશવંતભાઈ અનેકોને કઠ્યા પણ છે. પોતાનો મત અન્યો પર લાદવાની વૃત્તિ નહીં, પરંતુ મહિલા પત્રકારો કે ફિલ્મો વિશેની પરિચય પુસ્તિકાઓમાં જોવા મળતી ત્રુટિઓ દર્શાવનારાઓ ભણી એમની ઉપેક્ષાદૃષ્ટિએ, સૌના આદરપાત્ર વ્યક્તિત્વને થોડીક ઝાંખપ જરૂર લગાડી છે. ભરપૂર અધ્યયન, તુલનાત્મક અભ્યાસ અને ભિન્ન મત દર્શાવતા સંદર્ભગ્રંથો સાથેની એમની પ્રીતિ એમને આજીવન વિદ્યાર્થી તરીકે ઉપસાવનારી હતી. ગાજવીજ, વાદવિવાદ કે સ્ટંટથી પર રહીને પણ એમણે જરૂર પડી ત્યારે ભલભલા બટકબોલાઓને પણ એમની અસલિયતોનો પરિચય 'ગ્રંથ'માં યશવંતભાઈએ કરાવ્યો હતો. 'ગ્રંથ'ને જિવાડવા જેવું અર્થતંત્ર રચવામાં એમની નિષ્ફળતા પછી પરિચય પુસ્તિકાઓની શ્રેણી અખંડ રહે એ માટેની સવિશેષ ખેવના એમણે રાખી હતી અને પુસ્તિકાઓ પ્રાયોજિત કરાવીને પ્રકટ કર્યે રાખી.

પ્રસિદ્ધિપુરુષોત્તમો કે નાટકચેટક સમાં આડાંઅવળાં નિવેદનો કરીને અખબારોમાં પોતાનાં અસ્તિત્વ ટકાવવા માટે શ્વાન-લાળ ટપકાવતી વ્યક્તિત્વોની પ્રકૃતિથી યશવંતભાઈ જોજનો દૂર રહ્યા. કેટલું લાંબું જીવ્યા એ મહત્ત્વનું નથી, એમણે પ્રત્યેક ક્ષણ સાર્થક જીવવાનુ પસંદ કર્યું. છેલ્લે છેલ્લે તેઓ જોડણીની ચોકસાઈની જીદ છોડતા ગયા ત્યારે એમનું વ્યક્તિત્વ અને વિદ્વત્તા કેમ સંકોરતા હશે એવો પ્રશ્ન જરૂર ઊઠતો, પરંતુ, એમણે એ સંદર્ભે ખુલાસાઓમાં વખત બગાડવાને બદલે સમાજોપયોગી શબ્દસેવામાં જ સમય વિતાવવાનું પસંદ કર્યું.

શ્રી રઘુવીર ચૌધરીએ તેમના માટે લખ્યું છે : 'શ્રી યશવંત દોશી એટલે નવી પેઢીની વિલક્ષણતાનો બચાવ કરનારા ગાંધીયુગના વિવેચક-સંપાદક'. આવી વ્યક્તિની વિદાય એ દરેક પેઢીના લોકો માટે વસમી જ નીવડવાની. (સંકલિત)

STATEMENT

STATEMENT of ownership and other particulers about the newspaper 'Kumar' as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of publication.	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication.	Monthly
3. Printer's Name & Nationality Address	Ramesh Desai, Desai Offset, 46, Shivshakti Estate, Narol, Ahmedabad-380005
4. Publisher's Name & Nationality Address	Dhiru Parikh (For Kumar Karyalaya Ltd.) Indian, 1454 Raipur Ahmedabad-1
5. Editor's Name & Nationality Address	Dhiru Parikh, Indian 1454 Raipur, Ahmedabad-1
6. Names and addresses of individuals who own the newspaper and are partners or share holders holding more than one per cent of the total capital.	(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasad Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kushmben Champaklal Banker Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Najibhai Chinbhai, Shanti Kunj. Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Rawal,

C/o Raval Bros. 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation Bombay-1 (11) Jadavlaxmi R. Kamani And Poonamchand R. Kamani, Kanani Chember, Bombay-1 (12) Bai Triveni, Widow of Pranjivan, K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (14) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Socie, Ahmedabad-6 (16) Mrs. Rashmibala D. Traivedi & Smt. Savita Prabhudhas Patwari k. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (17) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 46 Parimal Society, Ahmedabad-6 (18) Girdharlal Damodardas, 'preranna', Ambavadi, Ellis Bridage, Ahmedabad-6 (19) Janardan Pranshanker Raval, Maheshanker Bhuvan, Takhteshvar, Bhavnagar (20) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Mannu Appartments, Near Bhatt Meßiõ_ada chhartalaya, mithakhali Char Rasta, Ellis Bridge, Ahmedabad-6 (22) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (23) Hiralal Harilal Bhagwati, 169 New cloth Market, Ahmedabad-2 (24) Biharilal Popatlal Shah, Jagabhai Park, Lala Lajapatray Road, Maninagar, Ahmedabad-2 (25) Vyomeshchandra R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (26) Kirankumar R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (27) Hitenkumar B. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (28) Bhuvnesh M. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (30) Nikhilish M. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (31) Shri Bhalchandra Ratilal Shah, ABC Nursery Compound, Near Nagri Hospital, Ellis Bridge, Ahmedabad-6

I, Dhiru Parikh, Hereby declare that the pariculars given above are true to the best of my knowledge and belief. Dated this 28th day of Feb. 1999

Sd. / Dhiru Parikh, Publisher

વ્હાલી બાબાં સહન કરવું એય છે એક લ્હાણું,
મ્હાણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાણું.
— કલાપી

મુંબઈમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાં મહાદેવભાઈ દેસાઈ અને વૈકુંઠભાઈ મહેતા સહપાઠીઓ. મહાદેવભાઈ મધ્યમ વર્ગમાંથી આવે અને શિષ્યવૃત્તિ મેળવવાની આશા સેવતા. બન્યું એવું કે ત્યારની ઈન્ટરમીડિએટ પરીક્ષામાં મહાદેવભાઈ કરતાં વૈકુંઠભાઈને થોડા ગુણ વધારે મળ્યા અને શિષ્યવૃત્તિ એમને ફાળે ગઈ. મહાદેવભાઈને શિષ્યવૃત્તિની ખરેખરી જરૂરિયાત હતી. વૈકુંઠભાઈ આ પામી ગયા ને એમણે પોતાને મળતી શિષ્યવૃત્તિ પરનો પોતાનો દાવો જતો કર્યો. તે વખતના કૉલેજના મુખપત્ર 'એલ્ફિન્સ્ટોનિયન'માં આ સંદર્ભે આવું લખાણ પ્રકટ થયેલું, 'બીજા લાયક અને વધુ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓની તરફેણમાં પોતાની શિષ્ય- વૃત્તિઓને જતી કરવામાં કુ. પટેલે અને મિ. વી.એલ. મહેતાએ એક સારો વખાણવા લાયક દાખલો બેસાડ્યો છે.'

*

વિશ્વનો સૌથી ઊંચો ઇન્સાન મોહમ્મદ આલમ ચાવા પાકિસ્તાનનો છે અને તેની ઊંચાઈ ૭ ફુટ અને સવા સાત ઈંચ છે ! જ્યારે ભારતનો સૌથી ઊંચો ઇન્સાન પંજાબના સંગફર જિલ્લાના લાલોકે નામના ગામનો બલવીરસિંહ છે અને તેની ઊંચાઈ સાતફુટ ને બે ઈંચ છે!

*

એરિક્સન મોબાઈલ ફોન કંપનીએ એક સર્વેક્ષણ કર્યું છે તે અનુસાર ૨૦મી સદીના અંતે દુનિયામાં ૫૦ કરોડ લોકો મોબાઈલ ફોન ધરાવતા હશે અને એમાંના ૪૦ ટકા લોકો તો એશિયામાં હશે !

*

જાણો છો કે, જપાનમાં માત્ર શાહી પરિવારનાં લોકોને જ કથ્થાઈ રંગની મોટર ચલાવવાની પરવાનગી છે ?

*

અરીસા પરના ડાઘ કાઢવા માટે છાપાના કાગળને ભીનો કરી તેના પર જરા ટૂથપેસ્ટ લગાડી તે કાગળ ખૂબ ઘસવો.

*

બે ચમચી ગળોના રસમાં બે ચમચી તુલસીનો રસ મેળવીને સવાર-સાંજ પીવાથી શરદીને કારણે થતો મંદજ્વર મટી શકે છે.



'અમારા માટે પ્રસૂતિગૃહો બાંધવા બદલ આપના આભારી છીએ.' - માદા એનોફીલીસ મચ્છર

હું વધુ કલાક કામ કરવામાં માનું છું, સખત મહેનત કરવામાં માનું છું. કોઈ માણસ કામ કરવાને કારણે ભાંગી પડતો નથી; તે ભાંગી પડે છે ચિંતા અને ઉડાઉપણાને કારણે.

(ચાર્લ્સ હ્યુજિસ)

વાસણમાંથી કે કેરોસીન કેનમાંથી કેરોસીનની દુર્ગંધ કાઢવા બાફેલા બટાટાના પાણીનો ઉપયોગ કરવો.

*

માડાગાસ્કરમાં એક નાળિયેરીનાં પાંદડાં આકારના ઝાડને જળવૃક્ષ કહે છે. જે મુસાફર આને જાણે છે તે તેની પાસે જઈને તરસ છીપાવે છે. આ ઝાડ કેળના આકારનું વધુમાં વધુ ૨૫ ફૂટ ઊંચું હોય છે. એનાં પાંદડાં ખૂબ જ પહોળાં અને પંખાના આકારનાં હોય છે. એના થડમાં એક છેદ કરતાં પાણી નીકળવા લાગે છે. એના દરેક પાંદડાને છેડે એક કપ બાંધ્યો હોય તો તેમાં ૧૫૦ ગ્રામ જેટલું પાણી એકઠું થાય છે.

*

જાહેર લિલામમાંથી એક માણસે ખાસી રસાકસી બાદ પોપટ ખરીદ્યો.

'આ પોપટ બોલી તો શકે છે ને?' ખરીદનારે પ્રશ્ન પૂછ્યો.


'બોલી શું છેલ્લા અડધા કલાકથી તમારી સામે એ જ ભાવ બોલતો હતો!'



કલાકણિકા : કાંસામાંથી બનાવેલી રાજસ્થાની ધૂપદાની, જેને પૈડાંને કારણે ખસેડી શકાય તેવી બનાવવામાં આવી છે. તેની ઊંચાઈ ૪$\frac{૩}{૮}$ ઈંચ છે.

બહુ જ સરળ ને કદાચ ઠીક ઠીક જાણીતો આ પ્રયોગ છે. જાદુગર પ્રેક્ષક પાસેથી એકાદ દીવાસળી માગે છે. બદલાવી ન લેવાય એટલા સારુ પ્રેક્ષકને એના પર કંઈ પણ નિશાની કરી લેવાનું પણ એ સૂચવે છે. પછી જાદુગર ખિસ્સામાંથી પોતાનો હાથરૂમાલ કાઢી એના છેડા પકડીને પ્રેક્ષકો સામે ઝાપટીને બતાવે છે કે એમાં કંઈ ઘાલમેલ કરેલી નથી. હવે એક હાથમાં દીવાસળી પકડી એ અદાથી એના પર પેલો રૂમાલ ઢાંકે છે ને પછી એ બહારથી જ દીવાસળી પકડી પેલો હાથ પણ રૂમાલ તળેથી કાઢી લઈને બંને હાથે પેલી (આકૃતિ ૧) દીવાસળી પકડી કોઈ એક પ્રેક્ષકને બોલાવે છે અને દીવાસળીને ભાંગી નાખવા કહે છે. ઇચ્છા હોય તો બીજો કોઈ પ્રેક્ષક બહારથી જ હાથ ફેરવીને દીવાસળી ભાંગી ગયાની ખાતરી કરી શકે છે. ને પછી જાદુગર પોતાની ઇલમકી લાકડી ફેરવીને રૂમાલ ખોલે છે તો અંદરથી નિશાની કરેલી દીવાસળી એમ ને એમ ભાંગ્યા વિનાની આખી નીકળે છે.





રહસ્ય : રૂમાલની ચારે તરફ જે કિનારી વાળેલી હોય છે એના છેડા ખુલ્લા જ હોય છે. એ વાળેલી કિનારીમાં અગાઉથી જ એક દીવાસળી મૂકી રાખી હોય છે. (આકૃતિ ૨) નિશાનીવાળી દીવાસળીને જાદુગર રૂમાલ સાથે પકડે ત્યારે એ દીવાસળીને તો સહેજ બાજુ પર રાખી, પેલી કિનારીમાં ભેરવેલી દીવાસળીવાળો ભાગ જ એ રૂમાલની મધ્યમાં લાવીને પકડે છે. પ્રેક્ષક તોડી નાખે છે તે દીવાસળી પણ આ, કિનારીની અંદર છુપાવી રાખેલી દીવાસળી જ. અસલ દીવાસળી તો બાજુ પર રહી જવાથી અખંડ જ હોય છે, જે છેલ્લે જાદુગર પાછી કાઢી બતાવે છે.

['કુમાર' વર્ષ ૪૧, સળંગ અંક ૪૮૮, ઓગસ્ટ ૧૯૬૪માંથી ઉદ્ધૃત]